વર્ષ : ૫૦ ❖ અંક : ૦૯
સપ્ટેમ્બર-૨૦૨૬

Retail Price Rs. 15/- Each

દિવ્યધ્વનિ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૪૨૬. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

પૂ. આચાર્યશ્રી ચંદ્રગુપ્તજીના સંઘમાં સત્સંગ વેળાએ

શ્રી રાજ-સોભાગ આશ્રમ, સાયલાની મુલાકાત

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ

સ્વાતંત્ર્યપર્વ વેળાએ (મોદી સ્કૂલ, જામનગર)

-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

શ્રી રાજેશ મુકુંદભાઈ સોનેજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા - ૩૮૨ ૪૨૬

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

ભારતમાં

ત્રિવાર્ષિક રૂ. ૧૦૦૦

પાંચ વર્ષ રૂ. ૧૫૦૦

પરદેશમાં

ત્રિ-વાર્ષિક : $-120 / £-100

પાંચ વર્ષ માટે : $-170 / £-150

આજીવન લવાજમ પ્રથા પોસ્ટના નવા નિયમો મુજબ નાબૂદ કરેલ છે.

દિવ્યધ્વનિ

અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .... શ્રીમદ્ રાજચંદ્રજી ૫
(૨) મહાત્માના લક્ષણો ... પૂજ્યશ્રી આત્માનંદજી ... ૬
(૩) શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર .... બા.બ્ર.પૂ.શ્રી સુરેશજી...... ૯
(૪) જીવો અને જીવવા દો .. પૂ. આર્યિકા જિનરાજશ્રી માતાજી . ૧૩
(૫) શક્તિતઃ તપ ભાવના ..... બા.બ્ર.કપિલભૈયા ૧૫
(૬) પ્રાણશક્તિની ચોરી થઇ .... પૂ. સમણ શ્રુતપ્રજ્ઞજી...... ૧૯
(૭) પરમનો સ્પર્શ .....પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ... ૨૧
(૮) સમાધિતંત્રનું અમૃતરસપાન ... પ્રા. ચંદાબહેન પંચાલી ૨૩
(૯) 'જ્ઞાનસાર' શાસ્ત્રનું .... રમેશભાઈ કાંતિલાલ ખંધાર ૨૬
(૧૦) ભગવાન નેમિનાથ .... બા.બ્ર.બિન્દુદીદી ૨૯
(૧૧) સાંપ્રત સમયમાં જૈનદર્શનની .. શ્રી પારુલબેન ગાંધી..... ૩૧
(૧૨) બાળવિભાગ ..... મિતેશભાઈ એ. શાહ ... ૩૬
(૧૩) સમાજ-સંસ્થા દર્શન ૩૮

વર્ષ : ૫૦ સપ્ટેમ્બર - ૨૦૨૬ અંક-૦૮

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા – ૩૮૨ ૪૨૬ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટસ)

૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત

Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra

Name of Bank : HDFC Bank Ltd.

Branch : Sughad, Gandhinagar - 382426.

A/c. No. : 50200070731240 • **IFSC Code :** HDFC0003067

BANK DETAILS FOR FOREIGN DONORS

IN FAVOUR OF : SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

NAME of BANK : STATE BANK OF INDIA

BRANCH : NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

A/C NO. : 40102524216

SWIFT CODE : SBININBBA104

INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2026-2027

INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192

લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

ગ્રાહકોને નમ્ર વિનંતી

આપના હાલના મોબાઈલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

મો.નં. ૯૪૨૮૬૬૨૩૭૬,

વોટ્સએપ નં. ૯૪૨૮૬૬૨૩૮૬

: મુદ્રણસ્થાન :

ભગવતી ઑફસેટ

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩

પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આ દુનિયામાં કોની આશા,
રાખવી મારે હે પ્રભુ !
કોના ભરોસે જીવન મારું,
જીવવું મારે હે પ્રભુ !
‘પારકી આશ સદા નિરાશ’
કહેતા લોકો હે પ્રભુ !
આશા વિનાનું જીવન કેવું ?
કહે હવે તું હે પ્રભુ !
દેનારો તું દાતાર છે,
આશા પૂરજે હે પ્રભુ !
માગું એવું હૈયું હું તો,
તારી પાસે હે પ્રભુ !
પરના દુઃખથી દુઃખી બનીને,
વહાવું આંસુ હે પ્રભુ !
વળી હું માગું તારી પાસે,
દૃષ્ટિ એવી હે પ્રભુ !
ગુણગ્રાહી ને ગુણીજનોને,
ઓળખનારી હે પ્રભુ !
માગું તારી પાસે આજે,
વાણી એવી હે પ્રભુ !
કટુવચનને સાંભળીને હું,
બોલું મીઠું હે પ્રભુ !
માગું તારી પાસે આજે,
એવું હું તો હે પ્રભુ !
ભક્તિ અને સેવાની શક્તિ,
આપજે મુજને હે પ્રભુ !
માગ્યું તારી પાસે આજે,
મન મૂકીને હે પ્રભુ !
આશા મારી તારા વિના
કોણ પૂરશે હે પ્રભુ !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી સદ્‌ગુરુપ્રસાદ

શ્રીમદ્ રાજચંદ્રજી

પત્રાંક-૩૭૪

મુંબઈ, વૈશાખ, ૧૯૪૮



"ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઈચ્છા કરવી યોગ્ય નથી."

ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે, વિષમપરિણામે વેદવા યોગ્ય નથી.

તમારી આજીવિકા સંબંધી સ્થિતિ ઘણા વખત થયાં જાણવામાં છે; એ પૂર્વકર્મનો યોગ છે. યથાર્થ જ્ઞાન જેમને છે એવો પુરુષ અન્યથા આચરે નહીં; માટે તમે જે આકુળતાને લઈ ઈચ્છા જણાવી, તે નિવૃત્ત કરવા યોગ્ય છે.

જ્ઞાની પાસે સાંસારિક વૈભવ હોય તોપણ મુમુક્ષુએ કોઈપણ પ્રકારે તે ઈચ્છવો યોગ્ય નથી. ઘણું કરી જ્ઞાની પાસે તેવો વૈભવ હોય છે, તો તે મુમુક્ષુની વિપત્તિ ટાળવા માટે ઉપયોગી થાય છે. પારમાર્થિક વૈભવથી જ્ઞાની, મુમુક્ષુને સાંસારિક ફળ આપવાનું ઈચ્છે નહીં; કારણ કે અકર્ત્તવ્ય તે જ્ઞાની કરે નહીં.

ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે એમ અમે જાણીએ છીએ, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્ત્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે.

હાલ તો અમારી પાસે એવું કોઈ સાંસારિક સાધન નથી કે તમને તે વાટે ધીરજનું કારણ થઈએ, પણ તેવો પ્રસંગ લક્ષમાં રહે છે; બાકી બીજાં પ્રયત્ન તો કર્ત્તવ્ય નથી.

કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે, તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ-પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.

ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મરણ હોય છે. અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે; માટે તે આપત્તિ આવે નહીં, એટલું જ વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે. યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે. એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી. લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તોપણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તોપણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે.

સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં.

પત્રાંક-૨૯૨

વવાણિયા, આસો વદ ૧૨, ૧૯૪૭

કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.

આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે. જીવને પોતાની ઈચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે, માટે ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.

મહાત્માના લક્ષણો

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી

આપણે જેમ જેમ સમજણા થઈએ છીએ તેમ તેમ મનમાં એવું વિચાર્યા કરીએ છીએ કે હું વધારે સારો કઈ રીતે બનું ? કયા ગુણો કેળવું ?

પરમકૃપાળુદેવ આ માટે પત્રાંક-૨૧ ના ૧૭માં મુદ્દામાં જણાવે છે,

"મહાત્મા થવું હોય તો ઉપકાર - બુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્‌શાસ્ત્રોનું મનન કરો; ઊંચી શ્રેણીમાં લક્ષ રાખો."

મહાત્મા એટલે મહાન આત્મા. અહીંયા આધ્યાત્મિક અર્થમાં મહાન આત્મા. જે ઉત્તમ મુમુક્ષુ હોય તો પણ, મહાત્મા-જ્ઞાની હોય તો તે પણ, ત્યાગી, સમ્યક્‌દૃષ્ટિ હોય તો એ વિશેષ ધર્માત્મા. એથી આગળ જો હોય તો તે મહામુનિશ્વર! અત્યારે વર્તમાનકાળની અપેક્ષાએ વાત કરીએ છીએ. આધ્યાત્મિક વિકાસ કરવો હોય અને આત્માની શાંતિ જોઈતી હોય તો શું કરવું ?

પહેલો મુદ્દો મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો. મહાત્મા ગાંધીજીએ જે પદ-કાવ્યને વિશ્વપ્રસિદ્ધ બનાવ્યું, દુનિયાની બધી ભાષામાં તેનું ભાષાંતર થયું - ફ્રેન્ચ, ઈટાલિયન, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી વગેરેમાં. એ કાવ્ય 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' - ઉપકારબુદ્ધિ રાખવાથી મહાત્મા થવામાં કઈ કઈ રીતે આપણને મદદ મળે?

સદ્‌ગુણો વિકસે તથા મૈત્રી અને કરુણાના ભાવોનો આપણા જીવનમાં પ્રાયોગિક સ્તરે વિકાસ થાય.

"સૌ પ્રાણી આ સંસારનાં સન્મિત્ર મુજ વ્હાલાં,
થજો, સદ્‌ગુણમાં આનંદ માનું મિત્ર કે વેરી હજો."

- શ્રી અમિતગતિ સામાયિક પાઠ.

"ખામેમિ સવ્વ જીવે,
સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી ને સવ્વભૂએસુ,
વેરં મજઝં ન કેણઈ."-

આવું બોલવાની સાથે આપણને આવું 'ફીલ' પણ થવું જોઈએ, પ્રયોગ કરવાનો છે.

મૈત્રી અને કરુણાનો વિચાર કરવા માટે આધ્યાત્મિક દૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિ લાવવી. ઉપકારબુદ્ધિ ક્યારે કરી શકીએ? અંતરમાં કરુણા હોય તો, મૈત્રીભાવ હોય તો, મૈત્રીભાવ ક્યારે લાવી શકાય?

'હું છું આત્મા, તું છે આત્મા, આપણે બધા આત્મા.' આવો પ્રયોગ શ્રી કુંદકુંદસ્વામી કરે છે અને તેમ કરતાં કરતાં સાતમા ગુણસ્થાનમાં જતાં રહે છે. તેમને સતત મૈત્રીભાવ, અહિંસા મહાવ્રત છે.

"સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં,
આશા ખરેખર છોડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની."

જગત આત્મરૂપ માનવાથી મૈત્રીભાવ, કરુણાભાવનો વિકાસ થાય અને તે પ્રમાણે વર્તવાથી અહંકાર ઘટે છે. ધીમે ધીમે નાશ પામે છે. વિનયગુણ વિના સેવા કરી શકાતી નથી.

"પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે" સત્‌કાર્ય કર્યું પણ કર્તાબુદ્ધિથી ન કર્યું તો આત્મા નિર્મળ બને છે.

"ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ,
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ."

- આ.સિ.ગાથા નં. - ૭૮

શ્રી ગણેશપ્રસાદ વર્ણીજીએ આખું જીવન સેવા માટે સમર્પિત કર્યું. જ્યાં જાય ત્યાં ધર્મશાળામાં રહે ત્યાં આગળ સમાજના માણસોને બોલાવીને પૂછે કે તમારે અહીં જ્ઞાનશાળા ચાલે છે ? 'ના, સાહેબ અહીંયા નથી ચાલતી.' તો કહે કે આવતીકાલથી જ્ઞાનશાળા ચાલુ કરવાની છે. જગ્યા ના મળે તો મંદિરમાં, ઓરડામાં. આમ, તેમણે પોતાનું આખું

જીવન જ્ઞાન અને સેવામાં ગાળ્યું. ઊંઘમાં પણ આખી 'આત્મખ્યાતિ' તેમના મોઢે સાંભળવા મળે ! આવું જ્ઞાનપ્રધાન તેમનું વ્યક્તિત્વ હતું. જગતના જીવોને આત્મા અને અનાત્માનો વિવેક થાય, જડચેતનનો વિવેક થાય, ભગવાનના કહેલા તત્ત્વને સમજે એવી ઉત્તમ ભાવના તેમના હૃદયમાં રહેતી. અત્યારે બુંદેલખંડમાં જૈનધર્મનો વિશેષ પ્રભાવ દેખાય છે તેનું મૂળ આજથી ૧૦૦ વર્ષ પહેલા તેમણે જે નાના ગામડામાં કામ કર્યું હતું તે છે. ઉપકારબુદ્ધિ રાખો. How can I help you? વ્યવહારમાં પણ આ વસ્તુ જરૂરી છે. આપણે સૌને ઉપયોગી થવાનો ભાવ રાખવો. મનુષ્યભવ પામી માત્ર સ્વાર્થ, અર્થ, કામ રૂપી પુરુષાર્થની મુખ્યતાવાળું જેનું જીવન હોય તે મહાત્મા બની શકે નહીં. મારે સીટી હોન્ડા, ઓપેલ એવી મોટી ગાડી જોઈએ, બે-ચાર નહીં પણ દસ બાર લાખના બંગલા જોઈએ એટલે કે આપણને સંતોષ છે નહીં, એટલે કે મન, ઇન્દ્રિયો પર કાબૂ નથી અને મહાત્મા થવાની પૂર્વશરત છે -

"સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા,
બિના ખેદ જો કરતે હૈ;
ઐસે જ્ઞાની સાધુ જગત કે,
દુઃખ સમૂહ કો હરતે હૈ."

"તરુવર, સરવર, સંતજન, ચોથા વરસે મેહ,
પરમાર્થ કે કારણે ચારો ધરીયા દેહ."

તરુવરની નીચે વિશ્રાંતિ લઈએ તો ભાડું માંગતા નથી.

"હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે."

છઠ્ઠા ગુણસ્થાન સુધી ઉપકારબુદ્ધિ રહે છે. સાતમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ આનંદની સમાધિ રહે છે.

★ સત્પુરુષના સમાગમમાં રહો.

મહાભાગ્યવાન, વિચારક, વિવેકી હોય તેને જ સત્સમાગમ મળે. સત્સમાગમમાં બેસવાથી સત્સમાગમ નથી થતો પણ તેને સેવવો પડે છે. તેના બોધ પ્રમાણે વર્તવું પડે છે. સમાગમ એટલે સમ+આ+ગમ ત્રણ શબ્દ છે. ગમ શબ્દના બે અર્થ. ગમ એટલે જવું. બીજો અર્થ ગમ એટલે જાણવું. અહીંયા બીજો અર્થ કરવાનો છે. સત્સમાગમમાં જવું અને સત્સમાગમમાં જે સંતો કહે છે તે જાણવું અને માનવું. જાણ્યું અને માન્યું ક્યારે કહેવાય ? જ્યારે જીવનમાં અંશે પણ ઉતારે તો. આપણા મનમાં-અંતરમાં કલેક્ટર છું, કમિશ્નર છું, મને આટલા શાસ્ત્રો મોઢે છે-આવા અભિમાનના ભાવ ચાલ્યા કરતા હોય છે. સત્સમાગમની ઉપાસના વિરલા પુરુષો કરી શકે. પત્રાંક - ૧૫૪ માં કૃપાળુ દેવ કહે છે,

"બીજાં સાધન બહુ કર્યા, કરી કલ્પના આપ;
અથવા અસદ્ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.
પૂર્વ પૂણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ;
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ."

હું સત્સમાગમ કરવા ગયો હતો એમ નથી કહેતા, 'નિત્ય કર્યો સત્સંગ મેં' કાળની અપેક્ષાએ, ક્ષેત્રની અપેક્ષાએ, ઉપયોગની અપેક્ષાએ કરવા કહે છે. એક લક્ષથી કરવા કહે છે. આપણે સત્સંગમાં બેઠા હોઈએ અને વિચાર બીજા ચાલતા હોય તો આપણે લક્ષ ના રાખ્યો, સત્સંગ કર્યો ને ભાવ ન રાખ્યો, તો કામ ના થાય. માટે 'નિત્ય કર્યો' Continuous Present tense. Keep it up. સત્પુરુષનો સમાગમ કરો એમ નથી કહેતા સત્પુરુષના સમાગમમાં રહો. જે સત્પુરુષના સમાગમમાં રહે તેને શું થાય ? કૃપાળુદેવ વચનામૃત - આંક ૫૬૯ માં કહે છે.

"જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે. કોઈપણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદ જાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી." સત્પુરુષનો સમાગમ, ઉપાસના કરે તો તેનું વ્યક્તિત્વ transform થાય છે જે સંસારી અજ્ઞાની જીવ હીનસત્ત્વ થયો છે તે દૂર થાય છે. આપણે દિવાળીમાં, ઉનાળાના વેકેશનમાં વર્ષમાં બે વાર ૨૦ દિવસ સત્સંગમાં જવું જોઇએ.

★ આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો :-

આહાર, વિહાર પછી આદિ શબ્દ મૂક્યો

છે. આદિ એટલે જીવનના બધા કાર્યમાં. શ્રી સંતબાલજી કહેતાં,

"ખાવું, પીવું, હરવું, ફરવું, સૂવું, જાગવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં, પાપ-વિકારોથી ડરવું;
છતાં થાય ગફલત જે કંઈ તે, ક્ષમા માંગી હળવા થઈએ,
સર્વક્ષેત્રમાં રહીએ તો પણ, આત્મભાન નવ વીસરીએ."

આપણે બે કલાક સાધના કરીએ અને બાકીનો સમય વિરાધના ! તેમ નહીં, ક્ષણે-ક્ષણે, કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે લક્ષ રાખવાનો છે.

"ઘડી ઘડી પલ પલ સદા,
  પ્રભુ સુમિરન કો ચાવ;
નરભવ સફલો જો કરે,
  દાન શીલ તપ ભાવ."

ઘણા મેણા-ટોણા સહન કરવાની તૈયારી રાખીએ તો સંત બની શકાય. લોક પ્રતિબંધ, સ્વજન પ્રતિબંધ, દેહાદિ પ્રતિબંધ, સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ ઘટાડો. બે શબ્દ અલુબ્ધ-કષાયની ઉપશાંતતા અને નિયમિત એમ કહેતા ચારિત્રનો વિકાસ-કર્તવ્યની નિયમિતતા સૂચવે છે. નિયમિતતા એ સાધકના જીવનનો અત્યંત અગત્યનો ગુણ છે. જે સમયે જે કરવાનું હોય તે કરવું જ તેનું નામ ચારિત્ર. નિયમિતતા એ સાધનાનું સાતત્ય છે. આપણી સાધનાનો ગ્રાફ અનિયમિત છે. જ્ઞાનીની સાધનાનો ગ્રાફ ધીમે ધીમે પણ સતત ઊંચો જતો હોય છે. gentle but continuos rise. સમ્યગ્દર્શન પ્રગટ થતાં એ વિશેષપણે ઊંચો જાય છે. ટેકનીકલ ભાષામાં જે ક્ષણથી નિશ્ચય આત્મજ્ઞાન પ્રગટે તે ક્ષણથી જીવને ગુણશ્રેણી નિર્જરા થાય છે. કવયિત્રી મીરાંબાઈ એને જરા બીજી રીતે કહે છે.

"ખરચેં ન ખૂટે, વાકો ચોર ન લૂંટે,
  દિનદિન બઢત સવાયો;
પાયોજી મૈંને રામ-રતન-ધન પાયો."

★ સત્શાસ્ત્રનું મનન કરો અને ઊંચી શ્રેણીમાં લક્ષ રાખો :-

Keeping high goal in life. Life of great man all remind us to make our life sublime. દરેક વસ્તુમાં સંતોષ રાખો પણ આધ્યાત્મિક progress માં અસંતોષ-હજુ મારે વધારે કલાક સાધનામાં ગાળવા છે. હજુ મારે વધારે નિયમો લેવા છે. મનુષ્ય ધર્માત્મા થાય, સમ્યગ્દર્શન પ્રગટ કરે અને શ્રાવકના નિયમો પાળે, એક પછી એક પ્રતિમાઓ ધારણ કરે, ઊંચી શ્રેણીએ ચઢે. કૃપાળુદેવ મોક્ષમાળા શિક્ષાપાઠ-૪૫ સામાન્ય મનોરથમાં કહે છે,

"દ્વાદશ વ્રત અને દીનતા ધરી,
  સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
  નિત્ય અખંડ રહો ભવહારી."

કૃપાળુદેવ પત્રાંક-૨૧૩ માં જણાવે છે કે,

"એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ, સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ." સત્શાસ્ત્ર એ તો ગંગા જેવા છે. ગંગા ક્યાંથી આવી ? ગંગોત્રીમાંથી એમ તત્વાર્થસૂત્ર ક્યાંથી આવ્યું ? ઉમાસ્વામીમાંથી, સમયસાર ક્યાંથી આવ્યો ? આચાર્ય શ્રી કુંદકુંદ સ્વામીમાંથી, સમાધિશતક ક્યાંથી આવ્યું ? પૂજ્યપાદ નામના મહાન સંતમાંથી. આત્મસિદ્ધિ શાસ્ત્ર કૃપાળુદેવના હૃદયકમળમાંથી. સત્દેવ, સદ્ગુરુ અને તેમની વાણી ત્રણેય પૂજ્ય છે. સદૈવ તેઓ આપણા માથા ઉપર રહે, આપણા હૃદયમાં રહે તેવી પરમાત્માને પ્રાર્થના.

"આપકે ચરણકમલમેં મેરા મસ્તક, આપકે ચરણકમલ મેરે હૃદયકમલ મેં અખંડપણે સંસ્થાપિત રહેં, સંસ્થાપિત રહેં; સત્પુરુષોંકા સત્સ્વરૂપ મેરે ચિત્તસ્મૃતિકે પટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત જયવંત રહેં, જયવંત રહેં."

આપણે શાસ્ત્રોની પૂજા કરીએ, ગુરુની અને ભગવાનની પૂજા કરીએ. આમ, મહાત્મા થવું હોય તો આટલા ગુણો જરૂરી છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

■■■

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

ગ્રંથકર્તા : પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી (ક્રમાંક-૨૫)

ટીકા : આત્મપ્રબોધિની ટીકાકાર :બા.બ્ર.પૂ.શ્રી.સુરેશજી

ઉત્થાનિકા :- હવે શ્રીગુરુ દેહ અને આત્માના ભિન્નત્વને દૃષ્ટાંત દ્વારા પ્રરૂપિત કરે છે :-

ગાથા-૫૦

મૂળ ગાથા

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન ;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન ॥૫૦॥

હિન્દીગાથા

भासे देहाध्यास से, आत्मा देह समान ;
पर वे दोनों भिन्न है, जैसे असि और म्यान ॥५०॥

ગાથાર્થ :- અજ્ઞાનથી ઉત્પન્ન દેહાધ્યાસના કારણે આત્મા દેહ સમાન ભાસે છે, પરંતુ જેમ તલવાર મ્યાનમાં રહેવાથી મ્યાન જેવી દેખાવા છતાં પણ મ્યાનથી અત્યંત ભિન્ન જ્ઞાનમાં જણાય છે તે પ્રમાણે આત્મા અને દેહ ભિન્ન છે એમ જાણવું જોઈએ.

આત્મપ્રબોધિની

શિષ્ય :- કઈ રીતે દેહ અને આત્મા અલગ અલગ છે?

શ્રીગુરુ :- અસિ (તલવાર) અને મ્યાન (જેમાં તલવાર રાખવામાં આવે છે) ની જેમ દેહ અને આત્મા અલગ અલગ છે.

શિષ્ય :- દેહ અને આત્માને ભિન્ન દર્શાવવા માટે શ્રીગુરુએ અસિ તથા મ્યાનનું દૃષ્ટાંત કેમ આપ્યું?

શ્રીગુરુ :- દેહ અને આત્માનું અત્યંત ભિન્નપણું બતાવવા માટે આ દૃષ્ટાંત આપ્યું છે. જેમ તલવાર અને મ્યાનનો બાહ્ય આકાર એક જેવો છે છતાં પણ બન્નેના પ્રદેશો અને સ્વભાવ અત્યંત અલગ છે. તલવારના પ્રદેશો લોહરૂપ છે અને મ્યાનના પ્રદેશો કાષ્ઠરૂપ છે, તે રીતે આત્માના પ્રદેશો ચેતનરૂપ છે અને દેહના પ્રદેશો જડ પુદ્ગલરૂપ છે. તલવારનો સ્વભાવ વસ્તુનું છેદન કરવાનો છે, જ્યારે મ્યાનનો સ્વભાવ છેદન-ભેદન કરવાનો નથી. તે પ્રમાણે આત્માનો સ્વભાવ જાણવા-દેખવાનો (જ્ઞાતા-દૃષ્ટા) છે, સુખદુઃખનું વેદન કરવાનો છે; જ્યારે દેહનો સ્વભાવ અચેતન, જીર્ણ-શીર્ણ થતો રહેવાનો છે. જેમ અસિ અને મ્યાન સમાન આકારના હોવા છતાં પણ બન્નેની ભિન્ન પ્રકૃતિ છે, તે પ્રમાણે દેહ અને આત્મા સમ આકારના હોવા છતાં પણ અત્યંત ભિન્ન પ્રકૃતિના છે. આ વાત સ્પષ્ટ કરવા માટે શ્રીગુરુએ અસિ તથા મ્યાનનું દૃષ્ટાંત આપ્યું છે.

શિષ્ય :- અન્ય શાસ્ત્રોમાં શરીર અને આત્મા દૂધ-પાણીની જેમ સંશ્લેષરૂપ છે તેમ કહ્યું છે અને અત્રે તલવાર તથા મ્યાનની જેમ સંયોગરૂપ દર્શાવેલ છે. આમ કેમ?

શ્રીગુરુ :- અત્રે શિષ્યને દેહથી અત્યંત ભિન્ન આત્માની પ્રતીતિ કરાવવી છે એટલે ભિન્નત્વ દર્શાવવાના હેતુથી તલવાર તથા મ્યાનનું દૃષ્ટાંત આપેલ છે. શાસ્ત્રોમાં જ્યાં દેહ અને આત્માનો સંબંધ દૂધ અને પાણીની જેમ સંશ્લેષરૂપ દર્શાવેલ છે ત્યાં આચાર્યનું પ્રયોજન શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ દર્શાવવાનું છે. હકીકતમાં પ્રદેશોની અપેક્ષાએ જોઈએ તો આત્મા અને દેહ દૂધ-પાણીની જેમ એકમેક સંશ્લેષિત છે અને સ્વભાવની દૃષ્ટિએ જોવામાં આવે તો આત્મા અને દેહ મ્યાન અને તલવારની જેમ અત્યંત ભિન્ન સંયોગમાત્ર છે. અત્રે અલગ દર્શાવવાનું પ્રયોજન છે અને ત્યાં સંબંધ બતાવવાનું પ્રયોજન છે. આ કારણે દૃષ્ટાંતમાં ભિન્નતા છે.

શિષ્ય :- સંયોગ સંબંધ અને સંશ્લેષ સંબંધમાં શો તફાવત છે?

શ્રીગુરુ :- સંયોગ સંબંધમાં બન્ને પદાર્થોના પ્રદેશો તલવાર અને મ્યાનની જેમ બિલકુલ અલગ અલગ હોય છે, જ્યારે સંશ્લેષ સંબંધમાં બન્ને પદાર્થોના પ્રદેશો દૂધ અને પાણીની જેમ એકએક હોય છે.

શિષ્ય :- આગમમાં પદાર્થ વચ્ચે કેટલા પ્રકારના સંબંધો બતાવ્યા છે ?

શ્રીગુરુ :- આગમમાં મુખ્ય રૂપે ત્રણ પ્રકારના સંબંધો બતાવ્યા છે : (૧) સંયોગ સંબંધ, (૨) સંશ્લેષ સંબંધ, (૩) તાદાત્મ્ય સંબંધ. સર્વથા ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં સ્થિત પદાર્થો વચ્ચેનો સંબંધ સંયોગ સંબંધ કહેવાય છે. આત્મા સાથે સ્ત્રી, પુત્ર, ઘર, સંપત્તિ ઇત્યાદિ પદાર્થોનો 'આ મારા છે' આ પ્રકારનો જે સંબંધ બતાવવામાં આવે છે તે સંયોગ સંબંધ છે. એક જ ક્ષેત્રમાં સ્થિત બે ભિન્ન-ભિન્ન પદાર્થો વચ્ચેના સંબંધને સંશ્લેષ સંબંધ કહે છે. શરીર અને આત્મા, દૂધ તથા પાણી, અગ્નિ અને લોઢું, કર્મ અને આત્મા વગેરે સંશ્લેષ સંબંધના ઉદાહરણો છે.

એક જ પદાર્થમાં ગુણ-ગુણીનો જે સંબંધ છે તેને તાદાત્મ્ય સંબંધ કહે છે. જેમ આત્માનો જ્ઞાન, દર્શન વગેરે ગુણો સાથે, અગ્નિનો ઉષ્ણતા સાથે, સૂર્યનો કિરણો સાથે, શરીરનો હાથ-પગ વગેરે અંગોપાંગ સાથેનો જે સંબંધ છે તે તાદાત્મ્ય સંબંધ છે. સંયોગ અને સંશ્લેષ સંબંધ અવાસ્તવિક છે - કહેવા માત્રનો છે અર્થાત્ ઉપચાર માત્ર છે; જ્યારે તાદાત્મ્ય સંબંધ વાસ્તવિક છે. આશય એ છે કે મારાથી ભિન્ન સ્વભાવવાળા જે ઘર, સમાજ, સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ, શરીર, ઇન્દ્રિયો, વચન, પ્રાણ, ચંચળ ચિત્ત વગેરે જે 'મારા' કહેવાય છે તે બધા માત્ર કહેવા પૂરતા છે, વાસ્તવમાં તેમનો મારી સાથે કોઈ સંબંધ નથી. કેમકે તેઓ અનિત્ય છે અને હંમેશાં સાથે રહેતા નથી. મારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, શ્રદ્ધા વગેરે ભાવ મારા પોતાના છે કેમકે તે મારા (આત્મા) વગર રહેતા નથી અને હું તેના વગર રહેતો નથી. આ પ્રમાણે વસ્તુનું સત્ય સ્વરૂપ જાણીને પોતાના ઉપયોગને સદૈવ પોતાની આત્મશક્તિઓના ચિંતન-મનનમાં લગાવવો જોઈએ, જેથી આત્મશક્તિઓ પૂર્ણ રૂપે પ્રગટી શકે.

ઉપસંહાર

શ્રીગુરુ કહે છે કે જેમ તલવાર મ્યાનમાં રહેવાથી બહારથી જોતાં તે મ્યાનરૂપે દેખાય છે. આ કારણે તલવારને મ્યાન માનવાની મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે આત્મા દેહક્ષેત્રમાં રહેવાથી બહારથી જોતાં દેહરૂપે હોવાથી મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન થાય છે પરંતુ જેમ તલવાર અને મ્યાન બન્ને અત્યંત ભિન્ન સ્વભાવવાળા છે, તે પ્રમાણે આત્મા અને દેહ પણ અત્યંત ભિન્ન સ્વભાવવાળા છે. માટે મોક્ષાર્થીએ પોતાને શરીરથી ભિન્ન નિશ્ચિત કરીને, સ્વાનુભવમાં તલ્લીન બની પરમાનંદ લક્ષણયુક્ત મોક્ષ પદાર્થની ઉપાસના કરવી જોઈએ.

ઉત્થાનિકા :- હવે કારુણ્યમૂર્તિ શ્રી સદ્ગુરુદેવ સમસ્ત દ્વાદશાંગીના સારભૂત જ્ઞાનરૂપ આત્માના પરમાર્થ સ્વરૂપનું નિરૂપણ કરનાર ગાથાસૂત્ર અવતરિત કરે છેઃ-

ગાથા-૫૧

મૂળ ગાથા

જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ ાા૫૧ાા

હિન્દીગાથા

जो दृष्टा है दृष्टिका, जो जाने है रुप ;
अबाध्य अनुभव जो रहे, वो है जीवस्वरूप ।।५१।।

ગાથાર્થ :- જે દૃષ્ટિ (આંખ)નો દૃષ્ટા છે, જે રૂપને પણ જાણે છે અને નિરાબાધ અનુભવરૂપ જે સદૈવ બન્યો રહે છે તે જીવનું સ્વરૂપ છે.

આત્મપ્રબોધિની

શિષ્ય :- જીવનું વાસ્તવિક સ્વરૂપ શું છે?

શ્રીગુરુ :- રૂપ વગેરે સમસ્ત જ્ઞેય વિષયોને સહજભાવથી જાણતો નિરાબાધ અનુભવસ્વરૂપ જ્ઞાતા કે જે સદૈવ રહે છે તે જીવનું વાસ્તવિક ત્રૈકાલિક નિત્ય સ્વરૂપ છે.

શિષ્ય :- આંખ વિના રૂપનું જ્ઞાન થતું નથી માટે દૃષ્ટિ (આંખ) જ દૃષ્ટા છે; દૃષ્ટિથી ભિન્ન કોઈ દૃષ્ટા નથી?

શ્રીગુરુ :- આમ માનવું ઉચિત નથી કેમકે આંખ વિના પણ રૂપનું જ્ઞાન થાય છે. પૂર્વે જોયેલા કોઈ પદાર્થનું આંખ બંધ કરીને સ્મરણ કરીએ ત્યારે તે પદાર્થનું રૂપ બંધ આંખોથી પણ દેખાય છે. તેનાથી ફલિત થાય છે કે દૃષ્ટિ સિવાય પણ રૂપાદિનો બોધ કરનાર દૃષ્ટા છે અને તે દૃષ્ટા જ દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય રૂપનું જ્ઞાન કરે

છે, દૃષ્ટિ તો ઉપકરણ માત્ર છે.

શિષ્ય :- સ્મરણ મનથી થાય છે માટે મનને જ દૃષ્ટા અથવા આત્મા માનીએ તો શો દોષ છે?

શ્રીગુરુ :- દોષ છે કેમકે મન દૃષ્ટા (આત્મા) નથી. જો મનને આત્મા માનીએ તો મનરહિત અસંજ્ઞી જીવો અને અરિહંત-સિદ્ધોને અનાત્મા માનવા પડશે; જે આગમ, ન્યાય અને અનુભવ - આ ત્રણેય પ્રમાણોથી અયોગ્ય છે. સ્મરણ, તર્ક, સંકલ્પ-વિકલ્પ વગેરે કરનાર મનથી પણ ભિન્ન જે સ્મરણ આદિને જાણનાર દૃષ્ટા આત્મા અનુભવમાં આવે છે. માટે મન આત્મા નથી. મનની ચેષ્ટાઓનો જે દૃષ્ટા છે તે 'ઉપયોગ' આત્મા છે, મન નહીં કેમકે આત્મા નિત્ય અને સનાતન છે.

શિષ્ય :- મન અને ઉપયોગમાં શો તફાવત છે?

શ્રીગુરુ :- સ્વ-પરને જાણવા-દેખવામાં પ્રવૃત્ત આત્માના વ્યાપારને ઉપયોગ કહે છે; જ્યારે રાગાદિ સંસ્કારોથી પ્રેરિત વસ્તુ સંબંધી ઊહાપોહ અને સંકલ્પ-વિકલ્પ કરે તેને મન કહે છે. ઉપયોગ આત્માનું સ્વરૂપ છે, જ્યારે મન ચૈતન્યનો વિકાર છે. ઉપયોગ એકેન્દ્રિયથી લઈને સિદ્ધો સુધીના જીવોમાં જોવા મળે છે ; જ્યારે મન સંજ્ઞી સંસારી જીવોમાં જોવામાં આવે છે. મન વિનાશી છે, જ્યારે ઉપયોગ આત્મસ્વભાવ હોવાથી અવિનાશી છે. ઉપયોગ સ્વભાવરૂપ છે, જ્યારે મન વિભાવ છે. મન મનોવર્ગણાના પુદ્ગલોના નિમિત્તથી પ્રવૃત્તિ કરે છે, જ્યારે ઉપયોગ સ્વચાલિત છે. મન સંકલ્પ-વિકલ્પ કરે છે, જ્યારે ઉપયોગ જ્ઞાન કરે છે. આ પ્રમાણે મન અને ઉપયોગ ભિન્ન ભિન્ન છે.

શિષ્ય :- મન અને વિચાર વચ્ચે શો તફાવત છે?

શ્રીગુરુ :- બન્ને કથંચિત્ એક છે અને કથંચિત્ ભિન્ન છે. બન્ને વિકલ્પરૂપ છે અર્થાત્ બન્નેમાં 'આ આમ છે, આ આમ નથી' વગેરે પ્રકારના વિકલ્પો ચાલે છે તે દૃષ્ટિએ એક છે. બન્નેનો સ્વભાવ ભિન્ન હોવાથી કથંચિત્ ભિન્ન છે. મનનો સ્વભાવ વસ્તુસંબંધી ઊહાપોહ કરવાનો છે, જ્યારે વિચારનું કાર્ય વસ્તુનો નિશ્ચય કરીને તેનું સાચું અભિજ્ઞાન કરવું તે છે. વિચાર શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાના કારણે સમ્યક્ શ્રુતજ્ઞાનરૂપ છે; જ્યારે મન મોહનીય કર્મના ઉદયની મુખ્યતાથી પ્રવૃત્તમાન થાય છે માટે મોહરૂપ (અજ્ઞાન) છે. વિચાર ક્ષાયોપશમિક હોવાના કારણે કથંચિત્ આત્મસ્વભાવના ઉઘાડરૂપ છે, જ્યારે મનની પ્રવૃત્તિમાં શંકા, રાગ વગેરે મોહની મુખ્યતા હોવાથી આત્મસ્વભાવના આવરણરૂપ છે. આ રીતે બન્નેમાં ભિન્નતા છે. તાત્પર્ય મોહયુક્ત મલિન વિચારોનું નામ મન છે, જ્યારે મોહરહિત સમ્યક્ વિચારોનું નામ વિચાર છે. મન ઔદયિક મિશ્ર ક્ષાયોપશમિક ભાવ છે; જ્યારે વિચાર વિશુદ્ધ ક્ષાયોપશમિક ભાવ છે. વિચાર શ્રુતજ્ઞાનરૂપ હોવાના કારણે એકેન્દ્રિયાદિ સમસ્ત સંસારી જીવોમાં જોવા મળે છે, જ્યારે મન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયોમાં જોવા મળે છે.

શિષ્ય :- એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોમાં વિચાર કયા રૂપમાં જોવા મળે છે?

શ્રીગુરુ :- અસંજ્ઞીઓમાં લિંગજ શ્રુતજ્ઞાનના રૂપમાં વિચાર હોય છે. શ્રુતજ્ઞાન બે પ્રકારના છે - શબ્દજ અને લિંગજ. 'મેં આમ કર્યું', 'મારે આમ ન કરવું જોઈએ', 'મારા માટે આ ઈષ્ટ છે', 'આ અનિષ્ટ છે', આ પ્રકારના બુદ્ધિગમ્ય વિચારોને શબ્દજ શ્રુતજ્ઞાન કહે છે કેમકે તેમાં વિચાર માટે શબ્દોનો સહારો લેવામાં આવે છે. ભોજનાદિ કોઈ ઇન્દ્રિય વિષયનું ઇન્દ્રિય પ્રત્યક્ષ થતાં પૂર્વોક્ત પ્રકારના શબ્દવિચાર વિના, પૂર્વ સંસ્કારવશ 'આ મારા માટે ઇષ્ટ છે' આ પ્રકારનું તે વિષય સંબંધી અબુદ્ધિગમ્ય વિશેષ અર્થબોધ ઉત્પન્ન થાય છે તેને લિંગજ શ્રુતજ્ઞાન કહે છે. માંસાદિ કોઈ અભક્ષ્ય પદાર્થને જોઈને 'આ હિંસક છે', 'પાપનું કારણ છે', 'આને ખાવું યોગ્ય નથી' આ પ્રકારના વચનવિચાર કરીને તેનો ત્યાગ કરવો શબ્દજ શ્રુતજ્ઞાન છે. ક્યાંક ખૂણામાં પડેલા ગોળની ગંધ પારખીને પૂર્વોક્ત પ્રકારે શબ્દવિચાર વિના જ 'ત્યાં કોઈ પદાર્થ મારા માટે ઈષ્ટ છે, મારે ત્યાં જવું જોઈએ' એવું કીડીને અબુદ્ધિપૂર્વક સંસ્કારવશ જ્ઞાન થવું અને તે તરફ કીડીનું જવું તે લિંગજ શ્રુતજ્ઞાન છે. તે કોઈ ચિહ્ન વગેરેને જોઈને

અનુમાનથી ઉત્પન્ન થાય છે. માટે તેને લિંગજ શ્રુતજ્ઞાન કહે છે. એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોમાં જે વિચારરૂપ શ્રુતજ્ઞાન હોય છે તે લિંગજ શ્રુતજ્ઞાન હોય છે. સંજ્ઞી જીવોમાં શબ્દજ અને લિંગજ એમ બન્ને પ્રકારનું શ્રુતજ્ઞાન જોવા મળે છે.

શિષ્ય :- વિકલ્પ અને વિચારમાં શો તફાવત છે?

શ્રીગુરુ :- મન અને વિચારમાં જે તફાવત છે તેવું અંતર વિકલ્પ અને વિચારમાં છે કેમકે મન અને વિકલ્પ એક જ છે. વિકલ્પોના સમૂહનું નામ મન છે. વિકલ્પ મોહજનિત હોવાથી અનિશ્ચયાત્મક છે, જ્યારે વિચાર વિશુદ્ધ શ્રુતજ્ઞાન હોવાથી નિશ્ચયાત્મક જ્ઞાનરૂપ છે. અજ્ઞાની વસ્તુ સંબંધી વિકલ્પ કરે છે, જ્યારે જ્ઞાની વસ્તુ સંબંધી વિચાર કરીને ભ્રમરહિત નિઃશંક અને ચિદાનંદ સ્વરૂપમાં મગ્ન રહે છે. વિકલ્પ આસ્રવ-બંધ રૂપ છે, જ્યારે વિચાર વિશુદ્ધ જ્ઞાનની પર્યાય હોવાથી સંવર-નિર્જરા રૂપ છે. વિકલ્પ હેય છે, જ્યારે વિચાર કેવળજ્ઞાન પર્યંત ઉપાદેય છે. સમ્યક્ તત્ત્વવિચારોથી વિકલ્પોની નિવૃત્તિ થઈ સ્વરૂપ સમાધિની ઉપલબ્ધિ થાય છે. બન્નેમાં વધ્ય-ઘાતક સંબંધ હોવાથી જળ અને અગ્નિની જેમ અત્યંત વિપરીત સ્વભાવવાળા છે. માટે શ્રી સર્વજ્ઞ-વીતરાગ પ્રણીત વસ્તુસ્વરૂપનું તલસ્પર્શી અભિજ્ઞાન કરીને, સમ્યક્ તત્ત્વવિચાર દ્વારા પદાર્થ સંબંધી ભ્રમથી ઉત્પન્ન અનેક પ્રકારના અનાત્મીય વિકલ્પોને શાંત કરીને સ્વરૂપ સમાધિની ઉપલબ્ધિ કરવી જોઈએ.

શિષ્ય :- 'અબાધ્ય અનુભવ' થી શું તાત્પર્ય છે ?

શ્રીગુરુ :- પોતાની સહજ પારિણામિક ચેતન સત્તાની 'હું છું' તે રૂપે કોઈ અડચણ વગેરે (શુભાશુભ પરિણતિથી ભિન્ન) અનુભૂતિનું નામ અબાધ્ય અનુભવ છે. તાત્પર્ય કે કર્મનો ઉદય હોય કે ન હોય, શુભાશુભ ભાવ હોય કે ના હોય, પરંતુ પોતાના હોવામાં કોઈ બાધા નથી. કોઈપણ ઉદય કે શુભાશુભ ભાવ પોતાના સહજ પારિણામિક અસ્તિત્વને કોઈ બાધા પહોંચાડી શકતા નથી. જીવનું જીવત્વ સદાકાળ રહે છે અને તે અસ્તિત્વ ચિદાનંદમય હોવાના કારણે તે અસ્તિત્વ સામાન્યની અનુભૂતિ સદૈવ રહે છે કારણકે તે જીવનો સ્વભાવ છે. 'સ્વભાવ વિશેષ' કર્મોદય વગેરેથી પ્રભાવિત (આવરિત) થઈ શકે છે, પરંતુ 'સ્વભાવ સામાન્ય' પારિણામિક હોવાથી સદૈવ નિરાવરિત રહે છે. તે સ્વભાવ સામાન્ય 'હું છું' ના રૂપે સદૈવ આબાલવૃદ્ધ સૌને નિરંતર અનુભવ થઈ રહ્યો છે. તે નિરાબાધ અનુભવ જીવનું મૂળ પરમાર્થ સ્વરૂપ છે.

શિષ્ય :- કેવળજ્ઞાનાદિરૂપ શુદ્ધ પરિણતિને જીવનું પરમાર્થ સ્વરૂપ માનવામાં શું વાંધો છે?

શ્રીગુરુ :- જોકે કેવળજ્ઞાન આદિ રૂપ પરિણત જીવ પણ જીવ જ છે, પરંતુ તે જીવનું ત્રૈકાલિક પારિણામિક સ્વરૂપ નથી; ક્ષાયિક સ્વરૂપ છે, જે પરમ ઉપાદેય છે. પરંતુ આશ્રયરૂપ નથી કેમકે સંસારી છદ્મસ્થ અવસ્થામાં તેનો અભાવ છે. જેનો અભાવ છે તેનો આશ્રય લેવો અસંભવ છે, કલ્પના માત્ર છે. સદૈવ (ત્રૈકાલિક) રહેનારો તો શુદ્ધ-અશુદ્ધથી પર સહજ અસ્તિત્વ અનુભવ માત્ર છે, જે સદૈવ ઉપલબ્ધ છે. માટે આશ્રયયોગ્ય છે. જો કેવળજ્ઞાનરૂપ જીવને જ જીવનું પરમાર્થ મૂળ સ્વરૂપ માનીએ તો સમસ્ત સંસારી જીવોને અજીવ માનવા પડે, જે યોગ્ય નથી.

ઉપસંહાર

આશય છે કે જે રૂપાદિ પદાર્થ કે જેમને ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના નિમિત્તથી જાણવામાં આવે છે તે ચક્ષુ આદિ ઇન્દ્રિયોને પણ જે જાણે છે અને સદા દૃષ્ટારૂપે ચલચિત્રના પડદાની જેમ 'હું છું' ની સહજ, નિર્લેપ, અવિચલ, નિત્ય, સનાતન અનુભૂતિના રૂપમાં શેષ રહે છે તે જીવનું ત્રિકાળી પરમાર્થ સ્વરૂપ છે. તેની જિજ્ઞાસા રાખવી જોઈએ, તેની ચર્ચા કરવી જોઈએ, તેનું જ્ઞાન કરવું જોઈએ, તેનું ધ્યાન કરવું જોઈએ તથા તે રૂપે સદૈવ રહેવું જોઈએ. (ક્રમશઃ)

★★★

ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ

જીવો અને જીવવા દો

(ક્રમાંક-૧૧)

પૂ. આર્યિકા જિનરાજશ્રી માતાજી (અલકાદીદી)

'જીવો અને જીવવા દો' સૂત્રને આત્મસાત્ કરવા માટે પથિકે પોતાની જીવનશૈલીમાં અનેક પ્રકારના પરિવર્તન લાવવાનું ધારી લીધું છે. બદલાવ વધારે કરવાનો નથી. બસ થોડી જાગૃતિ વધારી વિવેકપૂર્ણ આચરણ કરે તો પોતાની સાથે અનેકોનું જીવન સુરક્ષિત થઈ જાય છે. તેથી પર્યાવરણ સુરક્ષા પણ "જીવો અને જીવવા દો." સૂત્રનું એક ઘટક છે. કારણ કે મનુષ્યની બેદરકારીને લીધે અનેક પ્રકારના પ્રદૂષણ પર્યાવરણને દૂષિત કરે છે; જે પોતાની સાથે અન્ય જન-જીવનને પણ હાનિ પહોંચાડે છે. આગળના અંકમાં પથિકે અનેક પ્રકારના પ્રદૂષણ પર વિચાર કર્યો, જેમાં ભૂમિ પ્રદૂષણ પણ એક વર્તમાન તથા ભવિષ્યમાં આવનારી પેઢીઓ માટે પણ અત્યંત હાનિકારક છે.

★ ભૂમિ પ્રદૂષણ :-

માટીમાં હાનિકારક તત્ત્વો ભળવાથી તેની ગુણવત્તા અને ઉર્વરતા (ફળદ્રુપતા) પર પડતા દુષ્પ્રભાવને ભૂમિ પ્રદૂષણ કહે છે. જેનું એક કારણ પ્લાસ્ટિક પણ છે. પ્લાસ્ટિક તો વર્તમાનમાં સ્વયં જ સૌથી મોટું પ્રદૂષણ છે. કારણકે વર્તમાનમાં એક પ્લાસ્ટિકના કારણે બધા પ્રકારના પ્રદૂષણ થાય છે, જે આપણા સામે એક ગંભીર સમસ્યા બની ગઈ છે.

★ પ્લાસ્ટિક પ્રદૂષણ :-

પ્લાસ્ટિક પ્રદૂષણ એટલે પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓ જેમકે પોલીથીન, પ્લાસ્ટિકની બોટલ, સ્ટ્રો, કપ, પ્લેટ અને અન્ય પ્લાસ્ટિકનો કચરો પર્યાવરણમાં એકત્રિત થઈને ભૂમિ, વાયુ અને પાણીને પ્રદૂષિત કરે છે. પ્લાસ્ટિક ધીરે ધીરે નષ્ટ થાય છે. તે સંપૂર્ણ વિઘટિત (ગળતા) સેંકડો વર્ષ લાગે છે. (લગભગ ૫૦૦-૧૦૦૦ વર્ષ) લાગી શકે છે.

★ પ્લાસ્ટિક પ્રદૂષણના કારણો :-

પથિક વિચાર કરી રહ્યો છે. આપણે આપણી જીવનશૈલીને બહારથી સુવિધાજનક બનાવવા માટે અત્યધિક પ્લાસ્ટિકનો ઉપયોગ કરીએ છીએ તથા ઉપયોગ કર્યા બાદ તેનું યથાયોગ્ય નિરાકરણ કરતાં નથી. પ્લાસ્ટિક પ્રદૂષણનું આ જ પ્રમુખ કારણ છે. અને આનાથી પણ કોઈ મોટું કારણ હોય તો તે છે આપણી અજાગ્રતિ અને બેદરકારી. આપણને ખબર જ નથી કે પ્લાસ્ટિક આપણા માટે તથા અન્ય પ્રાણીઓ માટે અત્યંત ઘાતક છે. તેથી પથિક ઇચ્છે (ચાહે) છે કે જો "જીવો અને જીવવા દો." સૂત્રને અપનાવવું હોય તો પ્લાસ્ટિક પ્રદૂષણના કારણો પર પણ વિચાર કરવો જરૂરી છે.

(૧) પ્લાસ્ટિકની થેલીઓનો અતિ ઉપયોગ :-

બજારમાંથી જ્યારે પણ કોઈ સામગ્રી લાવવી હોય ત્યારે આપણે ક્યારેય ઘરેથી થેલો કે થેલી આદિ સાથે લઈ જતાં નથી. દુકાનથી મળનારી થેલીઓના જ ભરોસે રહીએ છીએ. તેથી પ્રત્યેક કામમાં પ્લાસ્ટિકની થેલીઓનો જ ઉપયોગ કરવાની ખરાબ આદત પડી ગઈ છે અને તેનાથી પણ ખરાબ આદત તે થેલીઓને યોગ્ય જગ્યાએ ન ફેંકતા અહીં-તહીં ક્યાંય પણ નાંખી દઈએ છે, જે પ્રદૂષણનું કારણ છે.

(૨) એકલ ઉપયોગ (single use) પ્લાસ્ટિકઃ-

સાર્વજનિક કાર્યક્રમ હોય, પાર્ટી હોય, ઘરે મહેમાન આદિ આવ્યા હોય અથવા પોતાના માટે પ્લાસ્ટિકની બોટલ, સ્ટ્રો, કપ, પ્લેટ, ચમચી આદિ એકવાર ઉપયોગ કરીને ફેંકી દેવા અર્થાત્ use and throw policy લાગે તો સુવિધાજનક છે પરંતુ આપણી આ આળસ આપણા માટે જ ઘાતક છે.

(૩) રીસાઈકલિંગની કમી :-

પ્લાસ્ટિક થેલી હોય કે અન્ય વસ્તુ તેનો ફરી ઉપયોગ ન કરવો અથવા મોટાભાગનું પ્લાસ્ટિક તો એવું હોય છે જે પુનર્ચક્રિત નથી થઈ શકતું, જેથી આ બધો કચરો પણ પ્રદૂષણનું કારણ છે.

(૪) ઔદ્યોગિક કચરો :-

કારખાના અને દુકાનદારોના ત્યાંથી

નીકળનારો કચરો પણ પ્રદૂષણ વધારે છે.

(૫) પાર્સલ વ્યવસ્થા :-

કોઈ સામાનને એક સ્થાનથી બીજા સ્થાને પહોંચાડવા માટે સુરક્ષિત પેકિંગ કરવા સર્વત્ર પ્લાસ્ટિકનો જ ઉપયોગ કરે છે. કોઈ અપેક્ષાએ આવશ્યક છે પરંતુ તેને યોગ્ય જગ્યાએ વિસર્જિત ન કરવો તે પ્રદૂષણનું કારણ છે.

(૬) વધતી જનસંખ્યા તથા શહેરીકરણ :-

શહેરની જીવનશૈલીમાં પ્લાસ્ટિકની વસ્તુઓની માંગ વધતી જવી.

(૭) લોકોમાં જાગૃતિનો અભાવ :-

જનસમૂહમાં પ્લાસ્ટિકના નુકસાન અને તેના યોગ્ય વિસર્જન પ્રત્યે જાગૃતિનો અભાવ.

(૮) પ્લાસ્ટિક સસ્તું અને સુવિધાજનક હોવું :-

ઓછી કિંમત અને સહજતાથી મળવાના કારણે લોકો તેનો અત્યધિક ઉપયોગ કરે.

(૯) કચરા પ્રબંધન અનુસાર તેને ન ફેંકવો :-

પોતાની સુવિધા માટે પ્લાસ્ટિકનો ઉપયોગ તો ઘણા કરે છે, પરંતુ પ્લાસ્ટિકની થેલી, બોટલ આદિને અલગ કરીને ન ફેંકતા તેને આપણે એકજ કચરાપેટીમાં તેને નાખી દઈએ છીએ. જ્યાં પ્લાસ્ટિક યોગ્યરૂપથી નષ્ટ કરી શકાય કે રીસાઈકલ કરવામાં આવે ત્યાં નથી નાંખતા. આપણી આ બેદરકારી પણ પ્રદૂષણનું મોટું કારણ છે. પ્લાસ્ટિકને અલગ એકત્રિત કરી તેને નષ્ટ કરવાની પણ કચરા પ્રબંધન દ્વારા વ્યવસ્થા હોવી જોઈએ.

પુનઃ પ્લાસ્ટિક પ્રદૂષણના કારણો પર વિચાર કરીએ તો સૌથી મોટું કારણ તો તેનો અતિ ઉપયોગ બેદરકારી પૂર્વક તેને ફેંકવું અને યોગ્ય પુનર્ચક્રણની કમી પ્લાસ્ટિક પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

★ પ્લાસ્ટિક પ્રદૂષણની હાનિઓ :-

"જીવો અને જીવવા દો" પથ પર આગળ વધતો પથિક વિચાર કરી રહ્યો છે. અહો! કેટલા મનુષ્ય, પશુ-પક્ષીઓ, પર્યાવરણ, જળસ્રોત તથા ધરતીમાતા આ પ્લાસ્ટિક પ્રદૂષણથી આહત થાય છે. અગણિત હાનિઓ આ પ્લાસ્ટિકથી થાય છે.

★ ભૂમિ (માટી) પ્રદૂષણ :-

પ્લાસ્ટિકનો કચરો આપણી બેદરકારીના કારણે જ્યાં-ત્યાં ફેંકવાથી તે ધીમે ધીમે માટીમાં દબાવા લાગે છે પરંતુ તે સરળતાથી નષ્ટ તો નથી થતો, જેથી માટીની ઉર્વરતા (ફળદ્રુપતા) ઘટવા લાગે છે. માટીની ઉર્વરતા ઘટવાથી અનાજનું ઉત્પાદન પણ ઘટે છે. તમે જરા વિચાર કરો કે જ્યારે અન્ન ઉગવાને યોગ્ય જમીન જ નહીં બચે તો ધરતીમાતા આપણી ભાવિ પેઢીઓનું પાલન પોષણ કેવી રીતે કરશે ?

(૨) જળ પ્રદૂષણ :-

પ્લાસ્ટિક નદીઓ, તળાવ અને સમુદ્રોમાં પહોંચીને પાણીને પ્રદૂષિત કરે છે.

(૩) પશુ-પક્ષીઓને હાનિ :-

જાનવર પ્લાસ્ટિકને ભોજન સમજીને ખાઈ લે છે કારણકે જ્યારે આપણે ખાવા-પીવાની વસ્તુઓ પ્લાસ્ટિકની થેલીમાં ભરીને ફેંકીએ છીએ ત્યારે ગાય આદિ પશુ તથા પક્ષી તેને ખોલીને ખાતા નથી પરંતુ તેને પ્લાસ્ટિક સહિત જ ખાઈ લે છે, જેથી તેઓ અનેક રોગોનો ભોગ બની તડપીને મૃત્યુ પામે છે.

(૪) માનવ સ્વાસ્થ્ય પર દુષ્પ્રભાવ :-

પ્લાસ્ટિકમાંથી નીકળતા હાનિકારક રસાયણ ભોજન અને પાણીના માધ્યમથી શરીરમાં પહોંચે છે, જેથી અનેક અસાધ્ય રોગ થાય છે. શું કરીએ ? પ્લાસ્ટિક ઉપયોગની એટલી ખરાબ આદત આપણને પડી છે. બજારમાં મળનાર બધા પેય તથા ખાદ્ય પદાર્થો પ્લાસ્ટિક પેકિંગમાં જ મળે છે. તે સિવાય પણ ઘરની રસોઈમાં પણ પ્લાસ્ટિક આવવા લાગ્યું છે. પ્લાસ્ટિકના ડબ્બામાં ગરમ ભોજન ભરીને પીરસવામાં આવે છે, જે અત્યંત ઘાતક છે. ગરમ પદાર્થોથી પ્લાસ્ટિક ધીરે ધીરે ગળીને રોજ આપણા પેટ સુધી પહોંચીને, કેન્સર આદિ મોટી બીમારીઓ થવામાં નિમિત્ત બને છે.

(૫) નાળા બંધ થવા :-

પ્લાસ્ટિક કચરાથી નાળા જામ થઈ જાય છે જેથી પાણીનો ભરાવ થઈ ગંદકી ફેલાય છે. નાળામાં ગંદકી ફેલાતા બીમારીઓ ફેલાય છે.

(૬) વાયુ પ્રદુષણ :-

પ્લાસ્ટિક કચરો એકત્રિત કરીને તેને નષ્ટ

કરવા માટે સળગાવવામાં આવે છે. તેમાંથી ઝેરી ગેસ નીકળે છે. તે વાયુને પ્રદૂષિત કરે છે. ક્યાંક થોડું પણ પ્લાસ્ટિક સળગતું હોય તો તેના ધુમાડાની ગંધ થોડો સમય પણ સહન ન થતાં આપણે નાક બંધ કરી દઈએ છીએ. તો વિચાર કરો કે જે દુર્ગંધયુક્ત ધુમાડાની ગંધ થોડી વાર માટે પણ સહન નથી થતી તો જીવનભર આવી ઝેરી ગેસ આપણું કેટલું નુકસાન કરતી હશે !

(૭) જળચર જીવોને ખતરો :-

જળસ્રોત જેમકે સમુદ્ર, નદીઓ, તળાવ આદિમાં સ્થિત પ્લાસ્ટિક માછલીઓ, કાચબા અને સમુદ્ર જીવો માટે પણ ઘાતક છે.

(૮) પર્યાવરણનું સમતોલન બગાડવું :-

પ્લાસ્ટિક પ્રદૂષણના કારણે પર્યાવરણનું સંતુલન બગડવું સ્વાભાવિક છે. આના કારણે પર્યાવરણની ગુણવત્તા બગડે છે અને અનેક જીવ જંતુઓ તથા છોડવાઓના અસ્તિત્વને પણ ક્યારેક હાનિ પહોંચે છે.

★ પ્રાકૃતિક સૌંદર્યની હાનિ :-

પ્લાસ્ટિક પ્રદૂષણથી પર્યાવરણની પ્રાકૃતિક સુંદરતા ઓછી થાય છે. કારણ કે તેના કારણે નદી, નાળા, સમુદ્ર આદિ પર્યટન સ્થળોની સ્વચ્છતા પ્રભાવિત થાય છે.

★ જળવાયુ પર દુષ્પ્રભાવ :-

પ્લાસ્ટિક ઉત્પાદનથી જળવાયુ દુષ્પ્રભાવિત થાય છે, કારણકે પ્લાસ્ટિકને સળગાવાથી અને ઉત્પાદન કરવાથી ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન થાય છે, જે વૈશ્વિક તાપમાન વૃદ્ધિનું કારણ છે.

★ જૈવ વિવિધતા પર દુષ્પ્રભાવ :-

પ્લાસ્ટિક પ્રદૂષણથી જીવોના આવાસ નષ્ટ થાય છે. પ્લાસ્ટિક કચરો જંગલો, નદીઓ અને સમુદ્રોમાં જમા થઈ જીવોના પ્રાકૃતિક આવાસને નુકસાન પહોંચાડે છે.

★ પ્રજનન ક્ષમતા પર દુષ્પ્રભાવ :-

કોઈક પ્લાસ્ટિક રસાયણ જીવોના હાર્મોન અને પ્રજનન પ્રક્રિયાને પ્રભાવિત કરે છે, જેથી પ્રજનન પ્રક્રિયાને હાનિ પહોંચે છે.

★ પ્રજાતિઓ વચ્ચે સંબંધ પ્રભાવિત થાય છે :-

માઈક્રો પ્લાસ્ટિક નાના જીવો દ્વારા ખાવામાં આવે છે અને ધીરે ધીરે મોટી માછલીઓ, પક્ષીઓ તથા અન્ય જીવો સુધી પહોંચે છે. તેના કારણે ધીરે ધીરે પ્રજાતિઓ ઓછી થતી જાય છે. કોઈપણ એક પ્રજાતિ ઓછી થતાં તેના પર નિર્ભર બીજી પ્રજાતિઓ પણ પ્રભાવિત થાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણના કારણે નભચર, થલચર, જળચર બધા પ્રકારની પ્રજાતિઓ ઘટી રહી છે, જે પર્યાવરણના અસંતુલનનું મુખ્ય કારણ છે.

ટૂંકમાં કહીએ તો પ્લાસ્ટિક પ્રદૂષણ માત્ર કચરાની સમસ્યા નથી, પરંતુ તે જળ, વાયુ, ભૂમિ આદિ બધાને પ્રદૂષિત કરે છે. તે જીવોનાં આવાસ, ખાદ્ય, શ્રૃંખલા, પ્રજનન પ્રાકૃતિક સંસાધનો અને સંપૂર્ણ પર્યાવરણ તંત્રના સંતુલનને પ્રભાવિત કરે છે.

★ પ્લાસ્ટિક પ્રદૂષણને રોકવાના ઉપાય :-

પ્લાસ્ટિક પ્રદૂષણની હાનિઓ પર વિચાર કરવાથી પથિકનું મન દ્રવિત થઈ ગયું છે. અહો! "જીવો અને જીવવા દો." પથનો પથિક બનવા ઇચ્છું છું પણ એ વિચાર્યું નહીં કે મારી જીવનશૈલીમાં પ્લાસ્ટિકનો પ્રયોગ મારી સાથે સાથે ના જાણે કેટલા પ્રાણીઓને નુક્સાન પહોંચાડી રહ્યું છે. (પ્લાસ્ટિક પ્રયોગ માત્ર મારું કે કોઈ અન્ય પ્રાણીનું ઘાતક નથી પરંતુ સંપૂર્ણ માનવજાતિનું ઘાતક છે.) તેથી મારામાં જો થોડી પણ માનવતા હોય તો મારે પ્લાસ્ટિક પ્રદૂષણના રોકવાના ઉપાયો અવશ્ય કરવા જોઈએ.

(૧) સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવો. જેમકે પ્લાસ્ટિકની થેલી, કપ, પ્લેટ અને સ્ટ્રો આદિનો ઉપયોગ નહીં કરું અથવા અપરિહાર્યતા હોય ત્યારે જ ઉપયોગ કરીશ.

(૨) કપડાંની થેલીનો પ્રયોગ કરીશ.

(૩) પ્લાસ્ટિકની વસ્તુઓને ફેંકીશ નહીં પરંતુ ફરી ઉપયોગ કરીશ.

(૪) પ્લાસ્ટિકના કચરાને અલગ-અલગ એકત્રિત કરી રિસાઈકલ સિસ્ટમ માટે યોગ્ય સ્થાન પર પહોંચાડીશ.

(૫) પ્લાસ્ટિક કચરાને ખુલ્લામાં સળગાવવાથી ઝેરી ગેસ નીકળે છે તેથી તેને યોગ્ય રીતે નષ્ટ કરીશ.

(અનુસંધાન પાના નં. ૧૮ પર)

શક્તિતઃ તપ ભાવના
(સોળ કારણ ભાવના)

બા.બ્ર. કપિલભૈયા

વૈયાવૃત્તિ તપનું વર્ણન આગળ વૈયાવૃત્તિ ભાવનામાં કરીશું..

૪. સ્વાધ્યાય તપ

સ્વરૂપ :- સ્વનો અર્થ આત્મા તથા અધ્યાયનો અર્થ અધ્યયન કરવું થાય છે અર્થાત્ પોતાના આત્માનું અધ્યયન કરવું કે પોતે પોતાનું અધ્યયન કરવું સ્વાધ્યાય કહેવાય છે. આત્માના અધ્યયનથી તાત્પર્ય એ છે કે આત્મા શું છે ? ક્યા-ક્યા ગુણોથી બન્યો છે ? તેમાં શુદ્ધતા અને અશુદ્ધતા શું છે ? સંયોગી પદાર્થ કયા છે ? અને શુદ્ધ સ્વતત્વ શું છે ? અશુદ્ધતા કેમ છે ? તેના કારણો કયા-કયા છે ? તે અશુદ્ધિને દૂર કેવી રીતે કરાય ? આ બધાનું સમ્યક્ જ્ઞાન કરવું અર્થાત્ પોતાના ગુણ - દોષોનો વિવેક કરવો સ્વાધ્યાય છે. સંસારી આત્મા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્વોનું સંમિશ્રણ છે. તેથી તે સાતે તત્વોનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરવું સ્વાધ્યાય કહેવાય છે.

આ સાત તત્ત્વોનું નિરૂપણ શ્રી સર્વજ્ઞદેવના અભિપ્રાય(ઉપદેશ) અનુસાર શ્રુતના પારગામી શ્રી ગણધરાદિ જ્ઞાતાઓએ આગમના રૂપમાં ગ્રંથિત કર્યું છે. એટલા માટે ગુરુગમપૂર્વક આગમનું અધ્યયન કરવું તેને જ સ્વાધ્યાય કહ્યો છે અર્થાત્ **"સ્વ-પરનો વિવેક કરવા માટે વીતરાગ પ્રણીત સત્યાર્થ આગમનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરવું સ્વાધ્યાય તપ કહેવાય છે."** સ્વાધ્યાયમાં અન્ય સર્વ સાંસારિક વિષય-કષાયોની ઈચ્છાનો નિરોધ કરીને મનને તત્વાભ્યાસમાં કેન્દ્રિત કરવામાં આવે છે. માટે તે તપ મનાયું છે. તત્ત્વજ્ઞાનમાં ચિત્ત એકાગ્ર થવાથી અન્ય વિષયાભિલાષા સહજ જ છૂટી જાય છે તથા મન વિશુદ્ધ અને એકાગ્ર થઇ જાય છે અને તેનું અનુષ્ઠાન આપણે લાંબા સમય સુધી ક્યારે પણ અને ક્યાંય પણ કરી શકીએ છીએ તથા તેનાથી આત્મ-અનાત્મ વિષયક જ્ઞાન થઇ પદાર્થ સંબંધી વિભ્રમ દૂર થઇ આત્મજ્ઞાનની સંપ્રાપ્તિ થાય છે. આ બધા કારણોથી સ્વાધ્યાયને આ કાળનું પરમ તપ કહ્યું છે. જો કે સમ્યક્ ધ્યાન સર્વોત્તમ તપ છે પરંતુ તે અંતર્મુહૂર્ત થી વધારે ટકતું નથી તથા તેના માટે ઉત્તમ સંહનનની અનિવાર્યતા છે, જે આ કાળમાં આપણા પાસે નથી. માટે ધ્યાન તપ પછીનો સર્વોત્તમ વિકલ્પ સ્વાધ્યાય તપ છે. આ કારણે જ તેને પરમ તપ મનાયું છે.

સ્વાધ્યાય કરવામાં બે વાતોનું વિશેષ ધ્યાન રાખવું જોઇએ. પહેલી તો એ કે સ્વાધ્યાયનું લક્ષ્ય આગમના માધ્યમથી આત્મ-અનાત્મ વિષયક જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ કરવાનું છે, માત્ર જાણકારી કરવાની નથી. તેથી આ પ્રયોજનની સિદ્ધિ જે પ્રકારે થાય તે પ્રકારથી સાધન કરવું જોઇએ અર્થાત્ પોતાનો સમય, શક્તિ, દેશકાળ ઇત્યાદિનો વિચાર કરી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય તે શાસ્ત્રોનું જ વિશેષ અધ્યયન કરવું જોઇએ કારણ કે શાસ્ત્રોનો તો કોઇ પાર નથી અને વર્તમાનમાં આપણી ક્ષમતા તથારૂપ નથી. એનો મતલબ એ નથી કે ચાર અનુયોગોમાંથી કોઇ વિશેષનો જ અભ્યાસ કરવો, અન્યનો નહીં; કરવો બધાનો પરંતુ પ્રયોજન લક્ષ્યમાં રાખવું જોઇએ.બીજી વિશેષ વાત ધ્યાન દેવા યોગ્ય એ છે કે સત્યાર્થ આગમ શાસ્ત્રોનો જ અભ્યાસ કરવો જોઇએ.

પ્રશ્ન :- સત્યાર્થ આગમ કોને માનવા ?

ઉત્તર :- જેમાં સર્વજ્ઞ વીતરાગ દેવના અભિપ્રાય અનુસાર તત્વોનું નિરૂપણ કર્યું હોય તે સત્યાર્થ આગમ છે.

પ્રશ્ન :- જગતના બધા મતાવલંબીઓ પોતાના શાસ્ત્રોને સર્વજ્ઞ ભગવાન દ્વારા પ્રરૂપિત જ માને છે તથા પોતાના ઇષ્ટદેવને જ સર્વજ્ઞ માને છે, આવી પરિસ્થિતિમાં પરીક્ષા કેવી રીતે કરવી ?

ઉત્તર :- તેનો ઉપાય સરળ છે. સત્યાર્થ આગમના થોડા વિશેષ લક્ષણ છે, જે માત્ર તેમાં જ જોવા મળે છે,

અન્યમાં નહીં, તેના આધારે તેનો નિર્ણય કરવો જોઇએ. તેમાં ત્રણ લક્ષણ પ્રધાન છે.

(૧) અનેકાન્ત દૃષ્ટિ (૨) વીતરાગતા (૩) અહિંસા

(૧) અનેકાન્ત દૃષ્ટિ :- જ્યાં તત્વોનું નિરૂપણ અનેકાન્ત દૃષ્ટિયુક્ત સ્યાદ્વાદ શૈલીમાં કરવામાં આવે, તેને સત્યાર્થ આગમ જાણવું જોઇએ. એક પદાર્થના અનેક ધર્મ (ગુણ, વિશેષતાઓ) હોય છે. તેમાં બધાનો અવિરોધરૂપે સ્વીકાર કરવો અને જેનાથી આપણું પ્રયોજન સિદ્ધ થાય તેને મુખ્ય કરવું અને બાકીનાને તે સમયે ગૌણ કરવા તે અનેકાન્ત દૃષ્ટિ કહેવાય છે. જેને સ્યાદ્વાદ શૈલી દ્વારા અભિવ્યક્ત કરાય છે. જેમ કે જીવ તત્વનું જ્ઞાન કરવું હોય તો પ્રથમ તો તે સંસારી અવસ્થામાં જેવો છે તેવું જ જ્ઞાન કરવું જોઇએ. પછી તેના પરમાર્થસ્વરૂપનું જ્ઞાન કરવું જોઇએ. રાગાદિ અશુદ્ધસ્વરૂપ તથા જ્ઞાનાદિ શુદ્ધસ્વરૂપ બન્નેનો જીવરૂપમાં જ સ્વીકાર કરવો જોઇએ. પછી રાગાદિ જે હેય છે, અપ્રયોજનભૂત છે તેમને હેય જાણીને ગૌણ કરવા જોઇએ તથા શુદ્ધ જ્ઞાનાદિ જે પ્રયોજનભૂત છે તેને ઉપાદેય માનીને તેની મુખ્યતા કરવી જોઇએ. પરંતુ એકાંત ક્યાંય હોવો જોઇએ નહીં. હા, સમ્યક્ એકાંત જરૂર હોવો જોઇએ. સમ્યક્ એકાંતથી તાત્પર્ય એ છે કે જેનું પ્રયોજન સિદ્ધ કરવાનું હોય તેના પર વધારે જોર આપવું. જેમ કે જીવ નિત્યાનિત્ય સ્વરૂપ છે પરંતુ આપણું પ્રયોજન નિત્યસ્વરૂપની સિદ્ધિનું છે, તેથી **"હું નિત્ય, શાશ્વત, ત્રિકાળી તત્વ છું"** તેના ઉપર વધારે જોર આપવું અને પોતાના અનિત્ય સ્વરૂપનો સ્વીકાર કરતા છતાં પણ ઉપયોગમાં ગૌણ કરી દેવું તેને સમ્યક્ એકાન્ત કહેવાય છે. પોતાના સ્વરૂપની સિદ્ધિ આ જ અનેકાન્તદૃષ્ટિયુક્ત સમ્યક્એકાંતદૃષ્ટિથી થાય છે. ઉપરોક્ત દૃષ્ટિથી જેમાં જીવાદિ તત્ત્વોનું નિરૂપણ કરાયું છે તેને સત્યાર્થ આગમ જાણવું જોઇએ.

(૨) વીતરાગતા :- સત્યાર્થ આગમનું બીજું લક્ષણ વીતરાગતા છે અર્થાત્ તેનું મૂળ ધ્યેય જીવને તેના પૂર્ણશુદ્ધ વીતરાગસ્વરૂપનો બોધ કરાવવો તે છે. એટલા માટે આગમનું બીજું નામ વીતરાગશ્રુત છે કારણ કે તે વીતરાગ દેવ દ્વારા પ્રરૂપિત છે અને વીતરાગ થવાનો જ ઉપદેશ તેમાં આપ્યો છે. આમાં (વીતરાગતામાં) સત્યાર્થ આગમ સમ્યક્ એકાન્તવાદી છે અર્થાત્ તેમાં નિરૂપણ તો જીવના રાગી સ્વરૂપ અને વીતરાગી સ્વરૂપ બન્નેનું કર્યું છે. પરંતુ ઉપાદેય એકાંતથી વીતરાગી સ્વરૂપને જ માને છે. અંશમાત્ર પણ રાગને ક્યાંય પણ ઉપાદેય માન્યો નથી. તેથી આ સંપૂર્ણ નિવૃત્તિમૂલક છે. સંસાર, ભોગાદિને સર્વ પ્રકારે હેય જ માન્યા છે. કોઇ પણ નયથી વિષય - કષાયોને કિંચિત્ માત્ર પણ ઉપાદેય સિદ્ધ નથી કર્યા કારણ કે બન્ને એક-બીજાના સંપૂર્ણ પ્રતિપક્ષી છે અર્થાત્ જ્યાં વીતરાગતા છે ત્યાં જ ધર્મ છે અને સુખ છે તથા જ્યાં રાગ-દ્વેષ-મોહ છે ત્યાં જ અધર્મ છે, દુઃખ છે. આમાં અનેકાંત નથી, એકાંત છે.

પ્રશ્ન :- પરંતુ ગૃહસ્થદશામાં પણ રાગાદિ હોવા છતાં આગમમાં એકદેશ ધર્મ માન્યો છે તેથી આપનો મત આપના આગમથી જ મેળ ખાતો નથી ?

સમાધાન :- એવું નથી, આગમમાં ગૃહસ્થદશાનો સ્વીકાર કર્યો છે પરંતુ આ દશાને ઉપાદેય કિંચિત્ પણ માની નથી. જેમ કે કોઇ જીવ મુનિજીવન જીવવામાં અસમર્થ હોય તેના માટે ઘરમાં રહીને યથાશક્તિ ધર્મારાધનનો ઉપદેશ પણ જિનદેવ દ્વારા પ્રરૂપિત છે. પરંતુ તેનો વિવશતાવશ સ્વીકાર કર્યો છે, શ્રેષ્ઠ માન્યો નથી. ગૃહસ્થદશામાં પણ જેટલી - જેટલી તેની વીતરાગ પરિણતી છે તેટલો - તેટલો જ ધર્મ માન્યો છે, ગૃહસ્થદશાના રાગને તો અધર્મ જ માન્યો છે. કહેવાનો આશય એ છે કે **"પ્રત્યેક પરિસ્થિતિમાં વીતરાગતાને જ જ્યાં ધર્મરૂપ અને ઉપાદેયભૂત માની છે એવા શ્રુતને જ સત્યાર્થ આગમ જાણવું જોઇએ,"** કિંચિત્ માત્ર પણ રાગ કે સંસારનું પોષણ કરવાના અભિપ્રાયવાળું કથન હોય તેને સત્યાર્થ આગમ વિવેકીજને સ્વીકાર કરવું જોઇએ નહીં.

(૩) અહિંસા :- જ્યાં સર્વત્ર અહિંસાનું જ પોષણ કરનાર ઉપદેશનું જ નિરૂપણ કરાય છે તેને સત્યાર્થ આગમ માનવું જોઇએ. ધર્મના નામે જ્યાં કિંચિત્ પણ હિંસા કરવાના અભિપ્રાયવાળા કથનનું નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ આગમ કદાપિ સ્વીકારવું જોઇએ નહીં.

પ્રશ્ન :- પરંતુ ગૃહસ્થ દશામાં આરંભાદિ હિંસા હોવા છતાં પણ એકદેશ ધર્મ સ્વીકાર્યો છે, માટે આપનો મત આપના આગમથી વિરોધને પ્રાપ્ત થાય છે ?

સમાધાન :- ના, એવું નથી. ગૃહસ્થદશામાં પણ જેટલી અહિંસાનું પાલન છે તેનો જ ધર્મરૂપે સ્વીકાર કર્યો છે. ગૃહસ્થના આરંભ, ભોગાદિમાં જે હિંસા થાય છે તેનો તો અધર્મ તરીકે જ સ્વીકાર કર્યો છે.

પ્રશ્ન :- પરંતુ પૂજા - અનુષ્ઠાન, જિનમંદિર નિર્માણ, ધર્મપ્રભાવનાના આયોજન ઇત્યાદિમાં તો જે હિંસા થાય છે તેનો તો સ્વીકાર કર્યો જ છે ને ?

સમાધાન :- એવું નથી, તેમાં જે હિંસા થાય છે તેને ઉપાદેય કે સારી નથી મનાતી પરંતુ અતિશ્રેષ્ઠ ધર્મકાર્ય માટે અત્યલ્પ હિંસારૂપ અધર્મ કાર્યનો નીચલી ભૂમિકામાં વિવશતાવશ સ્વીકાર કરેલ છે. તેનું કારણ એ છે કે ઉપરોક્ત કાર્ય કોઇ પણ અન્ય પ્રકારે સંપૂર્ણ અહિંસક રીતે સંભવ નથી અને પરમ આવશ્યક પણ છે કારણ કે તેના વિના ધર્મતીર્થનો વિનાશ થઇ જાય છે, જેનાથી ધર્મનાશનો પ્રસંગ આવે છે. એટલા માટે વિવશતાવશ ગૃહસ્થદશામાં આ કાર્ય સ્વીકાર કરાયા છે પરંતુ તે પણ યથાસંભવ અહિંસક રીતે સંપન્ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે અર્થાત્ અતિહિંસા કરીને ધર્મકાર્ય પણ ન કરવાનો જિનાદેશ છે.

સંપૂર્ણ ધર્મપાલન માટે તો તેનો પણ ત્યાગ કરવાનો ઉપદેશ જિનેન્દ્ર દેવ દ્વારા અપાયો છે. માટે મુનિ અવસ્થામાં ઉપરોક્ત સર્વ ધર્મકાર્યોનો પૂર્ણતઃ ત્યાગ કરીને એક સ્વરૂપાનુસંધાનમાં જ લાગ્યા રહેવાનું વિધાન કર્યું છે. ત્યાં તો હવા ઇત્યાદિ સ્થાવર જીવોની વિરાધનાનો પણ ત્યાગ કરાવી દે છે કારણ કે **"પૂર્ણ ધર્મની સિદ્ધિ માટે પૂર્ણ અહિંસક બનવું પડે છે"** કારણ કે અહિંસા જ ધર્મનું સાક્ષાત્ સ્વરૂપ છે. માટે જેમના કેન્દ્રીય ઉપદેશમાં સ્વ-પર અહિંસાનું નિરૂપણ હોય તેને જ સત્યાર્થ આગમ શાસ્ત્ર માનવા જોઇએ.

જીવો અને જીવવા દો ....

પાના નં. ૧૫ પરથી ચાલુ...

(૬) બજારમાં સામગ્રી ખરીદતા સમયે પ્લાસ્ટિક પેકિંગવાળી વસ્તુઓ ઓછામાં ઓછી ખરીદીશ.

(૭) લોકોમાં પ્લાસ્ટિક પ્રદૂષણની જાગૃતિ વધારવા હેતુ વિવિધ ઉપાયો કરીશ, સ્કૂલ, કૉલેજ તથા સાર્વજનિક સ્થળો પર થતા સ્વચ્છતા અભિયાન તથા પ્લાસ્ટિક સંગ્રહ અભિયાનોમાં તન-મન-ધનથી યોગદાન આપીશ.

(૮) પ્લાસ્ટિક પ્રદૂષણ રોકવા માટે સરકારી નિયમોનું પૂર્ણરૂપથી પાલન કરવાનો પ્રયત્ન કરીશ.

(૯) પ્લાસ્ટિક વસ્તુઓની અપેક્ષા કાગળ, કાચ, ધાતુ જેમકે તાંબા, પિત્તળ, સ્ટીલ તથા પ્રાકૃતિક સામગ્રીથી બનેલી વસ્તુઓનો ઉપયોગ વધારે કરીશ અને કરાવીશ.

(૧૦) અંતિમ સંકલ્પ એ કરીશ કે પ્લાસ્ટિક પ્રદૂષણ રોકવા માટે માત્ર સરકાર પર નિર્ભર ન રહીને હું સ્વયં તથા પ્રત્યેક વ્યક્તિ ઓછામાં ઓછો ઉપયોગ કરે, ફરી ઉપયોગ (reuse) તથા પુનર્ચક્રણ (re-cycle) ના સિદ્ધાંતોને અપનાવે એવો પ્રયત્ન કરીશ.

પર્યાવરણ સંરક્ષણ સાથે "જીવો અને જીવવા દો" સૂત્રનો કેવા પ્રકારે સંબંધ છે તેના ઉપર એક લાંબા સમયથી પથિકનું મંથન ચાલી રહ્યું હતું કે પ્રાકૃતિક સંસાધનોની હાનિ પણ એક પ્રકારની હિંસા જ છે. કારણકે પૃથ્વી, અગ્નિ, વાયુ, જળ, આકાશ, વનસ્પતિ આ બધા તત્ત્વ સંતુલિત હોવાથી પર્યાવરણ સંતુલિત રહે છે. ઉપરોક્ત તત્ત્વોનું દોહનથી તે પૃથ્વી આદિ તત્ત્વોના આશ્રયથી રહેનાર જીવોનો ઘાત થાય છે. પ્રકૃતિનું શોષણ પોતાનું જ શોષણ છે, પ્રકૃતિનું પોષણ પોતાનું પોષણ છે. પ્રાકૃતિક સંસાધનોનો સદુપયોગ કરવાથી, તેમનું રક્ષણ કરવાથી પર્યાવરણ સુરક્ષિત અને સંવર્ધિત થાય છે. એવું કરવાથી અહિંસા ધર્મનું સહજ જ પરિપાલન થશે. વાસ્તવિક રૂપથી "જીવો અને જીવવા દો." સૂત્ર આત્મસાત્ થશે. પથિકનો સંકલ્પ પૂર્ણ થશે. પથિક આગળ વધી રહ્યો છે. પર્યાવરણ સંરક્ષણથી "જીવો અને જીવવા દો." સૂત્રને ચરિત્રાર્થ કરવા તથા યથાર્થરૂપથી પ્રભુ મહાવીરના પથ પર આગળ વધવા. શું આપણે અહીં જ બેસી રહીશું....

પ્રદૂષણ છોડો, પર્યાવરણથી સ્વયંને જોડો.

(ક્રમશઃ)

પ્રાણશક્તિની ચોરી થઇ રહી છે ! (અદૃશ્ય ઊર્જા-ક્ષયનું વિજ્ઞાન

પૂજ્ય સમણ શ્રુતપ્રજ્ઞજી

(૧) શું તમે ક્યારેય તમારી જાતને સાચા અર્થમાં નિહાળી છે?

સવારે જયારે તમે પથારીમાંથી ઊઠો છો, ત્યારે શરીરે આખી રાત આરામ કર્યો છે. આંખો ખૂલી ગઈ હોય છે, અંગોને વિશ્રામ મળી ગયો હોય છે, છતાં અંદર એક ન સમજી શકાય તેવો થાક પથરાયેલો હોય છે. જાણે આખી રાત કોઈએ તમારા ખભા પર કોઈ અદૃશ્ય ભાર મૂકી દીધો હોય. એક એવો ભાર, જેનું કોઈ સ્પષ્ટ કારણ દેખાતું નથી.

તમે વિચારો છો - કદાચ કામ વધારે થયું હશે. કદાચ ભોજનમાં ગડબડી થઈ હશે. કદાચ ઊંઘ પૂરી નહીં થઈ હોય. મન તરત જ કારણો શોધવા દોડે છે, કારણ કે મન જેને સમજી શકતું નથી, તેનો જવાબ શોધવા માંગે છે. પણ શું ક્યારેય તમે આ શક્યતા વિશે વિચાર્યું છે કે કારણ આમાંથી એક પણ ન હોય ? શું એવું બની શકે કે તમારું શરીર નહીં, પરંતુ તમારા પ્રાણ થાકી ગયા હોય?

અહીંથી એક એવા વિજ્ઞાનના દ્વાર ખૂલે છે, જેને આધુનિક માનવ લગભગ ભૂલી ગયો છે. શરીરના થાકને આરામ જોઈએ. પરંતુ પ્રાણના થાકને માત્ર આરામ નહીં, સંરક્ષણ જોઈએ. શરીર ભોજનથી જીવંત રહે છે, પરંતુ જીવનની સાચી ચેતના તો પ્રાણોથી જ ધબકે છે.

જો પ્રાણશક્તિ નબળી પડી જાય, તો સંપૂર્ણ સ્વસ્થ શરીર પણ ભારરૂપ લાગવા લાગે છે. ચહેરા પરનું સ્મિત માત્ર ઔપચારિક બની જાય છે, ઉત્સાહ ધીમે ધીમે ઓગળી જાય છે અને જીવનનો રસ સૂકાઈ જવા લાગે છે.

આથી સમજવાનું શરૂ કરો - દરેક થાક સ્નાયુઓનો નથી હોતો. કેટલોક થાક એવો હોય છે, જે આત્માના દ્વાર સુધી પહોંચી જાય છે.

(૨) અદૃશ્ય ચોર - જે તમારી મંજૂરી વિના તમારી ઊર્જા લઈ જાય છે.

- તમે ઘરની બહાર નીકળો છો.
- ભીડમાં જાઓ છો.
- ઑફિસમાં બેસો છો.
- જાહેર વાહનોમાં મુસાફરી કરો છો.
- કોઈ વ્યક્તિ સાથે થોડો સમય વાત કરો છો.

અને પછી અચાનક એવું લાગે છે કે અંદર કંઈક ખાલી થઈ ગયું છે ! ન શરીરે કોઈ વિશેષ મહેનત કરી હોય અને ન કોઈ મોટું કામ કર્યું હોય છતાં પણ.. છતાં ઘરે પાછા ફરો ત્યારે મન નિસ્તેજ હોય છે, ચહેરાની કાંતિ ઓગળી ગઈ હોય છે અને અંદર એક અજ્ઞાત ખાલીપો ઉતરી આવ્યો હોય છે.

આવું કેમ બને છે?

કારણકે દુનિયામાં એવી પણ ઘણી ચોરીઓ થાય છે, જેમાં તાળું તૂટતું નથી, કોઈ અવાજ થતો નથી, સીસી કેમેરામાં પકડાતું નથી અને પોલીસમાં ફરિયાદ પણ નોંધાતી નથી. આ છે - પ્રાણશક્તિની ચોરી. અને સૌથી આશ્ચર્યની વાત એ છે કે આ ચોરી ઘણી વખત તમારી પોતાની બેભાન જીવનશૈલીના કારણે શક્ય બને છે.

- તમે જ તમારા અંતરના દ્વાર ખુલ્લા રાખો છો.
- તમે જ તમારું મન દરેક માટે ખુલ્લું મૂક્યું છે.
- તમારી લાગણીઓ દરેકના પ્રભાવમાં આવે છે.
- તમારી સંવેદનાઓ દરેક ચીજને ગ્રહણ કરી લે છે.

અને પરિણામે ધીમે ધીમે... તમારી જીવનશક્તિ થોડા થોડા અંશે વહેતી જાય છે.

(૩) શરીર નહીં, પ્રાણ થાકી જાય છે -

બાળપણથી આપણે એક જ વાત સાંભળતા આવ્યા છીએ -

- મહેનત કરશો તો થાકી જશો.
- જે ખેતરમાં કામ કરે છે, તે થાકી જાય છે.
- જે પથ્થર તોડે છે, તે થાકે છે.
- જે આખો દિવસ દોડે છે, તે થાકે છે.
- જે બહુ ચાલે છે, તે થાકી જાય છે.

પરંતુ આ સંપૂર્ણ સત્ય નથી. જો એવું જ હોત, તો મજૂરો સૌથી વધુ દુ:ખી હોત અને ઑફિસમાં બેઠેલા લોકો સૌથી વધુ આનંદમાં હોત.

વાસ્તવિક તો ઘણીવાર તેની વિરુદ્ધ જોવા મળે છે. ઘણા લોકો આખો દિવસ ખુરશી પર બેસીને કામ કરે છે, છતાં સાંજ સુધીમાં એટલા થાકી જાય છે કે જીવન જ ભારરૂપ લાગવા લાગે છે.

કારણ કે સૌથી વધુ થાક શરીરની મહેનતથી નહીં, પણ પ્રાણશક્તિના ક્ષયથી આવે છે. શરીરનો થાક તો એક રાતની ઊંઘ દૂર કરી દે છે. પરંતુ જે થાક ઊંઘ પછી પણ રહે, સ્નાન પછી પણ ન ધોવાય, સારું ભોજન લીધા પછી પણ ઓછો ન થાય તો સમજી જજો કે ત્યાં શરીર નહીં તમારા પ્રાણ મદદ માટે પોકારી રહ્યા છે.

કલ્પના કરો. જો એક ઘડામાં નાનું કાણું પડી જાય, તો તે આખો દેખાશે પણ અંદરનું પાણી સતત ટપકતું રહેશે. આપણા જીવનની સ્થિતિ પણ કંઈક આવી જ છે. બહારથી બધું સામાન્ય દેખાય છે પણ અંદર જીવનશક્તિ ધીમે ધીમે ઓસરાતી રહે છે.

(૪) સૌથી મોટી ભૂલ - પોતાની ઊર્જાના દ્વાર ખુલ્લા રાખી દેવા -

આપણે ઘરના દરવાજા પર તાળાં લગાવીએ છીએ. ધન તિજોરીમાં સુરક્ષિત રાખીએ છીએ. મોબાઈલને પણ પાસવર્ડથી સુરક્ષિત રાખીએ છીએ. શરીરને ગરમી, ઠંડી અને વરસાદથી બચાવવા માટે વસ્ત્રો પહેરીએ છીએ.

પરંતુ જે સંપત્તિ વિના જીવનનું કોઈ મૂલ્ય જ નથી તે પ્રાણશક્તિ તેને આપણે સંપૂર્ણ અસુરક્ષિત રાખી દીધી છે. આપણે તેના માટેના કોઈ પણ પ્રકારના રક્ષણ વિના આખી દુનિયામાં ફરીએ છીએ. કોઈ પોતાની નિરાશા આપણી અંદર મૂકી જાય છે. કોઈ પોતાનો ક્રોધ, કોઈ પોતાની ફરિયાદો, કોઈ પોતાનો ભય. આવા બધા જ મનના નકારાત્મક ભાવો છોડતા જાય છે અને આપણે આખો દિવસ બીજાઓના માનસિક ભારને વહન કરતા રહીએ છીએ.

ધીમે ધીમે આપણી ઊર્જા ઓછી થતી જાય છે અને આપણને સમજાતું પણ નથી કે આ બધું થઈ કેવી રીતે રહ્યું છે. આપણે દુવિધામાં ફસાઈ જઈએ છે, રસ્તો શોધવો મુશ્કેલ પડે છે. પરંતુ કોઈ સમસ્યા એવી નથી હોતી કે તેનો ઉકેલ ન હોય. ઉકેલ શોધવાની સાધના કરવી પડે.

આ લેખમાં આપણે સમજ્યા કે દરેક થાક શરીરની મહેનતથી નથી આવતો. ઘણીવાર આપણા પ્રાણ થાકી જાય છે, અને તેની પાછળનું કારણ છે - અજાણતાં થતો ઊર્જાનો ક્ષય. હવે પ્રશ્ન એ છે કે આ દશ્ય ઊર્જાની ચોરી કોણ કરે છે અને તેનાથી બચવાનો માર્ગ શું છે? તે રહસ્યને હવે આગળના ભાગમાં સમજીશું.

પરમનો સ્પર્શ ... કર્મ વિશે વિચાર....

પાના નં. ૨૨ પરથી ચાલુ...

શકે? એટલે કે તો પછી વ્યક્તિના ઇચ્છાસ્વાતંત્ર્યનું કોઈ મૂલ્ય જ નથી રહેતું. બીજા અર્થમાં કહીએ તો જો કર્મ જ બધું કરતું હોય, તો એનો પોતાનો એના પર કે પછી બીજા પર પણ અધિકાર રહે નહીં એટલે કે રોબોટની માફક કર્મ પણ એની એક સુનિશ્ચિત ગતિએ કાર્ય કરતું હોય. કોઈ સ્વયં સંચાલિત યંત્રની જેમ જ બધું ચાલ્યા કરે, પણ આવું નથી.

વ્યક્તિનાં જૂના કર્મો આપોઆપ એને ફળ આપતાં રહે અને એ વ્યક્તિ તત્કાલીન નિશ્ચિત કર્માધીન પરિસ્થિતિ અનુસાર નવાં કર્મો બાંધતો રહે અને એ નવા બંધાયેલાં કર્મો વળી પાછા ભવિષ્યમાં એનાં ફળો આપે તેવું બને છે. હકીકતમાં કર્મપરંપરા અને ઇચ્છાસ્વાતંત્ર્ય બંનેનો મહિમા છે. જીવ પોતે કાર્ય કરવા માટે સ્વતંત્ર છે અને એટલે જ કર્મવાદમાં ઇચ્છાસ્વાતંત્ર્યનું પણ મૂલ્ય છે. પોતાની આંતરિક શક્તિ અને બાહ્ય પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને જીવ નવાં કર્મો બાંધતાં રોકી શકે છે અથવા તો જીવ કરેલાં કર્મોને અમુક હદ સુધી ઝડપથી કે વિલંબથી ભોગવી શકે છે અથવા તો એમાં પારસ્પરિક પરિવર્તન પણ કરી શકે છે. આમ, કર્મને તમે માનો, પણ સાથે વ્યક્તિના સ્વાતંત્ર્યને પણ માનવું પડે અને એ રીતે કર્મવાદ વ્યક્તિના પુરુષાર્થને પણ પ્રમાણે છે. ■■■

પરમનો સ્પર્શ-૧૭૧

કર્મ વિશે વિચાર-૬

નિયતિ અને પુરુષાર્થની વચ્ચે ઊભું છે તમારું કર્મ !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

મારી નજર સમક્ષ બે દૃશ્યો ખડા થાય છે ! એક દૃશ્ય છે પૂજ્ય રણછોડદાસજી મહારાજનું અને બીજી ઘટના છે શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ વિશેની. બોમ્બે હૉસ્પિટલમાં પૂજ્ય રણછોડદાસજી મહારાજ સારવાર લઈ રહ્યા હતા. એમની શારીરિક સ્થિતિ ઘણી ગંભીર હતી, વેદનાઓ પણ ઘણી હતી. એવે સમયે એક વૃદ્ધાને જાણ થઈ કે આ હૉસ્પિટલના એક રૂમમાં બીમાર થઈને પૂજ્ય રણછોડદાસજી મહારાજ આવ્યા છે. એ વૃદ્ધા એના એકના એક પુત્રને લઈને હૉસ્પિટલમાં ઓપરેશન માટે આવી હતી. સ્વયં ડૉક્ટરોએ કહ્યું હતું કે, 'આ ઑપરેશન ઘણું જોખમી છે, બચવાની શક્યતા ઘણી ઓછી છે. માત્ર દસ ટકા, તેમ છતાં અનિવાર્ય હોવાથી આ ઑપરેશન કરવું પડે છે.'

આ વૃદ્ધા રણછોડદાસજી મહારાજ પાસે આવી અને એણે રૂમમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મહારાજની સંભાળ લેનાર અંતેવાસીએ એને અટકાવી અને કહ્યું, 'અંદર પ્રવેશ નહીં થઈ શકે.'

પેલી વૃદ્ધાએ કહ્યું કે, 'ના, મારે મહારાજના આશીર્વાદ જોઈએ છે એટલે કોઈ પણ ભોગે હું અંદર જવા માગું છું.' ભારે રકઝક ચાલી. થોડો કોલાહલ પણ થયો. છેવટે વૃદ્ધાએ કહ્યું કે, 'તમે બારણું ખોલો. હું બે હાથે મહારાજના દર્શન કરી લઉં અને પછી મારા દીકરાના મસ્તકે એ હાથ મૂકું, તો મહારાજના આશીર્વાદ એને મળે.'

આ બોલાચાલી મહારાજના કાને પડી. એમણે એમના અંતેવાસીને કહ્યું કે, 'ચાલો, મને લઈ જાઓ એ વૃદ્ધાના પુત્ર પાસે.'

વ્હિલચેરમાં બેસાડીને એમને એના પુત્ર પાસે લઈ ગયા. મહારાજે આશીર્વાદ આપ્યા અને પછી બન્યું એવું કે વૃદ્ધાના પુત્રનું ઑપરેશન સફળ થયું. એ સમયે ડૉક્ટરે આવીને પૂજ્ય રણછોડદાસજી મહારાજને પ્રશ્ન કર્યો કે, 'આપના આશીર્વાદથી આવું બને છે, તો આપ કેમ આટલી બધી વેદના સહન કરો છો?'

ત્યારે રણછોડદાસજી મહારાજે કહ્યું, 'ડૉક્ટર સાહબ, જો કર્મ કિયા હૈ, વો ભુગતના પડતા હૈ.'

એવી જ પરિસ્થિતિ ગુજરાતના ગૌરવ સમાન શ્રેષ્ઠિવર્યશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના જીવનના અંતિમ કાળ સમયે જોવા મળી. માત્ર પથારીમાં જ સૂઈ રહેવું પડે એવી પરિસ્થિતિમાં રહેવું પડ્યું, ત્યારે તેઓ આનંદભેર એટલું જ કહેતાં કે, 'કુમારપાળ, આ તો હું કર્મ ખપાવું છું.'

આ બે દૃષ્ટાંતોથી મારે વાચકોને એ કહેવું છે કે જો જીવનને સમજી વિચારીને જીવવું હોય અને એમાં આવતી અણધારી આપત્તિ કે વણકલ્પ્યા અકસ્માતોને સમજવા હોય કે પછી માથે આવતાં અપાર દુઃખોને ઓળખવા અને સહેવા હોય તો તમારે કર્મની લીલાને જાણવી જ પડે.

કર્મનું આ તત્ત્વચિંતન એવું છે કે જે તમને જીવવાની દૃષ્ટિ આપશે અને એથીયે વધુ તો એક પ્રચંડ બળ આપશે. એના દ્વારા શાંતિ પ્રાપ્ત થાય છે અને વ્યક્તિને સતત સાંત્વના મળતી રહે છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં કર્મવાદનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. જીવનમાં આવતા સુખ-દુઃખ અને સંસારમાં જોવા મળતું પારાવાર વૈવિધ્ય તમારી સામે વારંવાર પ્રશ્નો ઊભા કરે છે. શા માટે કોઈ સુખી અને કોઈ દુઃખી ? કેમ એક વ્યક્તિને બે રોટલા મેળવવા માટે પરસેવો પાડવો પડે છે અને કેમ એક વ્યક્તિને અતિ ભોજન પછી પરસેવો થાય છે? શાને માટે માણસ વિના કારણે દંડાય છે ? જીવનમાં એક

પછી એક એવા સંજોગો આવે કે વ્યક્તિને એમ લાગે કે મારા દુ:ખ, વેદના, યાતના અને મુશ્કેલીઓનો કોઈ અંત જ નથી.

કોઈ વ્યક્તિ દુષ્ટ કર્મો કરીને મોજથી મહાલતો હોય અને કોઈ સારાં કર્મો કરવા છતાં એનું જીવન આંસુ અને આફતોમાં ડૂબેલું હોય. આવું શા માટે ? એકની પાસે સુખની કોઈ સીમા નથી અને બીજાની પાસે દુ:ખનો કોઈ છેડો નથી. કેમ આવી પરિસ્થિતિ થતી હશે જગતમાં ? માનવીને આ મૂંઝવતો સવાલ છે. નાનકડા શિશુનું અવસાન થાય, એની પાછળ કારણ શું ? હજી એણે કોઈ કર્મ કરવાની શરૂઆત જ નહોતી કરી અને એને કેમ જગતમાંથી વિદાય લેવી પડી? એક બાજુ કેટલાંય પકવાનોવાળા ભોજન લેનારા માલેતુજારો હોય અને બીજી બાજુ એમણે ભોજન કરતા વધેલો અને કચરામાં ફેંકી દીધેલું અન્ન વીણીને ખાતા લોકો હોય ? હજારો મજૂરોની રાત-દિવસની કાળી મહેનત બાદ એક મજૂર માંડ માંડ પેટીયું રળતો હોય છે અને આલિશાન મહેલ જેવા વૈભવશાળી બંગલામાં રહેતા મિલમાલિક પારાવાર સુખ-વૈભવ વચ્ચે જીવતા હોય છે. એવું કેમ?

જગતમાં આવી વિષમતા કેમ ? શું ઈશ્વર અન્યાયી છે કે જે ભલા માનવીને વિના કારણે સજા કરે છે ? અથવા વધુમાં વધુ તો એના નાના ગુના માટે મોટી સજા કરે છે? આ બધાં પ્રશ્નોનો ઉત્તર ભારતના ઋષિમુનિઓએ શોધવાનો પ્રયત્ન કર્યો. એના ચિંતકોએ અને વિચારકોએ જીવનની ગૂંચને ઉકેલવાનો પ્રયાસ કર્યો અને એટલે જ એવી સામાન્ય માન્યતા રહી કે વ્યક્તિ જે સુખ કે દુ:ખ ભોગવે છે. તે તેણે કરેલાં કર્મના ફળ સિવાય બીજું કશું નથી. આની સાથે એ વાત સમજવી જોઈએ કે જીવ અનાદિકાળથી કર્મને કારણે જ વિવિધ ભવોમાં ભ્રમણ કરી રહ્યો છે. માણસના જન્મ અને માણસના મૃત્યુનું મુખ્ય અને મૂળ કારણ એ આ કર્મ જ છે અને ભારતીય તત્ત્વચિંતન તો કહે છે કે વ્યક્તિનો જન્મ અને વ્યક્તિનું મરણ એ જ સૌથી મોટું દુ:ખ છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં સંસારનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણએ બે વાત કરી છે-એક તો આ સંસાર 'દુ:ખાલયમ્' છે અને બીજું 'અશાશ્વતમ્' છે. અર્થાત્ આ સંસાર એ દુ:ખનો ભંડાર છે અને બીજું કે અશાશ્વત અર્થાત્ નશ્વર છે. આ સંસારમાં વ્યક્તિને ત્રણ દુ:ખમાંથી પસાર થવાનું આવે છે. (૧) જન્મવાનું દુ:ખ, (૨) જીવવાનું દુ:ખ અને (૩) મરવાનું દુ:ખ. આ રીતે આ દુ:ખમય જીવનનું કારણ શું ? એનું કારણ કર્મ છે. જીવ પોતાના શુભ અને અશુભ કર્મ સાથે પરભવમાં જાય છે. જે જેવું કરે છે, તેવું ફળ એને ભોગવવું પડે છે. 'જેવું વાવે તેવું લણે' એમ આપણે વ્યવહારમાં કહીએ છીએ, એ અહીં પણ એટલું જ સાચું છે. એક વ્યક્તિએ કરેલાં કર્મનો અધિકારી બીજી વ્યક્તિ બનતી નથી. જે વ્યક્તિ જે કર્મ કરે છે, તે જ વ્યક્તિ સાથે તે કર્મનો સંબંધ છે બીજા સાથે નહીં.

આવો કર્મવાદ ભારતના બધાં જ ચિંતનોમાં પ્રાપ્ત થાય છે અને ત્યારે એ વિચારવાનું છે કે જો આ કર્મનું જ મહત્ત્વ હોય, તો પછી જીવનમાં પુરુષાર્થનું કોઈ મહત્ત્વ નહીં ? જો કર્મ જીવનને જે બાજુ લઈ જવું હોય, એ બાજુ દોરતું હોય, તો પછી જીવનમાં કશું કરવાની જ જરૂર નહીં. નસીબ દોરે તેમ દોરવાતા રહેવાનું ? જે થતું હોય તે થવા દેવાનું? પ્રારબ્ધ જ્યાં લઈ જાય ત્યાં જવાનું ? કે પછી આપણે પુરુષાર્થ કરીને એમાં પરિવર્તન આણવાનું ? પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કરવાનો ? અનાદિકાળથી કર્મની પરંપરામાં ફસાતો હોય, જૂનાં કર્મોનું પરિણામ ભોગવતો હોય અને નવાં કર્મોનો બંધ કરતો હોય, આવું અનાદિકાળથી ચાલ્યું આવે છે. જીવ પોતાનાં કરેલાં કર્મોને ભોગવતો રહે છે અને નવાં કર્મોને બાંધતો રહે છે. આમ હોવા છતાં પણ એમ કહી શકાય નહીં કે જીવ સર્વથા કર્મને આધીન છે અથવા તો એમ ન કહી શકાય કે એ કર્મબંધને રોકવા માટે સમર્થ નથી.

આનું કારણ એ કે જો કર્મ જ પ્રભાવક હોય અને સઘળું કર્માધીન હોય, તો વ્યક્તિ પોતાની આત્મશક્તિનો સ્વતંત્રતાપૂર્વક ઉપયોગ કઈ રીતે કરી

(અનુસંધાન પાના નં. ૨૦ પર)

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૧૨૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

ચિદાનંદ એક, સ્વરૂપાનંદ એક અને સ્થૈર્યાનંદ એક જ છે. એવા પરમકૃપાળુદેવ વીતરાગ જિનવાણી વહાવતા હાથનોંધ નં. ૭ જણાવે છે કે "હું કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ નિજ અનુભવ સ્વરૂપ છું. વ્યવહાર દૃષ્ટિથી માત્ર આ વચનનો વક્તા છું. પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજિત મૂળ અર્થરૂપ છું. તમારાથી જગત ભિન્ન છે. અભિન્ન છે, ભિન્નભિન્ન છે ? ભિન્ન, અભિન્ન ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી. વ્યવહારદૃષ્ટિથી તેનું નિરુપણ કરીએ છીએ - જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગત સ્વરૂપે છે. હું સ્વસ્વરૂપે છું. તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે. તે બંન્ને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે. ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય." ગહન ભાષામાં વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ આ અક્ષરદેહમાં છે. જૈનદર્શન સ્યાદ્વાદ દર્શન છે. વસ્તુનું સ્વરૂપ સમજવા માટે બે નય કે બે દૃષ્ટિને હૃદયગત કરવી જોઈએ. પછી પરમકૃપાળુદેવની ગહનતા તથા ગંભીરતાને આંબી શકાય છે. અપૂર્વ વચનામૃત છે. જેમ જેમ સૂક્ષ્મ વિચારોથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. એવી ગહનતા અને ગંભીરતા સમજાય છે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત સમાધિતંત્રનું અમૃતરસપાન કરીને પ્લાન્વિત થઈએ છીએ. અભિન્ન આત્માની ઉપાસનાનું ફળ દર્શાવતા કહે છે કે આત્મા પોતાના આત્માની જ ઉપાસના કરી પરમાત્મા થઈ જાય છે. જેમ વાંસનું વૃક્ષ પોતાને, પોતે જ ઘર્ષણ પામીને અગ્નિરૂપ થઈ જાય છે. પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજી, અર્હંતાદિની ઉપાસનાના રાગથી પરાઙ્મુખ થઈ, સ્વસન્મુખ થઈ જીવ જો પોતાના શુદ્ધાત્માની જ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઈ શકે છે.

હવે આપણે સમાધિતંત્રના શ્લોક-૯૯ ના રહસ્યાર્થને સમજવા પ્રયત્નશીલ બનીએ.

**"इतीदं भावयेन्नित्यमवाचांगोचरं पुदम् ।
स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ॥९९॥"**

અન્વય : इति इदं नित्यं भावयेत् तत् अवाचां गोचरं पदं रचतः एव आप्नोति यतः पुनः न आवर्तते ।

શબ્દાર્થ : इति = ઉક્ત પ્રકારે, **इदं** = ભેદ-અભેદ રૂપ આત્મસ્વરૂપની નિરંતર ભાવના ભાવવી, એમ કરવાથી, **तत्** = તે, **अवाचां गोचरं पदं** = અનિર્વચનીય પરમાત્મપદને, **स्वतः एव** = પોતાની મેળે જ આ જીવ પ્રાપ્ત કરે છે, જે પદથી ફરીથી તે પાછો આવતો નથી.

ભાષાન્તર : ઉક્ત પ્રકારે ભેદ-અભેદરૂપ આત્મસ્વરૂપની નિરંતર ભાવના ભાવવી. એમ કરવાથી તે અનિર્વચનીય પરમાત્મપદને **स्वतः** પોતાની મેળે જ આ જીવ પ્રાપ્ત કરે છે. જે પદથી ફરીથી તે પાછો આવતો નથી.

ભાવાર્થ : શ્રી પૂજ્યપાદ આચાર્ય સમજાવે છે કે ભિન્ન ઉપાસનાથી કે અભિન્ન ઉપાસનાથી આત્મરમણતા થાય છે તે મહાન તપ છે અને ઉત્કૃષ્ટ નિર્જરાનું કારણ છે. જે આત્માઓ આમ આત્મરમણતા કરે છે તેમના સંપૂર્ણ કર્મનો ક્ષય થયે મોક્ષપ્રાપ્તિ સહજ થાય છે.

પરમકૃપાળુદેવની સાક્ષાત્ સરસ્વતી લખે છે કે "જે સ્વરૂપ જિજ્ઞાસુ પુરુષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે; જેથી પોતાની સ્વરૂપ દશા જાગૃત થતી જાય છે અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત થાય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શુદ્ધનયની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. આ આત્મા અને સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં ઔપાધિક ભેદ છે. સ્વાભાવિક સ્વરૂપથી જોઈએ તો આત્મા સિદ્ધ

ભગવાનની તુલ્ય જ છે. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરાવરણ છે; અને વર્તમાનમાં આ આત્માનું સ્વરૂપ આવરણ સહિત છે, અને એ જ ભેદ છે; વસ્તુતાએ ભેદ નથી. તે આવરણ ક્ષીણ થવાથી આત્માનું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

અને જ્યાં સુધી તેવું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટ્યું નથી, ત્યાં સુધી સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા સિદ્ધ ભગવાનની ઉપાસના કર્તવ્ય છે; તેમ જ અર્હંત ભગવાનની ઉપાસના પણ કર્તવ્ય છે, કેમ કે તે ભગવાન સયોગીસિદ્ધ છે. સયોગરૂપ પ્રારબ્ધને લઈને તેઓ દેહધારી છે; પણ તે ભગવાન સ્વરૂપ સમવસ્થિત છે. સિદ્ધ ભગવાન અને તેમનાં જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં કે વીર્યમાં કંઈ પણ ભેદ નથી; એટલે અર્હંત ભગવાનની ઉપાસનાથી પણ આ આત્મા સ્વરૂપલયને પામી શકે છે.

તેમજ શ્રી દેવચંદ્ર સ્વામીએ શ્રી વાસુપૂજ્ય ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે "જિન પૂજા રે તે નિજ પૂજના" જો યથાર્થ મૂળ દૃષ્ટિથી જોઈએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.

સ્વરૂપ આકાંક્ષી મહાત્માઓએ એમ જિનભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહગુણસ્થાન પર્યન્ત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે. વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે. અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્તપ્રલાપદશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે જેથી શુષ્કતા, સ્વેચ્છાચારીપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશા બળવાન થવાથી સ્વાભાવિક અધ્યાત્મ પ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે. એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતાં નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતાં નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે." જ્ઞાનાનંદી પરમકૃપાળુદેવનું આ ચિંતન મુમુક્ષુઓને સમત્વભાવ આપે છે. સાધક સીધા માર્ગે ચાલ્યો જાય છે.

વિશેષાર્થ : શ્રી પૂજ્યપાદ આચાર્ય શ્લોકમાં અને ટીકાકાર ટીકામાં અનેક દૃષ્ટિથી છણાવટ કરે છે.

(૧) अवाचां गोचरं पदम् = અનિર્વચનીય પરમાત્મપદ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે તેવા અર્હંત સિદ્ધ પરમાત્માના સ્વરૂપને જાણી તેમાં મગ્ન રહેવું. પછી આત્મસ્થ થવાનો અભ્યાસ કરવો. તેથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

(૨) पुनः न आवर्तते = પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે તેને સંસારમાં પુનઃ (ફરીથી) જન્મ લેવો પડતો નથી. સદા માટે સંસારના દુઃખોથી મુક્તિ મળે છે તે સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે.

ટીકાકાર લખે છે.

गुर्वादि बाह्य निमित्तात् न स्वतः एव = આ શબ્દો ઘણા અર્થસૂચક છે. પરમાત્મપદની પ્રાપ્તિ; પોતાથી જ, પોતાનામાંથી જ પોતાના પુરુષાર્થથી થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્યધ્વનિ, ગુરુના બાહ્ય ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે પરમપદની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.

પરમાત્મા થવાની શક્તિ સ્વયંમાં છે તે શક્તિનું શ્રદ્ધાન-જ્ઞાન કરી આત્મસન્મુખ થઈ તેને પ્રગટ કરવાનો અવિરત પુરુષાર્થ થાય તો પરમાત્મપદ પમાય છે.

ગ્રંથાધિરાજ સમયસારમાં મુનિપુંગવ કુંદકુંદ આચાર્ય ગાથા ૪૧૦ માં સમજાવે છે,

ण वि एस मक्खिमग्गो पासंडी गिहिमयाणि लिंगाणि ।
दंसणंणाणचरित्ताणि मक्खिमग्गं जिणा वेंति ॥४१०॥

હરિગીત -

મુનિલિંગ ને ગૃહિલિંગ એ, લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર દર્શન જ્ઞાનને બસ, મોક્ષમાર્ગ જિનો કહે.

દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી કારણ કે તે શરીરાશ્રિત હોવાથી પર દ્રવ્ય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ છે કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. માટે હે ભવ્ય ! શુદ્ધજ્ઞાન ચેતમાનય થઈને તું તારા આત્માને ધ્યાવ.

સાધકદશાની સાધના ભેદ-અભેદ-ભિન્ન-અભિન્ન હોય છે. સાધક અવસ્થા જ્ઞાનદર્શનાદિ

કારણોવાળી હોવાથી ભેદસ્વરૂપ છે. આત્મા પોતાના સ્વરૂપથી અભેદ છે.

ભક્તિના ભાવથી આપણે વિચારીએ તો ભગવાનનો ભક્ત ભક્તિના ભાવમાં જે કાંઇ કરે તે ભેદવાળી સાધના છે. ભક્તિના ભાવથી જ્યારે નિર્મળ બને છે અને તે નિર્મળ પરિણતિ આત્મભાવ તરફ વળે છે ત્યારે ભક્ત સ્વયં ભગવાન સ્વરૂપે બને છે. તેથી ભક્ત સાધના સમયે ભગવાનથી ભેદવાળો છે, પરંતુ સ્વયં ભગવાન સ્વરૂપે થાય છે ત્યારે અભેદ બને છે. ભક્ત અને ભગવાન એવા બે ભાગ નથી. અભેદ પરિણતિ છે.

જે પદ કેવળી ભગવન્તોના જ્ઞાનમાં પ્રગટ થવા છતાં તેનું કથન તો વચનાતીત છે. તે અનુભવાત્મક છે. માટે નિરંતર આત્મસ્વરૂપની ભાવના દૃઢ કરવી, જેથી પરમ પદની પ્રાપ્તિ થાય છે. સંસાર સંપૂર્ણ નાશ પામે છે તેમજ ત્યાંથી પુનઃ સંસારમાં આવવું પડતું નથી.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે - "**यद् गत्वा न निवर्तन्ते, तत् धाम परमं मम ।**" જ્યાં ગયા પછી પાછું ફરવું પડતું નથી. ત્યાં ગયા પછી કોઇ પાછું આવતું નથી તે મારું પરમધામ છે. મારું નિજ ધામ છે.

જે અવસ્થા નિજાશ્રિત છે, જ્યાં પરનું કોઇ અવલંબન નથી. **स्वतः एव** જે સ્વતઃ પોતાથી જ પમાય છે તથા ત્યાંથી પુનઃ સંસારમાં આગમન થતું નથી. કર્મો બધા ક્ષય થાય છે. શુદ્ધ આલંબનથી ભિન્ન ઉપાસના અને આત્મરમણતારૂપ અભિન્ન ઉપાસના એ મોક્ષમાર્ગની ઉત્કૃષ્ટ સાધના છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેન પવિત્ર મંગલમય ગિરામાં કહે છે "મુમુક્ષુ જીવ શુભમાં જોડાય પણ પોતાની શોધક વૃત્તિ સત્ સ્વરૂપની શોધને ચાલુ રાખે છે. શુદ્ધતાનું ધ્યેય છોડે નહિ. .....બાહ્ય દૃષ્ટિથી કાંઇ અંતર્દૃષ્ટિ પ્રગટતી નથી. આત્મા બહાર નથી. આત્મા અંતરમાં જ છે... પરિણામને વારંવાર અંતરમાં લગાડ... અગાધ શક્તિવાળા ચૈતન્ય ચક્રવર્તીને ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન આત્માને અંદરમાં જ લાવે છે. સ્વરૂપમાં લીનતા જામતાં જામતાં ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઇ જાય છે."

"એમ આત્મા સદા ભાવો, અવાચ્ય પદ પામશો;
એની મેળે મળે મોક્ષ, જેથી ના ફરી જન્મશે ॥૯૯॥"

- શ્રી પૂજ્ય બ્રહ્મચારીજી

"એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત॥૯॥"

- શ્રી છોટાલાલ ગાંધી

"देखो ! विशुद्ध पद को निजमें सही यों,
ध्याओ उसे वचन गोचर भी नहीं जो ।
पाओ अतः परम पावन मोक्ष-धाम
आना नहीं इधर लौट वही विराम ।।"

- પૂજ્ય વિદ્યાસાગરજી મહારાજ

સાંપ્રત સમયમાં જૈનદર્શનની ....

પાના નં. ૩૫ પરથી ચાલુ...

જૈન ધર્મ એ વિજ્ઞાન અને અધ્યાત્મનો અદ્ભુત સમન્વય કરી માનવને સુખી જીવન જીવવાનો માર્ગ બતાવે છે. જે ભગવાને ૨૫૦૦ વર્ષ પહેલા કહ્યું - વિજ્ઞાને હમણા તેની સાબિતી આપી. આ બાબત જ પુરવાર કરે છે કે જૈન ધર્મમાં જે છે તે અનોખું છે, અજોડ છે. જો તેમાં રહેલી ઉપયોગિતાને ઓળખી, મહત્ત્વને સમજી, પ્રચાર-પ્રસાર વધશે તો સુખી જીવન જીવવા માટે તે મહત્તમ ઉપયોગી બનશે. વળી વર્તમાને જે સળગતી સમસ્યાઓ છે તે સર્વેનું સમાધાન આપણને જૈનધર્મના સિદ્ધાંતો અને નિયમોનાં પાલનથી મળી શકે છે.

ત્રિકાળદર્શી આત્માઓ દ્વારા પ્રરૂપિત જૈનદર્શન અને તેમાં દર્શાવેલા વ્રતો, સિદ્ધાંતો અને નિયમો સાંપ્રત સમસ્યાઓમાં સમાધાનની 'માસ્ટર કી' છે. કોઈપણ કાળે ઉદ્ભવતા પ્રશ્નોનાં ઉત્તર તેમાંથી મળી રહે છે. આત્મિક સશક્તિકરણ જ માનવીને સુખશાંતિ અપાવી શકે છે. જૈનદર્શનનું મહત્ત્વ એટલે જ વર્તમાને ઘણું છે. રણમાં જ પાણીની ખરી કિંમત સમજાય છે તે જ રીતે સમસ્યાઓથી ઘેરાયેલા મનુષ્યને સાચો માર્ગ બતાવી સુખ-શાંતિ-સમાધિ પ્રાપ્ત કરાવનાર જૈન ધર્મની સાંપ્રત સમયમાં ખૂબ આવશ્યકતા છે. જેટલી તેની આવશ્યકતા વહેલી સમજાશે તેટલી સુખ-શાંતિ-સમાધિ વહેલા મળશે. ●●●

મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત

'જ્ઞાનસાર' શાસ્ત્રનું 'મૌન અષ્ટક' (ક્રમાંક-૨૯)

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

મૌનાષ્ટક: પૂર્ણતા, મગ્નતા, નિઃસ્પૃહતા આદિ ગુણો નિર્ગ્રંથ મુનિમાં હોય. તેમને બાહ્ય પરિગ્રહ સાથે રાગદ્વેષ, મમતા, કષાયરૂપ અંતરંગ પરિગ્રહનો પણ ત્યાગ હોય તે નિર્ગ્રંથ મુનિ-ભાવલિંગી મુનિ હોય.

પ્રશસ્ત અભિમાન એટલે હું વીતરાગ પ્રભુનો સેવક છું, કંઈ સામાન્ય વ્યક્તિ નથી. અપ્રશસ્ત અભિમાન એટલે ભાવમુનિપણું ન હોય અને દંભપૂર્વક મનાવે અને પોતે માને. તેથી વિશુદ્ધ ગુરુતત્ત્વ કેવું હોય છે એ સમજાવવા માટે આ મૌન અષ્ટકની રચના કરેલ છે.

મુનિ 'મન' ધાતુ પરથી બનેલ છે. આત્મા ચૈતન્ય પદાર્થ ત્રણે કાળે વિદ્યમાન છે. એવા આત્મદ્રવ્યને માને તે મુનિ કહેવાય. આત્માનું ત્રિકાળ અસ્તિત્વ માને તો જ તેને અનેક શુદ્ધાશુદ્ધ પર્યાયો સંભવી શકે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત સત્ છે. આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયરૂપ પણ છે, નિત્યાનિત્ય છે એમ માને તે મુનિ કહેવાય.

દ્રવ્યનિર્ગ્રંથપણું કોને હોય ? ઉપયોગ શૂન્ય મુનિ હોય. લોકો પોતાને મહામુનિ માને એ હેતુથી સાધુ આચારદ્રવ્યક્રિયા કરતા હોય, અંતરપરિણામની ધારામાં ઈન્દ્રિય વિષયભોગને ઇચ્છનારા એવા મુનિને દ્રવ્યલિંગીપણું સમજવું. સંભૂતિ, દેવકરણ મુનિ વિગેરે. ભાવમુનિ કોણ ? બાર પ્રકારના કષાયના ઉદય વિનાના, પરભાવની રમણતા છોડીને સ્વભાવમાં રમણતા કરનારા ભાવમુનિ છે.

પ્રથમના ત્રણ નય - નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય - બાહ્ય ત્યાગને પણ મુનિ કહે છે. ઉપયોગશૂન્યપણે દ્રવ્યક્રિયામાં પ્રવર્તતા હોય છે. બાહ્યમાં જે સ્થૂળદૃષ્ટિએ ત્યાગ દેખાય છે તે જોઈને તેમને ત્યાગી મુનિ છે એમ માની લે છે. ત્રણે નય પ્રવૃત્તિને વધારે મહત્ત્વ આપે છે. ચોથું ઋજુસૂત્રનય ભાવસાધુતા પ્રગટ કરવાનો અંતરંગ સંકલ્પ હોય તેને મુનિ માને છે. છેલ્લા ત્રણ નયશબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય છઠ્ઠા ગુણસ્થાનથી ક્ષીણમોહ ગુણસ્થાનમાં વર્તનારા મુનિને જ મુનિ માને છે. પ્રવૃત્તિની ગૌણતા કરી પરિણામ અનુસાર મુનિપણું સ્વીકારે છે. છેલ્લા ત્રણ નયો નિશ્ચયનયરૂપ છે. તેથી સૂક્ષ્મ દૃષ્ટિવાળા છે.

ગાથા-૧

मन्यते यो जगतत्वम स मुनिः परिकीर्तितः ।
सम्यकत्वमेव तनमौनम मौनं सम्यकत्वमेव ॥१३॥१॥

(**શબ્દાર્થ : मन्यते**= જાણે છે, **यः**= જે, **जगतत्वम**= જગતના સ્વરૂપને, **सः**= તે, **मुनिः**= મુનિ, **परिकीर्तित**= કહેલ છે, **सम्यकत्वं**= સમ્યક્ત્વ, **एव**= જ, **तत**= તેથી , **मौनं**= મુનિપણું, **वा**= અથવા, અને)

ગુજરાતી ગદ્યાનુવાદ: 'જે જગતના તત્ત્વ (સ્વરૂપ)ને જાણે છે તેને 'મુનિ' કહેલ છે. એથી સમ્યક્ત્વ એ જ મુનિપણું છે અને મુનિપણું એ જ સમ્યક્ત્વ છે.'

વિશેષાર્થ: સમ્યક્ત્વ ના પાંચ લક્ષણો: શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થાથી યુક્ત જે જગતના જીવ, અજીવ આદિ નવ તત્ત્વોને યથાર્થ ઉપયોગપૂર્વક જાણે છે, વસ્તુમાત્રને નિત્યાનિત્ય સ્વરૂપ, હેય-ઉપાદેયરૂપ, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ જાણે છે- માને છે તે મુનિ છે. અર્થાત્, આત્મા જગતનો જ્ઞાતા-દૃષ્ટા છે તે યથાર્થ જ્ઞાની છે કારણ કે જગત જે સ્વરૂપે છે તેને તે સ્વરૂપે જ જાણે છે. રાગદ્વેષની ગાંઠને છેદે છે. દ્રવ્ય અને તેના પરિણામની સ્વતંત્રતા જાણતા હોવાથી અહં-મમત્વ વિનાના હોય છે તેથી પરસંબંધી વિકલ્પોનું મૌન હોય છે તે મુનિ છે.

સ્યાદ્વાદશૈલીપૂર્વક જગતનું જેવું સ્વરૂપ છે તેવું જ જાણે છે, માને છે અને સમજે છે તે મુનિ કહેવાય છે. દીક્ષાથી દ્રવ્યલિંગીપણું છે તે સાચવીને ભાવલિંગીપણું પ્રગટાવવાનું છે. સમકિતને પણ નિર્મળ કરવાનું છે. જ્ઞાન તે છે કે જે જ્ઞાન અનુસાર શ્રદ્ધા થાય અને શ્રદ્ધા અનુસાર આચરણ થાય. તેથી જ્ઞાન, દર્શન અને આત્મસ્વરૂપની રમણતા રૂપ ચારિત્રની એકતા એ જ સમ્યક્ત્વ છે. આચારાંગ

સૂત્રમાં 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું-' કહેલ છે.

ગાથા-૨

आत्माऽऽत्मन्येव यच्छुद्रम जानाटयात्मनमात्मना।
सेयं रत्नत्रये ज्ञपतिरूच्याचारैकता मुनेः ॥१३॥२॥

(**शब्दार्थ : आत्मा**= આત્મા, **आत्मनि**= આત્મામાં, આત્માને વિષે, **एव**= જ, **शुद्धं**= શુદ્ધ, કર્મરહિત, **जानाति**= જાણે છે, **आत्मानं**= આત્માને, **आत्मना**= આત્મા વડે, **सा**= તે, **ईयम**= આ, **रत्नत्रये**= ત્રણ રત્નમાં, દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં, **ज्ञपतिरूच्याचारैकता**= જ્ઞપ્તિ (જ્ઞાન), રુચિ (શ્રદ્ધા) અને આચારની એકતા એટલે અભેદ પરિણતિ, **मुनेः**= મુનિને (હોય છે))

ગુજરાતી ગદ્યાનુવાદઃ 'આત્મા આત્મા વડે, આત્મામાં જ વિશુદ્ધ (કર્મરહિત) આત્માને જાણે એ આ રત્નત્રયમાં (દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ રત્નમાં) જ્ઞાન (જ્ઞપ્તિ), શ્રદ્ધા (રુચિ) અને આચારની અભેદ પરિણતિ મુનિને હોય છે.'

વિશેષાર્થઃ વ્યાકરણની ચાર વિભક્તિ કર્તા, કર્મ, કરણ, અધિકરણથી મુનિની અભેદ પરિણતિ બતાવે છે. જાણનાર કોણ છે? તો આત્મા છે તેથી તે કર્તા છે. કોને જાણે છે? આત્માને જાણે છે. શેના વડે જાણે છે? આત્મા વડે જાણે છે. ક્યાં જાણે છે? આત્મામાં. આ રીતે આત્મા પોતેજ પોતાના કાર્ય માટે કારકો પૂરા પાડે છે અને ત્યારે જ્ઞાન, શ્રદ્ધા અને આચાર એકરસ બની જાય છે. પોતાના કાર્યની સિદ્ધિ માટે નિમિત્ત આદિની આવશ્યકતા નથી. બાહ્ય નિમિત્ત તો ક્રમબદ્ધ ઘટના બનવામાં સહચરી થાય છે. એકને જાણ્યો તે હવે આત્મજ્ઞાનથી સર્વશ્રુતને જાણી લે છે. 'સવ્વમ જાણઈ વો એગમ જાણઈ' જે સર્વ શ્રુતિને જાણે છે તે આત્માને જાણે છે. પણ આત્માને જાણવા માટે સહુથી મહત્ત્વનું તે મોહત્યાગ છે. 'ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.'- શ્રી આત્મસિદ્ધિ.

'શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો નિજ આત્મને, પરમાર્થના વિજ્ઞાયકો શ્રુતકેવળી તેને કહે'
- શ્રી સમયસાર.

શ્રુતજ્ઞાન દ્વારા જ્યાં આત્માએ આત્માને જાણ્યો, અભેદનયથી તે શ્રુતકેવળી બન્યો, કારણ કે આત્મા સર્વજ્ઞાનમય છે.

આત્માને જાણવારૂપ જ્ઞપ્તિ, નિર્ધારરૂપ શ્રદ્ધા-રુચિ, અને તે જ આત્મતત્ત્વનું આચરણ એ ત્રણે ગુણોમાં એકતા લયલીનપણું, એકાગ્રપણું એ જ મુનિનું મુનિપણું છે. એ જ 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું' નો સાર છે. અશુભ ભાવો સાથેની એકતા એ મોહ અને અજ્ઞાન અને એ રાગદ્વેષના નિમિત્તરૂપ ભોગઉપભોગની સામગ્રીને મેળવવાનો પુરુષાર્થ એ મિથ્યા આચરણ છે. મોહનો ત્યાગ થયે જ આત્મા અંતર્મુખ થઈ પોતાને જાણી લે છે, વેદી લે છે અને તેમાં જ સ્થિર થવાનો દુર્ધર પુરુષાર્થ કરે તે મુનિ છે.

ગાથા-૩

चारित्रमात्मचरणाद ज्ञानं वा दर्शनं नुनेः।
शुध्धज्ञाननये साध्यं क्रियालाभात क्रियानये॥१३॥३॥

(**शब्दार्थ : चारित्रं**= ચારિત્ર છે, **आत्मचरणात**= આત્માને વિષે ચાલવાથી, **ज्ञानं**= જ્ઞાન, **वा**= અને, **दर्शनं**= દર્શન, **मुनेः**= મુનિને, **शुध्धज्ञाननये**= શુદ્ધ જ્ઞાનનય પ્રમાણે, **साध्यं**= સાધ્ય છે, **क्रियालाभात**= ક્રિયાના લાભથી, **क्रियानये**= ક્રિયાનય પ્રમાણે.)

ગુજરાતી ગદ્યાનુવાદઃ 'શુદ્ધ જ્ઞાનનયના અભિપ્રાયે મુનિને આત્મામાં ચાલવાથી ચારિત્ર, જ્ઞાન અને દર્શન સાધ્ય છે. ક્રિયા નયના અભિપ્રાયે (જ્ઞાનના ફલરૂપ) ક્રિયાના લાભથી મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્ર સાધ્ય છે.'

વિશેષાર્થઃ જ્ઞાનનયથી આત્માનો જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ અને તેમાં સ્થિરતા એ જ ચારિત્ર છે. જેમ છે તેમ જાણવું અને તેમાં સ્થિર થવું એ જ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. કૃપાળુદેવે પણ મૂળમારગના સ્તવનમાં આ વાતનું સમર્થન કરેલ છેઃ 'તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ મારગ સાંભળો જિનનો રે.'

છદ્મસ્થ અવસ્થામાં કેવળ આત્મરમણતા એ ચારિત્ર નથી. આત્મરમણતા પછી તદનુસાર ક્રિયા થવી તે ચારિત્ર છે. શ્રદ્ધા-જ્ઞાનને અનુસરતી શુભ ક્રિયા એ વ્યવહાર ચારિત્ર છે. તરવાનું જ્ઞાન અને તેમાં રમણતા એનાથી તરવૈયો થવાતું નથી. પણ તરવાના અભ્યાસરૂપ ક્રિયાથી તરવૈયો થવાય છે.

આત્મામાં ચાલવું એટલે ઉપયોગને આત્મા તરફ વાળવો, અંતર્મુખ કરવો. કેવી રીતે ? સ્વ-પરના વિવેકરૂપ અભ્યાસથી. બાહ્યમાં પરથી નિવૃત્ત થવારૂપ શુભ ક્રિયા કરવી. વિશેષ આવશ્યક ભાસ્યમાં બે ગુણવાળો જ આત્મા છે, અથવા માત્ર

જ્ઞાન ગુણવાળો જ આત્મા છે. જ્ઞાનગુણની વિવક્ષાભેદે જ બે અથવા ત્રણ અવસ્થા કહેવાય છે. નિર્ણય કરવાના કાળે તે જ જ્ઞાનને સમ્યક્ કહેવાય અને તે જ્ઞાન દ્વારા આસ્રવનો રોધ કરી જ્ઞાનસ્વભાવ સાથે એકતા કરી તે જ ચારિત્ર છે. જ્ઞાનની જ્ઞાનમાં રમણતા એ જ ચારિત્ર છે.

શુભ ક્રિયારૂપ યોગાત્મક આચરણ એ ચારિત્ર નથી. જ્ઞાનગુણમાં લયલીનતા એ જ નિશ્ચય ચારિત્ર છે. બાહ્ય શુભક્રિયા એ યોગનું ચારિત્ર છે. આત્માની અંતરંગ ચારિત્રરૂપ દશાને અનુરૂપ બાહ્ય ચારિત્ર સહચરી હોવાથી તેને વ્યવહાર ચારિત્ર કહેલ છે. બાહ્ય શુભાચરણના બે કાર્યો છે; અશુભથી બચવું અને અંતરંગ પરિણતિની રક્ષારૂપ.

ગાથા-૪

यतः प्रवत्तिर्ण मनौ लभ्यते वा न तत्फलम।
अतात्विकी मणिज्ञप्तिर्म णीश्रद्धा च सा यथा॥१३॥४॥

(**शब्दार्थ : यतः**= જેથી, **प्रवृत्तिः**= પ્રવૃત્તિ, **न**= નથી, **मनौ**= મણિમાં, મણિને વિષે, **लभ्यते**= પ્રાપ્ત થાય, **वा**= અથવા, **न**= નથી, **तत**= તેનું, **फलं**= ફળ, **अतात्विकी**= અતાત્ત્વિક, અવાસ્તવિક, **मणिज्ञप्ति**= મણિનું જ્ઞાન, **मणिश्रद्धा**= મણિની શ્રદ્ધા, **च**= અને, **सा**= તે, **यथा**= જેમ.)

ગુજરાતી ગદ્યાનુવાદઃ 'જેમ, જેથી મણિની પ્રવૃત્તિ ન થાય તો તે અવાસ્તવિક મણિનું જ્ઞાન અને શ્રદ્ધા છે.'

વિશેષાર્થઃ (શ્લોક ૪ અને પાંચના વિશેષાર્થ સાથે આપ્યા છે.)

ગાથા-૫

तथा यतो न शुद्धतमस्वभावाचरणम भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा न तज्ज्ञानं न दर्शनम ॥१३॥५॥

(**शब्दार्थ : तथा** = તેમ, તેવી રીતે, **यतः** = જેથી, **न** = નથી, **शुद्ध** = શુદ્ધ, **आत्मस्वभावाचरणम** = આત્મસ્વભાવનું આચરણ, **भवेत्** = થાય, **फलं** = ફળ, **दोषनिवृत्तिः** = દોષની નિવૃત્તિરૂપ, **वा** = અથવા, **न** = નથી, **तत** = તે, **ज्ञानं** = જ્ઞાન, **न** = નથી, **दर्शनं** = શ્રદ્ધા.)

ગુજરાતી ગદ્યાનુવાદઃ 'તેમ, જેનાથી શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ ન થાય અથવા દોષનિવૃત્તિરૂપ ફળ પ્રાપ્ત ન થાય તે જ્ઞાન નથી અને દર્શન (શ્રદ્ધા) નથી.'

વિશેષાર્થઃ વૈડૂર્ય મણિથી સર્પનું ઝેર ન ઉતરે તો તે મિથ્યા શ્રદ્ધા છે. તે મણિ નથી. તેવી રીતે, જે જ્ઞાનથી વિભાવરૂપ ઝેર ન ઉતરે તે અજ્ઞાન છે, તથાકથિત જ્ઞાન છે. 'જે વાંચવા, વિચારવા કે સમજવાથી આત્મા વિભાવથી, વિભાવના કાર્યોથી, વિભાવના પરિણામનો ત્યાગી ન થયો અને ઉદાસીન ન થયો તે વાંચવું, વિચારવું અને સમજવું અજ્ઞાન છે'- જ્ઞાનનું ફળ વિરતિ છે. રાગદ્વેષ-મોહના દોષની નિવૃત્તિરૂપ ફળ છે.

'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ' છે, અર્થાત્ જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી મોક્ષ છે. જ્ઞાન વિના માત્ર શુભ ક્રિયા નિષ્ફળ છે અને વિવેકરૂપ અંતરંગ જ્ઞાનક્રિયા વિના એકલું શાસ્ત્રજ્ઞાન નિષ્ફળ છે. એકાંત દ્રવ્યાચરણથી કે મિથ્યાજ્ઞાન - દર્શનયુક્ત બાહ્ય આચરણથી આત્મસ્વભાવનો લાભ નથી, પરમ પદની પ્રાપ્તિ નથી. તેનાથી રાગદ્વેષની નિવૃત્તિ થતી નથી. એવી રીતે શુષ્કજ્ઞાન એ અવેદયસંવેદય જ્ઞાન છે અને તેનાથી ચિત્તશુદ્ધિ થતી નથી. જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો હોવા છતાં તે માનકષાય અને પૂજાવાની કામનાવાળું હોવાથી આત્મા નિર્મળ નહિ થાય, ભાવભાસન પણ નહિ થાય અને ભાવભાસન વિના આત્માનુભૂતિ પણ ન થાય. પરીક્ષા કરીને માન્ય કર્યા વિના નિશ્ચયના શબ્દોનો અર્થ ન ભાસે. પાંચ ઈન્દ્રિયોના વિષયો જે અવેદય છે તેને સંવેદય માનનારું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે, ભ્રામક છે. 'વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી' અભેદ જ્ઞાન તે જ ઉત્સર્ગ જ્ઞાન છે, અનુભવાત્મક શ્રુતજ્ઞાન છે, ભાવશ્રુતજ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન તે અપવાદજ્ઞાન છે.

અનુભવાત્મક ભાવશ્રુત વડે શુદ્ધાત્માને જાણે તેને લોકપ્રદીપકરા ઋષિમુનિઓ શ્રુતકેવળી કહે છે. (સમયસાર ગાથા-૯)

જે સર્વ દ્રવ્યશ્રુત દ્વારા સર્વ દ્રવ્યોને જાણે છે તેને પણ શ્રી જિન વ્યવહારથી શ્રુતકેવળી કહે છે. (સમયસાર ગાથા-૧૦)

અનાદિકાળથી તત્સ્વરૂપ આત્માના જ્ઞાનના અભાવને લઈને અતતમાં પોતાના સ્વરૂપની ભ્રાંતિ આત્મજ્ઞાનથી હણાય છે, દૂર થાય છે. તત તત્ત્વં અસિ' તે એટલે કોણ? તો કહે કે 'અહં બ્રહ્માસ્મિ'.

(ક્રમશઃ)

ભગવાન નેમિનાથ દીક્ષાકલ્યાણક

બા.બ્ર. બિન્દુદીદી (રાજકોટ)

રથ આગળને આગળ ધપી રહ્યો છે. અશ્વો ગતિમાન છે. ગંતવ્ય સુધી પહોંચવાનું છે. મંગલ અવસર છે. જીવનમાં આ અવસર, આ પળ એક જ વાર પ્રાપ્ત થાય છે. તે પળની પ્રતીક્ષામાં લાખો જનસમૂહના નેત્રો આતુરતાભર્યા નજરે પડે છે. યાત્રી રથમાં છે અને રથ અબાધિત પથને કાપતો અવિરત ચાલતો રહે છે. રથ - યાત્રી પોતાના મનોરથના પૂર્તિ હેતુ દૃઢ સંકલ્પિત છે. લક્ષ્યની પ્રાપ્તિ હેતુ તે આતુર છે; તેમ છતાં તે સંયત દેખાય છે. બસ, હવે થોડીક જ દૂરી રહી છે. પરંતુ ન જાણે કેમ ! એમ પ્રતીત થાય છે કે કદાચ સંકલ્પ પૂર્ણ નહીં થાય. સંકલ્પ પરિવર્તનને યોગ્ય નથી હોતો. કેમ કે, સંકલ્પ જીવનની ઉન્નતિ માટે, જીવનના ઉત્થાન માટે તો કરવામાં આવે છે.

સંકલ્પ કેવળ જીવનનિર્વાહ માટે નહીં, જીવનનિર્માણ માટે હોય છે. દૃષ્ટિમાં મુક્તિના સ્થાને, બંધન અને જીવનમાં સ્વતંત્રતાના સ્થાને પરતંત્રતા પડે તો તે યોગ્ય સંકલ્પ નથી. રથ ગંતવ્ય સ્થાને પહોંચવા લાગ્યો, ત્યાં તો આનંદના સ્થાને ચિત્કારો સંભળાવા લાગ્યા અને પથમાં બેઠેલા પથિકે કહ્યું, 'રથ રોકો, રથ રોકો' રથ રોકવામાં આવ્યો. યાત્રી એકલો જ, સાથી-સંગાથી વિના ચિત્કારના સ્થાન ભણી અને ભાવિના પરમ કલ્યાણના સ્થાન ભણી ચાલી નીકળ્યો. પ્રશસ્ત માર્ગ તો તૈયાર જ હતો, માત્ર નિમિત્તની જ વાર હતી. આશ્ચર્ય ! સંકલ્પ પરિવર્તિત થયો. રાજુલ સુંદરી સાથેના મંગલ પરિણયનો સંકલ્પ હવે થોડી જ પળોમાં મોક્ષસુંદરીના પરિણયમાં પરિવર્તિત થવાનો છે. જ્યાં વિવાહનો મંગલ અવસર હતો ત્યાં પશુઓનું ક્રંદન સાંભળી. તેમને બંધનમાં નિહાળી નેમિકુમારના જીવનનો સમૂળગો પથ જ પરિવર્તિત થઈ ગયો.

હવે નેમિકુમારના જીવનનું લક્ષ્ય બંધનમુક્ત થવાનું છે. હવે આઝાદીના સ્વરો કાનમાં પ્રવિષ્ટ થઈ રહ્યાં છે. મૂક પશુઓની આઝાદીની સાથે-સાથે પોતાનાં કર્મબંધનથી પણ આઝાદીની પળો પ્રતિબિંબિત થઈ રહી છે. નિમિત્ત મળી ગયું. સંસારી પ્રાણીને નિમિત્તોની ક્યાં કોઈ કમી છે! પરંતુ તેનો પથ પરિવર્તિત નથી થતો. પરિણયનો પ્રેમી નેમિકુમાર હવે વૈરાગ્યનો પ્રેમી બની રહ્યો છે એ વાત હવામાં ફેલાતી ચાલી. જનસમૂહ, પરિવાર, સર્વજનો ચકિત છે કે આ શું થયું ! બધાં જ કિંકર્તવ્યવિમૂઢ થયાં છે. આ સમાચાર સાંભળી એક બીજો આત્મા પણ નેમિકુમારને અનુસરવાની તૈયારી કરવા લાગ્યો છે. એક આત્મા ગિરનાર ભણી પ્રયાણ કરી રહ્યો છે અને બીજો આત્મા, રાજુલસુંદરીનો ગિરનારી બનવા દૃઢ સંકલ્પી થઈ ચૂક્યો છે.

જે અહિંસાનો ઉપાસક હોય, તે એક જ પથને પ્રશસ્ત માને છે કે જે પથમાં અહિંસાનું પોષણ હોય. અહિંસા-પથનો પથિક પોતાના પથનું નિર્માણ સ્વયં જ કરે છે. પથનું નિર્માણ તો પથ પર ચાલવાથી જ થાય. મહાવ્રતી જ અહિંસાના પથ પર ચાલી શકે છે. મહાવ્રતી એકલો મહાન પથ પર ચાલી નીકળે છે અને પછી અનેક લોકો તેની પાછળ ચાલી નીકળે છે, તેથી જ તે મહાવ્રતી છે.

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

- મહાઉપનિષદ્ અધ્યાય-૪

આ મારું, આ તારું, એવી મનોવૃત્તિ સંકીર્ણતાનું પ્રતીક છે. ઉદાર આચરણવાળા ઉદારમના તો સમગ્ર વસુંધરાને જ પોતાનું કુટુંબ, પરિવાર માને છે. આવા ઉદાર ચરિત્રવાન મુક્તિનું ભાજન બને છે. તેઓ એવા પથનું નિર્માણ કરે છે કે જે પથના માધ્યમથી સ્વયંનું તો કલ્યાણ થાય, સાથે સાથે અન્ય જનોનો કલ્યાણમાર્ગ પણ પ્રદર્શિત થાય. જેના દ્વારા હિંસાનું પોષણ થાય, અન્ય જીવો આહત પામે, જેના દ્વારા જીવન પતિત બનતું ચાલે, જેના દ્વારા જીવોમાં પરસ્પર દીવાલ ઊભી થાય, સ્વાર્થપરાયણતા આવે તે પથ અહિંસાનો પથ નથી.

આ જ કારણ હતું કે તોરણદ્વારે પહોંચીને પથ બદલાઈ ગયો. કાનોમાં દયનીય જીવોનો આર્ત્તધ્વનિ પડી ગયો. લાખો લોકોએ પણ એ સાંભળ્યો હતો પરંતુ મૂક પ્રાણીઓનાં વેદનાભર્યા અવાજ વાસ્તવમાં જો કોઈએ સાંભળ્યા હોય તો તે નેમિકુમારે સાંભળ્યા છે. ધન્ય છે તે અહિંસા-પથનો પથિક ! જાનને, વિવાહમાં આવેલા મહેમાનો વગેરેને ખુશ કરવા વન્યજીવોની હિંસા ! ઓહો ! આ મહાપાપ છે ! આ પાપભર્યા સંસારનો આજે જ ત્યાગ છે ! અને અહિંસાના સમર્થક, કરુણાકર, સમગ્ર સૃષ્ટિના કલ્યાણમાર્ગ પર ચાલનારા, ઉદાર-ચરિત્ર મહાન પુરુષ નેમિકુમાર પોતાની અપાર સંપત્તિ, વૈભવ ઈત્યાદિનો ત્યાગ કરી, તીર્થંકરપદના પ્રશસ્ત માર્ગ પર ચાલી નીકળ્યા. પ્રેમ, ત્યાગ અને આધ્યાત્મિક સમર્પણની પરાકાષ્ઠાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ રાજેમતી જેઓ આઠ-આઠ ભવોથી નેમિકુમાર સાથે ગાઢ ઋણાનુંબંધ અને પવિત્ર સંબંધથી જોડાયેલા હતા તેઓ પણ હવે પોતાના આઠ ભવોના લૌકિક બંધનોનો ત્યાગ કરી અંતિમ અલૌકિક મુક્તિને વરવા તૈયારી કરી રહ્યાં છે. નેમિનાથના દીક્ષા કલ્યાણકનો આ ધન્ય દિવસ હતો શ્રાવણ સુદ ષષ્ઠમી.

જો જીવનમાં દયા છે તો જીવન ધર્મમય છે. દયામય ધર્મ, અહિંસા ધર્મ એક મોટા વટવૃક્ષ સમાન છે અને શેષ સઘળાં સત્ય, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય તેના જ સંવર્ધન, સંરક્ષણ અને પોષણ હેતુ છે.

પરિગ્રહનો અર્થ છે મોહ, મૂર્ચ્છા. વસ્તુઓ, પદાર્થો પ્રત્યે અત્યંત આસકિત. દયાધર્મના વિકાસ અર્થે, શાંતિ અને આનંદના પ્રસાર કાજે જેણે ધન-સંપત્તિ ઈત્યાદિનો સંગ્રહ કરી, સમય સમય પર વિતરણ કર્યું છે તે પરિગ્રહ અને પાપનો સંગ્રહકર્તા નથી.

धम्मो मंगल मुद्दिट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तस्स पणमंति, जस्स धम्मे सया मणो ॥

શ્રી ગૌતમ સ્વામીએ ધર્મને મંગલસ્વરૂપ અને સર્વશ્રેષ્ઠ કહ્યો છે. અહિંસા, તપ અને સંયમ જ મંગલમય ધર્મ છે. જેનું મન સદાય આવા ધર્માચરણમાં લાગેલું રહે છે, દેવતાઓ પણ તેને નમસ્કાર કરે છે. આ જૈન ધર્મ વિશ્વધર્મ છે. ભગવાન આદિનાથે પ્રરૂપેલા અહિંસાદિ ધર્મોનું પાલન કરતા જૈન થવાશે. જિંદગી ભલે ને ટૂંકી હોય પરંતુ અહિંસામય હશે તો તે મૂલ્યવાન છે. ક્ષણભર પણ ધર્મની સાથે જીવનારો જીવ ધન્ય છે.

ભગવાન આદિનાથ, નેમિનાથ આદિ તીર્થંકર દેવોએ તપશ્ચર્યા બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જીવ માત્રને એ જ ઉપદેશ આપ્યો છે કે પ્રત્યેક આત્મા પોતાનું આત્મકલ્યાણ કરવા સ્વતંત્ર છે અને 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' સૂત્ર પ્રમાણે અહિંસાધર્મને જીવનમાં અપનાવી, કરુણાવાન થઈ, દયાધર્મમાં ઓતપ્રોત થઈ પરસ્પર ઉપકારની ભાવના રાખી જગતના સમસ્ત જીવોનું કલ્યાણ ઈચ્છી, તેમને તેમના આત્મકલ્યાણના પુરુષાર્થમાં સહાયક થવાની મંગલ ભાવના રાખવી.

પ્રાણી માત્રનું કલ્યાણ થાઓ !
અહિંસા પરમો ધર્મની જય હો !

ક્રોધ

ક્રોધને કારણે માનવી વર્ષોથી જાળવી રાખેલા સંબંધોને ક્ષણવારમાં સળગાવી નાખે છે, તો ક્રોધને કારણે માનવી વર્ષોથી જમાવેલ પ્રતિષ્ઠા પર નિમેષમાત્રમાં પાણી ફેરવી દે છે. ક્રોધના કારણે માનવી પારિવારિક શાંતિને આગ લગાડી દે છે. ક્રોધના કારણે માનવી ખુદના જીવનની સ્વસ્થતાને બગાડી દે છે. ક્રોધના કારણે માનવી રોગોનો ભોગ બને છે, વેર-વિરોધનો પણ ભોગ બને છે.

★ Anger is danger.

★ Excite have no site.

★ ક્રોધ જો કાબૂમાં, તો મન સદા આબુમાં

★ સંવત્સરીનો સાંભળો સંદેશ,
ક્ષમા પહોંચાડે સિદ્ધોને દેશ.

★ ક્ષમા છે વીરોનું ભૂષણ, ટાળે છે આત્માનું દૂષણ, કરે છે કર્મોનું શોષણ, ઉજવીએ સાચા પર્યુષણ.

સાંપ્રત સમયમાં જૈનદર્શનની મહત્તમ આવશ્યકતા

પારુલબેન ભરતકુમાર ગાંધી

પ્રસ્તાવના :- હાલ વિશ્વમાં મુખ્ય ગણી શકાય તેવા લગભગ ૧૧ ધર્મો પ્રવર્તમાન છે. આ ૧૧ ધર્મોનું ઉદ્ભવસ્થાન જોઈએ તો (૧) હિંદુ, (૨)બૌદ્ધ, (૩)શીખ, (૪) જૈન, આ ચાર ધર્મ ભારતમાં ઉદ્ભવ્યા છે. (૫) તાઓ, (૬) કન્ફ્યુસિયસ એ બે ચીનમાં, (૭) સિન્ટો જાપાનની દેણગી છે. (૮)યહુદી, (૯)ખ્રિસ્તી, (૧૦) ઈસ્લામ, (૧૧)જરથોસ્તી એ ચાર ધર્મ પશ્ચિમમાં ઉદ્ભવ્યા છે.

ધર્મનું ઉદ્ભવસ્થાન પૂર્વ અને પશ્ચિમ બંને છે. આથી બંનેની સંસ્કૃતિઓ જુદી જ હોય. પૂર્વની સંસ્કૃતિ જીવનનાં પ્રાણરૂપ હોય. માનવીય મૂલ્યોને તેમાં ઊંચા સ્થાને રખાયા છે. દયા, લાગણી, પ્રેમ, કરુણા, ભાઈચારો, નિઃસ્વાર્થતા, ન્યાય, અતિથિસત્કાર, ઔચિત્યપાલન, સંતોષ, સદાચાર, શાંતિ જેવા ગુણોની તેમાં ખિલવણી થતી તેમ જ ઉત્તરોત્તર વધતાં દરેકનાં જીવનમાં સુપેરે વણાઈ જતાં હતાં. સુખ અને દુઃખ જીવનના બંને પાસાને સમજી જીવતાં - મરતાં માણસને આવડતું હતું. યમ-નિયમ-પ્રાણાયામ-યોગ વગેરે દ્વારા લોકો જીવનને સુંદર રીતે બેલેન્સ કરી શકતા. આત્માનું અસ્તિત્વ છે અને તેને લાગતી દરેક બાબતોને યોગ્ય રીતે સમજી જીવનમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારેયને દરજ્જાનુસાર મહત્ત્વ અપાતું. અહિંસા, સત્ય, આચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ સિદ્ધાંતોને તેમ જ તે જેમાં વણાયેલા છે તેવા સંયમ, અહિંસા, તપરૂપ ધર્મને સમજી લોકો તેનું સુંદર રીતે આચરણ કરતાં; જેને કારણે ધર્મ-ધર્મનો પ્રચાર-પ્રસાર અને ધર્મઆધારિત જીવન હતાં.

વર્તમાને પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો ફૂંકાયો છે. યુગ પરિવર્તનની સાથે યુગમાં થનારી પ્રવૃત્તિઓ અને જીવનમાં લક્ષ્ય પણ બદલાઈ ગયા છે. આજે ચારે બાજુ વિકાસ-વિકાસનાં નારા ગૂંજી રહ્યા છે. માનવીની બૌદ્ધિક તાકાત વધી છે, વિજ્ઞાન આગળ વધ્યું છે, તત્ત્વજ્ઞાન ખેડાયું છે, ચંદ્રલોક અને મંગળ ગ્રહ હાથવેંતમાં લાગે છે, સ્ત્રી તે પુરુષ સમોવડી બની છે, બાળકો નાનપણથી જ મોબાઈલ-મોબાઈલ રમતાં શીખી ગયા છે. ઘરનાં કાર્યો કરવા માટે યંત્રોની ફોજ હાજર છે. પરસેવો પાડ્યા વિના બધા કાર્યો સરળતાથી થઈ જાય છે. ભૌતિક સાધનોની ભરમાર વચ્ચે માનવીનો અહમ્ ગળતો ન હોય, શાંતિનો અનુભવ થતો ન હોય, અંતઃકરણને જોઈતી શાંતિ મળી શકતી ન હોય ત્યારે સમજી લેવું જોઈએ કે આ વિકાસનો નહિ પરંતુ વિનાશનો માર્ગ છે, ઉત્થાનનો માર્ગ નથી પરંતુ પતનનો માર્ગ છે અને આપણે તે તરફ ધસી રહ્યા છીએ. આજે આ બધી ભૌતિકતાની ભરમાર વચ્ચે, ઉત્થાનના માર્ગે આગળ વધવા, સુખ શાંતિ અને સમાધિ મેળવવા, વાસ્તવિક વિકાસ કરી પ્રગતિના શિખરે બેસાડે તેવા જૈનદર્શનની-ધર્મની મહત્તમ આવશ્યકતા છે.

વર્તમાન મનુષ્ય આવશ્યક (Need), આરામદાયક (comfort) તથા ઐશ્વર્ય (Luxery) વચ્ચેનો વિવેક ખોઈ બેઠો છે. અમર્યાદિત સપનાઓ અને લાલસાઓ મનુષ્યનાં મનમાં સળવળી રહ્યા છે. ઈચ્છાઓ અને આકાંક્ષાઓના આ જગતમાં સ્વૈરવિહાર એટલે ઉપભોક્તાવાદે જીવનની ફિલસૂફી બદલી નાખી છે. પહેલા આબરૂ એ મૂડી ગણાતી, હવે મૂડી એ જ આબરૂ ગણાય છે. જળ, જમીન અને જંગલ પરના માનવીનાં આક્રમણે આજે દશા અને દિશા બદલાવી નાખી છે. માનવીની વધતી જતી બહિર્મુખતાએ અનેક સમસ્યાઓને જન્મ આપ્યો છે. આવા સમયમાં ત્રણે કાળને પોતાની હથેળીમાં કમલવત્ નિહાળતાં સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલો જૈનદર્શન - જૈન ધર્મ લોકોને સુખી જીવન જીવવાનો માર્ગ ચીંધી શકે છે.

જૈન ધર્મ એ માત્ર જૈનોનો ધર્મ નથી. આખી દુનિયામાં શાણા-સમજુ-બુદ્ધિજીવીઓએ તર્કના, વૈજ્ઞાનિકતાના, દૂરંદેશિતાના, સૂક્ષ્મતાના આધાર પર

જેની ખૂબ પ્રશંસા કરી છે તેવો વિશ્વધર્મ બનવા તરફ આગળ વધી રહેલો ધર્મ છે. આ ધર્મ સમાજ અને રાષ્ટ્રને ઘડનારું અગત્યનું પરિબળ બની શકે છે. માનવને આત્મામાંથી પરમાત્મા બનાવી શકે છે. પ્રગતિના પંથે લઈ જનારી પ્રચંડ તાકાત છે. જીવનને તરવાની એકમાત્ર નૌકા છે. માનવીને પ્રેરણા આપનારું, માનવજીવનને ઉદાત્ત, મહાન, પવિત્ર, નેક, નીતિપૂર્ણ બનાવનારું દિવ્ય અને મંગળ તત્ત્વ છે. ધર્મનાં નૈતિક નિયંત્રણો જ માનવીને અનેક પાશવી વૃત્તિઓથી દૂર રાખી તેનું રક્ષણ કરે છે. સમાજજીવનને સ્વસ્થ રાખે છે. આવા ધર્મને લીધે જ સમાજ અરાજકતા, અવ્યવસ્થા અને અનૈતિકતાની બદીઓથી બચી શકે છે. આવો ધર્મ જ સમાજમાં સંવાદિતા અને સંગઠન લાવી અખંડિતતાની તાકાત બની શકે છે.

પરંતુ વર્તમાન વાસ્તવિકતા એ બની છે કે ધર્મ આચારમાંથી ઘટતો જાય છે, ધર્મનું સ્થાન ડગમગી ગયું છે. ધર્મ ક્રિયામાં, મંદિરોમાં, ટોળામાં જોવા મળે છે પરંતુ માનવીના હૃદયમાં સ્થિત થયેલો જોવા મળતો નથી, એટલે જ ટીવી પર હજારો માનવીનાં મરણનાં સમાચાર જોતો માનવી હસતો-હસતો જમી શકે છે. મા-બહેનોની આબરૂ લૂંટાતી જોઈ રહેલા (કહેવાતા) મર્દો તેનો વિડીયો ઊતારી શકે છે પણ એ શકુનિનો સામનો કરવાની હિંમત એનામાં નથી. પોતાની કૂખમાં રહેલા બાળકને પૃથ્વી પર અવતર્યા પહેલા યમલોકે પહોંચાડવા માટે માતા-પિતાઓ આજે મેદાને પડ્યા છે. આવી તો અનેક સમસ્યાઓએ વિકરાળ જડબું ખોલ્યું છે. આ વકરેલી સમસ્યાઓને નાથવાની અમોઘ જડીબુટ્ટી એટલે મારા તીર્થંકર દેવોએ પ્રરૂપેલો જૈન ધર્મ-જૈન દર્શન.

સાંપ્રત સમયમાં જૈન દર્શનની આવશ્યકતાઃ-

આજે ચારે બાજુ સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે ત્યારે તેનું સમાધાન આપણને જૈનદર્શન પાસેથી મળી શકે તેમ છે. સદાચાર, સદ્‌વિચાર અને સત્ય વાણીનો સમન્વય એ જ મૂળ ધર્મ છે. ચૈતન્યપ્રીતિ એ મૌલિક ધર્મનું લક્ષણ છે, જે અનેક સમસ્યાઓનું સમાધાન આપે છે.

કેવળજ્ઞાની ભગવંતોએ ધર્મના બે પ્રકાર મુખ્યત્વે બતાવ્યા છે. સર્વવિરતિ ધર્મ - જેઓ સંયમ લઈ પાંચ મહાવ્રતનું સંપૂર્ણપણે પાલન કરે તે. દેશવિરતિ ધર્મ - જે સંયમ ન લઈ શકે તેઓ અંશતઃ બાર વ્રત ધારણ કરી ધર્મનું પાલન કરે તે.

ભગવાને બાર વ્રત બતાવ્યા. પાંચ અણુવ્રત કે મહાવ્રત - ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. આ બાર વ્રત જ બધી સમસ્યાઓનું સમાધાન કરવાની 'માસ્ટર કી' છે. આ વ્રતો દ્વારા સળગતી સમસ્યાઓનું સમાધાન કઈ રીતે મળે તે જોઈએ તો,

(૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત - હિંસા ન કરવી, જીવોની દયા પાળી, કોઈને દુઃખ ન પહોંચાડવું.

(૨) મૃષાવાદ વિરમણ વ્રત - જૂઠું ન બોલવું.

(૩) અદત્તાદાન વિરમણ વ્રત - બીજાની વસ્તુ પૂછ્યા વગર લેવી નહિ.

(૪) મૈથુન વિરમણ વ્રત - જીવનમાં અબ્રહ્મ જેવા દૂષણો વિકસાવવા નહિ.

(૫) પરિગ્રહ વિરમણ વ્રત - જીવનજરૂરિયાતથી વધુ વસ્તુનો સંગ્રહ ન કરવો.

આજે અણુબોંબ અને પરમાણુબોંબનાં, જમાનામાં માનવી એકબીજાનું લોહી પીવા તૈયાર થયા છે. ઠેરઠેર હિંસાનું તાંડવનૃત્ય ચાલી રહ્યું છે. બીજા ધર્મો 'જીવો અને જીવવા દો' એમ કહે છે. ત્યારે, જૈન ધર્મ એમ કહે છે કે, 'પોતે મરીને પણ બીજાને જીવાડો.' માત્ર પ્રાણનું હરણ જ નહિ પરંતુ કોઈને દુઃખ થાય તેવું કાર્ય ન કરવું. કડવા વચનો ન કહેવાં. આવું હિંસાનું સૂક્ષ્મ રૂપ જૈનદર્શનમાં બતાવ્યું છે. હાલતા-ચાલતા, નજરે દેખાતા જીવોની દયા તો પાળવી પરંતુ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તથા સૂક્ષ્મ જીવોની દયા પાળવાનું જૈન ધર્મ કહે છે. અભયદાન-જીવદયાનું આવું સૂક્ષ્મ બીજા કયા ધર્મમાં જોવા મળે ?

આ પાંચેય અણુવ્રતોનાં સરવાળામાં ''અહિંસા પરમો ધર્મ'' ની છાયા દેખાશે. યંત્રોનાં ઉપયોગથી બેરોજગારી, વ્યવહાર કે વિચારમાં પરપીડનવૃત્તિ, સ્વાર્થ માટે વિશ્વાસઘાત, માયા-કપટ દ્વારા છેતરવા, લુચ્ચાઈ કરવી, ખોટું બોલવું આ બધાં જ હિંસાનાં જુદા જુદા રૂપો છે. લુંટારા તો કોઈકવાર લૂંટે પણ આવા મૂછે તાવ દઈને લૂંટનારા રોજ રોજ લૂંટ ચલાવે છે. ધન, યશ, આશા, આજીવિકા, સલામતી, પ્રાણ અને સપનાની લૂંટ

હિંસાના જ રૂપ છે. જૈન ધર્મ દ્વારા આ બધી વસ્તુઓની મનાઈ ફરમાવી જીવદયા પાળવાની વાત કરવામાં આવી છે.

કટુ વચન, વાક્ચાતુર્ય, કોર્ટ કચેરીમાં કે વ્યવહારમાં જૂઠું બોલી પોતાનું કાર્ય કરવું, માયા - કપટ દ્વારા પોતાની વાહ-વાહી કે કાર્ય કરાવવું, ખોટું બોલી તમાશા કરાવવા વગેરેથી દૂર રહી બને ત્યાં સુધી સત્ય અને પ્રિય જ બોલવું. સાચું ન બોલાય તેમ હોય તો મૌન રહેવું.

કરચોરી, વ્યાપારમાં ભેળસેળ, દાણચોરી, ચોરાઉ વસ્તુ લેવી કે ચોરી કરવી તે. કોઈની કિંમતી વસ્તુ તો ન લેવી પણ નકામી વસ્તુ પર પણ માલિકને પૂછ્યા વગર લેવી નહીં.

લગ્નબાહ્ય અનૈતિક સંબંધો, ટીવી, સિનેમા, ગર્ભપાત, વ્યભિચાર, દહેજ, છૂટાછેડા, માતા-પિતા કે માતા અથવા પિતા વગરનાં બાળકોની દયનીય સ્થિતિ, બળાત્કાર, ભૃણહત્યા જેવી સમસ્યાઓ અત્યારે વકરી છે. નાનપણથી જ સંસ્કાર ન અપાતા હોઈ, સાચી સમજણ ન અપાતી હોય, કો-એજ્યુકેશન, મોબાઈલ-પોનોગ્રાફી વગેરેને કારણે અત્યારે વિકટ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે. અબ્રહ્મને કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ માટે બ્રહ્મચર્યપાલનનો શ્રેષ્ઠ ઉપાય આત્મસંયમ, ઇન્દ્રિયો પર સંયમ કેળવવો ખૂબ જરૂરી છે તે આ વ્રતના સમજણ અને પાલનથી મળે.

આર્થિક અસમાનતા,ખૂન, મારામારી વગેરે પરિગ્રહને કારણે મોટેભાગે થતાં હોય છે. આ ઉપરાંત અગણિત વૈભવ, જરૂરથી વધારે ઘરેણાં, કપડાં, મિલકત, રાચરચીલું, સોના-ચાંદી, જમીન-મકાન વગેરેને કારણે ઘણી બધી સમસ્યાઓ ઉદ્‌ભવે છે.

ઉપર દર્શાવેલી બધી સમસ્યાઓ જે તે વ્રતના પાલનથી અને સમજણપૂર્વક જેને આચરણમાં મૂકવાથી હલ થઈ શકે છે. ઉપર પ્રમાણે ક્રમશઃ પાંચ અણુવ્રત-મહાવ્રતનાં સમજણપૂર્વકના પાલનથી કઈ કઈ સમસ્યાઓ હલ થઈ શકે છે તે જોયું. આ ઉપરાંત પણ વૈર-વૃત્તિ, આરોગ્યનું જોખમ, માનસિક તણાવ, આંતરકલહ, જીવસૃષ્ટિનાં અસ્તિત્વ પર જોખમ, વાપરો અને વેડફોની નીતિ, નૈતિકતાનું ધોવાણ જેવી ઘણી બધી સમસ્યાઓ રાક્ષસી જડબાં ખોલી આપણી સામે અટ્ટહાસ્ય કરી રહી છે. એ બધાનું સમાધાન આપણને આ બાર વ્રતની સમજણ, આચરણ, સત્સંગ આરાધન વગેરેથી અવશ્ય મળી રહે છે.

ઉપરનાં પાંચ વ્રતોનું પાલન કરનાર અનીતિ, વિશ્વાસઘાત, આરંભ-સમારંભ-ક્રૂરતા અને હિંસાનાં કર્મબંધમાંથી મુક્ત થાય છે. લોકમાં પ્રશંસા, ચિત્તમાં શાંતિ, જીવનમાં પ્રસન્નતાનો અનુભવ કરે છે. આ વ્રતો જીવનને વિશુદ્ધ કરવા, આત્માને પવિત્ર બનાવવા, જન્મ-મરણ ઘટાડવા, આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરવા ઘણા ઉપયોગી છે. વ્રતને આદરનારનાં ચિંતા-દુઃખ અને ભય દૂર થઈ જાય છે. આથી જ સાંપ્રત સમયમાં જૈન ધર્મનું-દર્શનનું મહત્ત્વ ઘણું વધારે છે અને ભવિષ્યમાં પણ રહેશે. પાંચ અણુવ્રતનું મહત્ત્વ અને વર્તમાને તેની આવશ્યકતા વિશે આપણે ટૂંકમાં પણ સમજી શકાય તે રીતે જોયું. પાંચ અણુવ્રતની સાથે ત્રણ ગુણવ્રતનું મહત્ત્વ પણ ઘણું જ છે તો હવે તેના વિષે જોઈએ....

(૬) દિશા પરિમાણ વ્રત : દશે દિશામાં ગમનાગમનની મર્યાદાનો સ્વીકાર.

(૭) ભોગોપભોગ પરિમાણ વ્રત : એકવાર વપરાય તેવી વસ્તુ તે ભોગ અને વારંવાર વપરાય તેવી વસ્તુ તે ઉપભોગ. તે શા માટે, કેવી રીતે વાપરવી તેનો વિવેક કરાવનાર, કુદરતી સંપત્તિનો ઉપયોગ, વ્યવસાય, અંગેનું માર્ગદર્શન આપતું વ્રત.

(૮) અનર્થદંડ વિરમણ વ્રત :- બિનજરૂરી પ્રવૃત્તિ કરવી, કરાવવી, અનુમોદવી નહિ.

ગુણવ્રતની સમજણ અને પાલનથી નિરર્થક પ્રવૃત્તિ પર અંકુશ લાદવા બળ મળશે. જ્યાં-ત્યાં રખડવું, ગમે ત્યાં અને ગમે ત્યારે ભટકવું, મનની ચંચળતાને કારણે રખડતાં રહેવું. આ બધી બાબતો પર અંકુશ મૂકી આવાગમનના સાધનો જેવા કે મોટર, પ્લેન, ટ્રેન,બાઈક વગેરેનો વ્યર્થ વપરાશ ત્યાગવો. ખાવું ઓછું - નાખી દેવું ઝાઝું, ભોગવવું ઓછું, સંગ્રહ વધારે, જીવવું ઓછું, પ્લાનિંગ વધારે - મૃગજળ પાછળ ભટકતાં-ઝાંવા નાખતા મૃગ જેવી મનુષ્યની સ્થિતિ છે. સાચી સમજ અને વ્રતનાં પાલન દ્વારા છેતરામણા સુખ પાછળ દોડવાની નિરર્થક પ્રવૃત્તિમાં 'ઉપયોગ' લાગે છે. ક્ષણિકનો શૃંગાર-ભોગરસ, સ્વાર્થ ખાતર વાણી અને વિચારનો

દુરુપયોગ, સોશિયલ મીડિયાનાં પ્રભાવે આંખ-બુદ્ધિ સાથે જીવન બગાડનારી વિકાસની વૃત્તિઓ અને મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ દ્વારા વિચાર-વાણી-વર્તન ત્રણેને બગાડનાર વર્તમાન ટેક્નોલોજીનાં દુરુપયોગથી બાહ્ય સંસાર વધે છે. અનર્થદંડ વિરમણ વ્રતમાં 'અપધ્યાન આચરણ' ની વાત આવે છે. "મારું સારું થાય, ધન-સંપત્તિ વૈભવ મળે, મારા વેરીનું ખરાબ થાય, તે મરી જાય." આવા આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જીવની સાત્ત્વિકતાને, ચૈતન્યને હણી નાખે છે. આ ત્રણ ગુણવ્રત ઈચ્છાઓને મર્યાદિત કરી, એષણાઓને સંકોરી, પ્રવૃત્તિના વ્યાપને ઘટાડે છે. માનવને વિવેક દ્વારા આચરણ કરવાનું શીખવે છે. દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી કાર્ય કરતાં શીખવે છે. અનેક નકામી પ્રવૃત્તિઓ પર રોક લગાવી ભોગવાદની વકરેલી સમસ્યા પર લગામ કરે છે. આમ, આ ત્રણ ગુણવ્રત ઈન્દ્રિયો પર સંયમ રાખવાનું શીખવે છે તેથી વર્તમાને તેનું ખૂબ મહત્ત્વ છે.

ચાર શિક્ષાવ્રત તે વ્રતોના શિખર સમાન છે. તેના વિષે જોઈએ તો.....

(૯) **સામાયિક વ્રત :-** આવતા કર્મોને રોકવા, સંવર તત્ત્વનું આરાધન તે સામાયિક વ્રત.

(૧૦) **દેશાવકાસિક વ્રત :-** સંસારનાં આરંભ-સમારંભથી અલિપ્ત જીવન.

(૧૧) **પૌષધોપવાસ વ્રત :-** સંસારની નિવૃત્તિ, ધર્મમાં પ્રવૃત્તિ, છકાયના જીવોને ૧ દિવસ અભયદાન તે.

(૧૨) **અતિથિ સંવિભાગ વ્રત :-** તપ, વિરતિ, દાન, શીલધર્મનું આરાધન અને શુદ્ધતાથી પ્રાપ્ત કરેલા ધનને વાપરવું. સાધુ-સંતોને નિર્દોષ ગોચરી વહોરાવવી.

દરેક સમયે, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં સમભાવ કેળવી, ઓછામાં ઓછી વસ્તુઓનાં ઉપયોગ દ્વારા જીવનને ચલાવવું, ખાવાનું જ જિંદગી નથી, ન ખાવું એ પણ જીવનને સુખી બનાવવાનો ઉપાય હોઈ શકે છે. જે લોકો ઓછામાં ઓછી જરૂરિયાતો દ્વારા માનવીને મુક્તિનો રાહ બતાવવા પોતાનું ઘર-બાર છોડી ધર્મમાર્ગની પ્રભાવના કરી રહ્યા છે તેમને સંયમધર્મ પાળવામાં સહાયક બનવું. વ્રત એટલે સંસ્કાર, સંસ્કારનું પાલન બહિર્મુખતા ઓછી કરે છે. અંતર્મુખતા વધારે છે. અણુવ્રતથી જૈન ધર્મમાં પાયાના પાંચ સિદ્ધાંતોનું પાલન થાય છે. ગુણવ્રતથી ભોગવટાની વ્યાપકતાને ઓછી કરી શકાય છે. શિક્ષાવ્રતથી ચંચળ મનને વશ કરી, સમભાવમાં રહેવાની, આરંભ-સમારંભથી નિવર્તવાની, જે મળ્યું છે તેને લોકોમાં વહેંચીને ખાવાની શીખ મળે છે.

ધર્મમાં વ્રતોનું પાલન મુક્તિ મેળવવા કરાય છે પણ તે પહેલા વ્રતોની સમજ મનુષ્યનાં મનને કેળવે છે, તેના વિચારોને પુષ્ટ કરે છે, વિવેકદૃષ્ટિને દૃઢ બનાવે છે. જે બની રહ્યું છે, જે બનવું જોઈએ તે વચ્ચેના અંતરને ઘટાડે છે. ખેતરને વાડ બાંધવામાં આવે, વાહનને બ્રેક લગાડવામાં આવે, ઘરને બારી-બારણા લગાવવામાં આવે તેવી જ રીતે જીવનની સુરક્ષારૂપી વાડ એટલે વ્રત. આમ, આ વ્રતો દ્વારા આપણે મોબાઈલ, મોલ અને મલ્ટીનેશનલ કંપનીઓની સંસ્કૃતિવાળી જે જિંદગી જીવી રહ્યા છીએ તેમાં ઘણો સુધારો લાવી શકીશું. સાંપ્રત સમયમાં એટલે જ તે મહત્ત્વનાં છે.

વળી જૈન ધર્મ દ્વારા તેના ચાર તીર્થ સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાઓને જે રીતે જીવન જીવવાની માર્ગદર્શકરેખા આપવામાં આવી છે તેનાથી અનેક પર્યાવરણીય સમસ્યાઓને હળવી બનાવી શકાય છે. કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ માનવીને જીવસૃષ્ટિનાં અસ્તિત્વને ખતમ કરવા ભણી લઈ જઈ રહ્યો છે ત્યારે જૈન ધર્મનાં સિદ્ધાંતો તેમાં માર્ગદર્શક બની શકે છે. જૈન ધર્મની ઘણી બધી ક્રિયાઓ તેમજ જે તપધર્મ બતાવ્યો છે તેમાં પણ ઘણી બધી સમસ્યાઓનું સમાધાન છે, રોગોનો ઉપચાર છે, માનસિક તાણને મટાડવાની થેરાપી છે. અનશન-ઉપવાસથી શરીરનું સ્વાસ્થ્ય જળવાય છે, શરીરમાં અંગઉપાંગને આરામ મળે છે, શરીરમાંનાં ઝેરી તત્ત્વો દૂર થાય છે. નિયમિત ઊણોદરીથી શરીરની સુસ્તી દૂર થઈ સુસ્તી અને તાજગી આવે છે. ઘી, તેલ, દૂધ, દહીં, માખણ, મીઠાઈ જેવા રસનાં પરિત્યાગ દ્વારા ચરબીમાં ઘટાડો, કોલેસ્ટ્રોલનું નિયમન, મોટાપો, હાઈપરટેન્શન અને હૃદયરોગ અટકાવી શકાય છે. સાકર-મીઠા વગરનાં ભોગથી ડાયાબીટીસ, આર્થરાઈટીસ, કીડની સંબંધિત તકલીફોથી બચી શકાય છે. કાયકલેશ એટલે શરીરને કષ્ટ આપવું. વંદના, ખમાસમણા વગેરે દ્વારા ચુસ્ત અને તંદુરસ્ત રહી શકાય છે. ધ્યાન દ્વારા સ્ટ્રેસ પર કાબૂ મેળવી શકાય

છે. આમ, તપ એ સાંપ્રત સમયમાં રોગમુક્તિનો અમોઘ ઉપાય છે.

જૈનદર્શનની એક આગવી અને માસ્ટરકી બની શકે તેવી અમૂલ્ય દેન છે - 'અનેકાંતવાદ'નો સિદ્ધાંત. આજે વાત-વાતમાં ઝઘડાઓ, મારા-મારી, કાપા-કાપી કરતાં દેશોને, સમાજના લોકોને આ સિદ્ધાંત દ્વારા સંવાદિતાનો માર્ગ મળી રહે છે. અનેક સમસ્યાઓનું સમાધાન અનેકાંતવાદનાં દૃષ્ટિકોણથી સુલભ બની જાય છે. દુનિયાને જૈન ધર્મનું આ આગવું અને અનોખું પ્રદાન છે. સંઘર્ષોની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે તીર્થંકરદેવનો અનેકાંતવાદ. ઉપરાંત બધા આગમોમાં દુનિયાનાં દરેક વિષયોને સમાવી લેવાયા છે, જેનાથી પણ ઘણી સમસ્યાઓનાં સમાધાન મળી શકે છે.

જૈન ધર્મનો કર્મનો સિદ્ધાંત એ ઘણા બધા માનસિક રોગોનાં નિર્મૂલનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી સાથે તે ખૂબ નિકટનો સંબંધ ધરાવે છે. 'કરેલા કર્મો માનવીએ ભોગવવા જ પડે છે.' એ વિધાનને પૂર્ણ શ્રદ્ધા સાથે સ્વીકારી લઈએ તો જીવનમાંથી મોટાભાગની ફરિયાદો નીકળી જશે. જે વસ્તુ બદલી શકવા સમર્થ નથી તેને પ્રેમથી સ્વીકારી લેવી. આ વાત જો બરાબર મગજમાં ફીટ થઈ જાય તો ઘણી સમસ્યાઓથી મુક્તિ મળી જાય. આમ, જૈનદર્શનની મોટાભાગની બાબતો એવી છે કે જે સાંપ્રત સમયમાં પણ આપણા જીવનમાંથી સંઘર્ષો - સમસ્યાઓ - રોગોને નિર્મૂળ કરી સુખ-શાંતિ-સમાધિ આપવા સક્ષમ છે. તેથી જ એમ કહી શકાય કે વર્તમાન સમયમાં જૈનદર્શનની મહત્તમ આવશ્યકતા છે.

ઉપસંહાર :- વર્તમાને માનવીની ભોગવૃત્તિએ માઝા મૂકી છે. સંસારમાં જે કાંઈ છે તે ભોગવવા મળે તો જ આત્માને સંતોષ થાય ! કાયાની માયાએ આતમરામનો પ્રવાસ વધારી દીધો છે. આજે માનવી યાંત્રિક જીવન જીવવા તરફ આગળ વધી રહ્યો છે. સંવેદનશીલતાને મહત્ત્વકાંક્ષાએ કુંઠિત કરી દીધી છે. 'મેળવો અને વેડફો' ની વૃત્તિએ સાધનને જ સાધ્ય બનાવી દીધું છે. સત્તા, સંપત્તિ અને ઉપયોગિતાનાં માપદંડથી માનવી દરેક સંબંધને માપે છે તેથી જ માનવીને બદલે 'મની' ખૂબ મહત્ત્વનાં બની ગયા છે. આત્મા જ માનવીને શાશ્વતા સુખનો સ્વામી બનાવે છે તેની માવજત કરવાને બદલે શરીરની સારસંભાળ લઈ રહ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે શરીર પરની આસકિત, મોહ, મૂર્છા ઘટશે તે દિવસે 'યોગવૃત્તિ'નો આરંભ થશે. યોગ આવશે એટલે ઉપયોગ પણ આવશે જ. 'ઉપયોગ' એટલે અહીં વાપરવું એવો અર્થ નહિ પરંતુ 'વિવેકપૂર્વક ભોગવટો' કરવો એવો અર્થ લઈ શકાય. જેની પાસે ઘણું છે તે સુખી નથી પરંતુ જે ઘણાં વિના ચલાવી શકે છે તે સુખી છે. જીવનયાપન માટે જે અનિવાર્ય છે તેનો જ ઉપયોગ કરવો, બાકી ઈચ્છાઓ તો આકાશ સમાન અનંતી છે, તેનો ક્યારેય પાર આવવાનો નથી. આ જ વાસ્તવિકતા છે અને તેને નજરમા રાખીને જ જૈનદર્શનમાં જીવન જીવવાની શૈલી આચારધર્મ અને અણગાર ધર્મની સ્થાપના કરવામાં આવી.

વર્તમાને એ વાસ્તવિકતાને ત્યજી દેવાતાં અનેક સમસ્યાઓ વિકટ બની છે. આજે માનવી પાસે ઘણું બધું છે છતાં તે સુખી નથી. તેની પાસે જે છે તેનો તેને સંતોષ નથી. માનવી સુખ મેળવવા અહીં-તહીં ભટકી રહ્યો છે. આવા સમયે જૈનદર્શન સમ્યક્‌દૃષ્ટિ દ્વારા સાચી સમજ કેળવે છે. વિવેકની આંખોથી જોતાં સાચા-ખોટાની પરખ થાય છે. જૈનદર્શનમાં જે સૂક્ષ્મ સમજણ છે તેનાથી પૌદ્‌ગલિક સામર્થ્યની સાંકળ તૂટે, વિભાવ છૂટે, સ્વભાવમાં પ્રવેશ થાય. આગળ દર્શાવેલા વ્રતો, નિયમો વગેરે મનુષ્યની પ્રકૃતિ બદલવામા કારણભૂત બને છે.

પ્રકૃતિ બદલાય ત્યારે જ પરિવર્તન આવે છે. સાચું-ખોટું સમજાય ત્યારે ખોટાને છોડવા મન સાબુત બને છે, તેનાથી અનેક સદ્‌ગુણોની ખીલવણી કરી દુર્ગુણોને દેશવટો આપવામાં સહાયભૂત બને છે. જૈનદર્શન એ મારા-તમારા જેવા સામાન્ય માણસો દ્વારા નહિ પરંતુ ભૂત-ભવિષ્ય-વર્તમાનને નજરે નિહાળનારા ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞો દ્વારા પ્રરૂપિત છે. તેથી જ તેમાં કોઈ ખામી નથી. વિજ્ઞાન અને અધ્યાત્મમાં એ જ તો તફાવત છે. અધ્યાત્મમાં અંતિમ સત્ય છે પણ સાબિતીઓ નથી, જ્યારે વિજ્ઞાનમાં સાબિતીઓ છે પણ અંતિમ સત્ય નથી.

(અનુસંધાન પાના નં. ૨૫ પ૨)

બાળ વિભાગ

સંકલન : મિતેશભાઈ એ. શાહ

(૧) નિરાશા અને આશા

સવારનો પહોર હતો. મહર્ષિ રમણ પોતાના આશ્રમમાં બેઠા બેઠા પત્રાવલીઓ તૈયાર કરી રહ્યા હતા અને સાથે સાથે મનમાં ધર્મનું ચિંતન પણ કરી રહ્યા હતા. એ સમયે એક અજાણ્યો યુવાન મહર્ષિની પાસે આવ્યો અને પ્રણામ કરીને એમની સામે વિનયપૂર્વક બેઠો.

મહર્ષિએ યુવાન તરફ નજર કરી તો જણાયું કે તે યુવાનના મુખ પર કોઈ નિરાશાનો ભાવ ઉપસી રહ્યો હતો.

મહર્ષિ તરત જ સમજી ગયા કે આ યુવાન કોઈ દુઃખમાં સપડાઈ ગયો લાગે છે. એ સિવાય તેના મુખ પર આવી નિરાશા વરતાય નહિ. એમણે યુવાનને પૂછ્યું, "ભાઈ, તને શું દુઃખ છે? આટલો બધો નિરાશ શા માટે?"

યુવાન બોલ્યો, "મહારાજ, હું એક ઑફિસમાં નોકરી કરતો નોકરિયાત છું. મારે મોટો વસ્તાર છે. પગાર ઘણો ઓછો છે. કુટુંબનો નિર્વાહ આટલા ઓછા પગારથી બરોબર ચાલતો નથી. આ સ્થિતિથી હું ખૂબ કંટાળી ગયો છું. આપઘાત કરી જિંદગીનો અંત લાવવાની ઈચ્છા રાતદિવસ મને થયા કરે છે."

તેના પ્રત્યેક શબ્દમાં તેની નિરાશા અને જિંદગી પ્રત્યેનો કંટાળો વ્યક્ત થઈ રહ્યાં હતાં!

મહર્ષિએ કહ્યું, "તને હું કંઈ કહું તે પહેલાં તું મારું એક કામ કર. મેં તૈયાર કરેલાં આ બધાં જ પતરાળાં તું પેલા ઉકરડા પર ફેંકી આવ."

આ સાંભળી યુવાને આશ્ચર્ય પામીને પૂછ્યું, "અરે, ખૂબ મહેનતથી આપે આ પત્રાવલીઓ તૈયાર કરી છે, એને આપ ફેંકી દેવાનું કહો છો? એ કંઈ એંઠીજૂઠી નથી. એ તો હજી ખાવા માટે ઉપયોગમાં આવે તેવી છે. આવી નવીનકોર પત્રાવલીઓ કાંઈ ઓછી ફેંકી દેવાય?"

મહર્ષિ બોલ્યા, "તો, ભાઈ! આવા મહામૂલા જીવનને ફેંકી દેવા તું કેમ તૈયાર થયો છે? જીવનથી જે કંટાળે છે તેને જીવનનું મૂલ્ય કદી સમજાતું નથી. નિરાશાને તું ખંખેરી નાખ અને આશા સાથે આ મહામૂલી જિંદગીમાં આગળ પ્રયાણ કર! નિરાશા એ જીવનનો અંધકાર છે અને આશા એ સાચી દશામાં જીવવા માટેનો એક પરમ પ્રકાશ છે.- આ વાત તારે સદા સ્મરણમાં રાખવી."

મહર્ષિના આ શબ્દોએ જાણે જાદુ કર્યો! નિરાશાને ખંખેરીને આશાભર્યો કદમ ભરતો તે યુવાન ત્યાંથી રજા લઈ પોતાને ઘેર પાછો ફર્યો.

(૨) માનવતાનો ખ્યાલ

એચ.જી. વેલ્સની નવલકથાઓ ઈંગ્લેન્ડમાંથી એટલી બધી લોકપ્રિય બની હતી કે, શાળામાં અભ્યાસ કરતા કોઈ નાના વિદ્યાર્થીને મોંએ પણ નવલકથાના આ લેખકનું નામ રમતું હોય!

વેલ્સે લંડનમાં એક સુંદર મકાન બનાવરાવ્યું. આ ત્રણ માળનું મકાન તમામ પ્રકારની સવલતો ધરાવતું હતું. એક દિવસ વેલ્સનો એક મિત્ર તેમના આ મકાન પર આવ્યો. આ મિત્ર આ નવા મકાનમાં પ્રથમવાર જ આવ્યો હોવાથી વેલ્સે પોતાનું આ નવું મકાન તેને બતાવવા માંડ્યું.

મકાનના બે મજલા જોવાઈ ગયા એટલે તેઓ ત્રીજે માળે ગયા. ત્યાં વેલ્સે એક ઓરડો બતાવી મિત્રને કહ્યું, "આ મારો શયનખંડ! હું અહીં રાતે નિરાંતે ઊંઘ

તાણું છું.''

મિત્ર આ સાંભળી જરા વિચારમાં પડ્યો. એ જોઈ વેલ્સે પૂછ્યું, ''શા વિચારમાં પડી ગયા?''

મિત્ર બોલ્યો, ''મને એક વાતની સમજ પડતી નથી. ''

''કઈ વાત?''

''મકાનના ભોંયતળિયે શાનદાર ઓરડાઓ છે, તો તેનો ઉપયોગ તમે શયનખંડ તરીકે કેમ કરતા નથી?''

''એ ઓરડાઓ તો કામવાળી અને રસોઈયો વાપરે છે! એ બંને જણ પૂરાં વીસ વર્ષથી મારી સેવા કરે છે!''

''એ હશે, પણ તમે શું નથી જોતા કે બીજા બધાને ત્યાં નોકરો માટે આવા વિશાળ ઓરડા નહિ, પણ નાની એવી ઓરડી જ હોય છે! નોકરો માટે વળી આવા વિશાળ ઓરડા હોતા હશે?''

વેલ્સે જવાબ આપ્યો, ''વર્ષો પહેલાં જ્યારે અમે નિર્ધન અવસ્થામાં જીવતાં હતાં ત્યારે અમારા કુટુંબના નિર્વાહ માટે મારી માતા અહીં લંડનમાં જ એક શેઠના બંગલે નોકરાણી તરીકે કામ કરતી હતી એ શેઠે મારી માતાને રહેવા માટે એક નાની ગંદી ઓરડી આપી હતી. તેમાં મારી માતા રહેતી ખરી, પણ એથી તેને ખૂબ દુઃખ થતું. આ બધું મને યાદ આવે છે અને તેથી મેં મારી નોકરાણીને મનમાં કોઈ દુઃખ ન થાય તે માટે શાનદાર વિશાળ ઓરડો આપ્યો છે. નોકર કે નોકરાણી તે આખરે તો મનુષ્ય જ છે ને! તેમને હલકા જાણીને નાની ગંદી ઓરડી જો હું ફાળવું તો મારી માનવતા ક્યાં રહી?''

(૩) સમયની કિંમત

સ્વામી દયાનંદ સરસ્વતી આર્યસમાજના સંસ્થાપક હતા. હિંદુ સંસ્કૃતિને તેમણે ખૂબ પ્રતિષ્ઠા અપાવી હતી. તેમના પ્રતાપે જ પંજાબના હિંદુઓએ આત્મરક્ષાની અનુપમ શક્તિ પ્રાપ્ત કરી હતી એમ કહીએ તો એમાં જરાયે અત્યુક્તિ ગણાશે નહિ.

તેમની વકતૃત્વકલા એવી તો અનન્ય હતી કે શ્રોતાજનોને તેમનું પ્રવચન અધૂરું મૂકીને ચાલ્યા જવાની કદીયે ઈચ્છા થાય નહિ. એકવાર એક સંસ્થા તરફથી પ્રવચન આપવાનું તેમને નિમંત્રણ મળ્યું.

સ્વામીજીએ નિમંત્રણનો સ્વીકાર કર્યો અને પ્રવચનનાં તારીખ અને સમય પોતાની એક ડાયરીમાં નોંધી લીધાં, કે જેથી પ્રવચન આપવા જવામાં પોતે વહેલામોડા થાય નહિ. આ વાતની જાણ એમની સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને પણ થઈ.

જે સમયે સ્વામીજીએ પ્રવચન આપવા જવાનું હતું તે સમય કર્મચારીઓના છૂટવાના સમય કરતાં એક કલાક વહેલો હતો. આથી કર્મચારીઓ એ દિવસે છૂટવાના નિયત સમય કરતાં એક કલાક વહેલા કાર્યાલયની બહાર નીકળવા લાગ્યા. આ જોઈ સ્વામીજીને ખૂબ આશ્ચર્ય થયું.

તેમણે સંસ્થાના મંત્રીને બોલાવ્યા અને પૂછ્યું, ''આ લોકો છૂટવાના નિયત સમય કરતાં વહેલા કેમ ઑફિસથી ચાલવા લાગ્યા છે? આનું કારણ શું છે?''

મંત્રીએ કહ્યું, ''આવું તો ઘણીવાર બને છે.''

તરત જ સ્વામીજીએ કર્મચારીઓને જતાં રોક્યા અને કહ્યું, ''કોઈ પણ કારણે તમારે સમયના પાલનનો ભંગ કરવો જોઈએ નહિ. સમયની કિંમત સમજો. આપણો દેશ પછાત રહ્યો હોય તો તેનું એક મહત્ત્વનું કારણ એ છે કે આપણા લોકો સમયની કિંમત સમજતા નથી. જે દેશમાં લોકો સમયની કિંમત સમજતા નથી એ દેશની ઉન્નતિ કદી થઈ શકતી નથી.''

કર્મચારીઓને પોતાની ભૂલ સમજાઈ.

એ દિવસથી તેઓ, કોઈ પણ કારણ કેમ ન હોય છતાં કાર્યાલયમાંથી છૂટવાના નિયત સમય કરતાં વહેલાં ઘેર જવાનું માંડી વાળવા લાગ્યા.

સમાજ-સંસ્થા દર્શન

સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

તારીખ	તિથિ	વાર	વિગત
૧૬-૦૯-૨૦૨૬ થી ૨૫-૦૯-૨૦૨૬	ભાદરવા સુદ-૫ થી ભાદરવા સુદ-૧૪	બુધવાર થી શુક્રવાર	શ્રી દશલક્ષણ પર્વ
૨૭-૧૦-૨૦૨૬	આસો વદ-૧	મંગળવાર	શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા શ્રી લઘુરાજ સ્વામીની જન્મતિથિ
૦૬-૧૧-૨૦૨૬ થી ૦૯-૧૧-૨૦૨૬	આસો વદ-૧૩ થી કારતક સુદ-૧	શુક્રવાર થી સોમવાર	દીપાવલી આરાધના શિબિર
૧૪-૧૧-૨૦૨૬	કારતક સુદ-૫	શનિવાર	શ્રી જ્ઞાનપંચમી
૨૪-૧૧-૨૦૨૬	કારતક સુદ-૧૫	મંગળવાર	પરમકૃપાળુદેવ જન્મજયંતી (દેવદિવાળી)
૦૧-૧૨-૨૦૨૬ થી ૦૩-૧૨-૨૦૨૬		મંગળવાર થી ગુરુવાર	પૂજ્યશ્રીની જન્મતિથિ નિમિત્તે શિબિર

બા.બ્ર.પૂજ્યશ્રી સુરેશજીની સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનની ધર્મયાત્રા સાનંદ સંપન્ન

બા.બ્ર.પૂજ્યશ્રી સુરેશજીની તા.૧૨ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ દરમિયાન સૌરાષ્ટ્રની ધર્મયાત્રા સાનંદ સંપન્ન થઈ. ૧૫ ઓગસ્ટે શ્રી મોદી સ્કૂલ, જામનગરમાં ધ્વજવંદન બા.બ્ર.પૂ.સુરેશજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. સુરેશજીએ રાષ્ટ્રભક્તિ વિષયક પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે નેવી (જલસેના)ના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. જામનગરમાં આદ. શ્રી પારસભાઈ મોદીના નિવાસસ્થાને પૂ. સુરેશજીનું રોકાણ હતું. ત્યાં સાંજે ગ્રુપમાં ભક્તિ-સત્સંગ થતાં હતાં. રવિવારે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ મુકામે પૂ. સુરેશજીનો સ્વાધ્યાય યોજાયો હતો. તત્ત્વસભર શૈલીમાં તેઓએ ભાવવાહી સ્વાધ્યાય આપ્યો હતો. રાજકોટમાં આદ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહના સુપુત્ર શ્રી નલીનભાઈના નિવાસસ્થાને પૂ. સુરેશજીનું રોકાણ હતું અને સાંજનો અલ્પાહાર શ્રી રશ્મિકાંતભાઈ મોદીના નિવાસસ્થાને હતો.

તા. ૨૨ ઓગસ્ટથી ૨૪ ઓગસ્ટ દરમિયાન પૂ. સુરેશજીની રાજસ્થાનની ધર્મયાત્રા સંપન્ન થઈ. સરોદા (રાજસ્થાન) મુકામે બિરાજમાન પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રગુપ્તજીના સંઘમાં સત્સંગ-સમાગમ યોજાયો હતો. સંઘમાં બિરાજમાન પૂજ્ય આર્યિકાશ્રી જિનરાજશ્રી માતાજી તથા પૂજ્ય આર્યિકાશ્રી શ્રુતરાજશ્રી માતાજી સાથે પણ ધર્મવાર્તા થઈ હતી. કોટડા મુકામે શ્રી ગોપાલભાઈના નિવાસસ્થાને પૂ. ભૈયાજીનું રોકાણ હતું.

સંસ્થામાં ઉત્સાહભેર વાતાવરણમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી સંપન્ન

સંસ્થામાં ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્યદિનની ઉજવણી દેશભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ. સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના બાળકોએ દેશભક્તિના નારા સહિત રેલી કાઢી હતી.

વિદ્યાર્થીઓના હાથમાં તિરંગા ઝંડા શોભી રહ્યા હતા. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રી, બા.બ્ર.પૂ. સુરેશજીના સાન્નિધ્યમાં ધ્વજવંદન કરવામાં આવ્યું. આ ધ્વજવંદનમાં સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સૌની રાષ્ટ્રભાવના પ્રશંસનીય હતી.

ભિલોડામાં ભવ્ય પંખીઘરનું લોકાર્પણ

તા.૧૫-૮-૨૦૨૬ ના રોજ ભિલોડા મુકામે શ્રીમદ્ જેશીંગ બાપાના આશીર્વાદથી નવા પંખીઘરના ઉદ્ઘાટન નિમિત્તે ભવ્ય સત્સંગ સમારોહ યોજાયો હતો. ભિલોડાના આ ભવ્ય પંખીઘરને શ્રી પ્રકાશભાઈ શાહ દ્વારા તેઓના પિતાશ્રી આદ. ડાહ્યાકાકા તથા માતૃશ્રી આદ. શાંતાકાકીની પાવન સ્મૃતિમાં અર્પણ કરવામાં આવ્યું. ભવ્ય સામૈયા સાથે સૌ પંખીઘર પહોંચ્યા અને સ્મૃતિફલકનો પડદો ઉઠાવી અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આદ. ડાહ્યાકાકાના સમગ્ર પરિવારજનો અને આસપાસના ગામોના ૪૦૦ જેટલા ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. પંખીઘરના ઉદ્ઘાટન દ્વારા લોકોમાં જીવદયા અને સેવાભાવની ભાવનાને મજબૂત કરવા બદલ સંસ્થા આયોજકોને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને 'શ્રુતનિધિ' એવોર્ડ અર્પણ કરાયો

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન - મુંબઈ અને અન્ય સંસ્થાઓ દ્વારા સંસ્થાઓના અગ્રણી શ્રેષ્ઠીવર્યો અને પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈના હસ્તે દાર્શનિક સાહિત્યકાર અને ચિંતક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને જૈન શ્રુત સર્જન અને સંપાદનની શ્રેષ્ઠ શાસનસેવાને ઉપક્રમે **'શ્રુતનિધિ ઍવોર્ડ'** અર્પણ કરવામાં આવેલ.

અચલગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભસાગરસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં આ અભિવાદન કરવામાં આવેલ.

શ્રી ગુણવંતભાઈએ 'બૃહદ્ જૈન ઇતિહાસ ગ્રંથમાળા' : ભાગ-૧ થી ૧૧, "જૈન વિશ્વકોશ" : ભાગ-૧ થી ૧૦, 'જ્ઞાનધારા' ભાગ - ૧ થી ૨૯ સહિત ૧૦૦ થી અધિક ગ્રંથો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં તેમનું સર્જન-સંપાદન કરેલ છે. તેઓ કેટલીક ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે. તેમની ગુજરાતી અને જૈન સાહિત્યની કૃતિઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઇન્સ્ટિટ્યૂટ અને એકેડેમીના ઍવોર્ડ મળ્યા છે. સમસ્ત કોબા પરિવાર શ્રી ગુણવંતભાઈને અનેકશઃ અભિનંદન પાઠવે છે.

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

ઓગસ્ટ -૨૦૨૬ દાતાશ્રીઓની યાદી

ક્રમ	નામ	સ્થળ	રકમ	દાન
૧	શ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ કારાણી	મુંબઈ	૧૧૦૦૦૦	ગુરુકુળ, જીવદયા
૨	શ્રી દક્ષેશભાઈ મચ્છર	અમદાવાદ	૧૮૦૦૦	ગુરુકુળ
૩	Mata Polymers P. Ltd. હસ્તે : શ્રી અશ્વિનભાઈ સંઘવી	મુંબઈ	૧૧૧૦૦૦	ગુરુકુળ, જીવદયા
૪	શ્રી પરાગભાઈ શાહ	USA	૩૨૬૫૮૬	ગુરુકુળ, અતિથિભવન, ત્યાગી ભોજનાલય
૫	શ્રી કાંતાબેન પ્રવીણભાઈ સંઘવી	અમદાવાદ	૧૮૦૦૦	ગુરુકુળ
૬	શ્રી મહેન્દ્રભાઈ એસ. મહેતા	પુના	૯૦૦૦૦	ગુરુકુળ
૭	ક્ષી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ	અમદાવાદ	૧૮૦૦૦	ગુરુકુળ

૮	શ્રી પ્રીતિબેન મનિષભાઈ શાહ	કોલકાત્તા	૧૦૦૦૦૦	અતિથિભવન
૯	શ્રી પ્રાચીબેન મનિષભાઈ શાહ	કોલકાત્તા	૧૦૦૦૦૦	અતિથિભવન
૧૦	શ્રી કીઆરાબેન મૌલિકભાઈ મહેતા શ્રી રુચિબેન એમ. મહેતા	દુબઈ	૧૮૦૦૦	ગુરુકુળ
૧૧	શ્રી રંજનબેન અશ્વિનભાઈ શાહ	USA	૫૦૦૦૦	સાધારણ
૧૨	શ્રી અમીબેન પ્રેમલભાઈ શાહ હસ્તે : શ્રી પ્રીતિબેન બદાણી	USA	૯૪૬૧૭૭	મેડિકલ
૧૩	શ્રી જ્યોત્સનાબેન એચ. જાજલ	અમદાવાદ	૧૧૦૦૦	ભોજનાલય
૧૪	શ્રી ડૉ. સોહિનીબેન મલ્હારભાઈ શાહ	અમદાવાદ	૨૧૦૦૦	દિવ્યધ્વનિ સહયોગ
૧૫	શ્રી વીતરાગ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી પારસભાઈ મોદી	જામનગર	૧૫૦૦૦૦	ગુરુકુળ

વૈરાગ્ય સમાચાર

[૧] અમદાવાદ : રુકિમણી (જયશ્રી) કનૈયાલાલ બાફનાનું સોમવાર ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ૮૪ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ હંમેશાં આત્મવિશ્વાસથી સભર અને ખૂબ જ હેતુપૂર્ણ જીવન જીવ્યા. તેમનો જન્મ ૯ માર્ચ,૧૯૪૨ રોજ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના આલકુટી ગામમાં થયો હતો. તેમના કાકાજીની દીર્ઘદૃષ્ટિ અને પ્રબળ પ્રોત્સાહનને કારણે તેઓ પૂણેમાં પોતાનો શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી શક્યા અને ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ નજીક દહાણુના રહેવાસી કનૈયાલાલ બાફના સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્ન બાદ તરત જ તેઓ અમેરિકા (USA) જવા રવાના થયા. તેમણે ઑફિસ એડમિનિસ્ટ્રેશનમાં પોતાની ડિગ્રી પણ સફળતાપૂર્વક મેળવી.

૧૯૬૭ માં તેઓ ભારત પરત ફર્યા અને અમદાવાદમાં સ્થાયી થયા, કારણકે તે તેમના વતન પૂણે અને દહાણુની નજીક હતું અને એક વિકસતું શહેર હતું.

પોતાના અનુભવોમાં દૃઢ માન્યતાઓ અને સ્પષ્ટ વિચારસરણીવાળા તેઓ ખૂબ જ સંવેદનશીલ હતા અને પરિણામે માનવસ્વભાવને પારખવાની તેમની ક્ષમતામાં અત્યંત આત્મવિશ્વાસ ધરાવતા હતા. તમામ પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓ પ્રત્યે તેમના મનમાં અપાર કરુણા હતી. તેઓ દરેક ભોજન વખતે તેમની થાળીમાંથી હંમેશાં તેમના માટે ખોરાક અલગ રાખતા અને પક્ષીઓ તથા વાંદરાઓ માટે વધારાની રોટલીઓ બને તેની ખાસ કાળજી રાખતા. ઘણી વખત જ્યારે પક્ષીઓ કે પતંગિયા ભૂલથી ઈમારતોમાં આવી જતાં, ત્યારે તેઓ પોતાના પૌત્ર-પૌત્રીઓને તેમને બચાવીને બહાર મુક્ત કરવા માટે પ્રેરિત કરતા. તેમની પ્રેમ વ્યક્ત કરવાની ભાષા પોતાના હાથે બનાવેલી રસોઈ હતી. કોને શું ભાવે છે તે તેઓ પોતાની સ્મૃતિમાં રાખતા.

છેલ્લા ૩૦ વર્ષોમાં તેમણે જૈન અધ્યાત્મમાં ઊંડો રસ કેળવ્યો હતો. તેમણે પોતાની આધ્યાત્મિક યાત્રાની શરૂઆત પૂજ્ય આત્માનંદજી સાથે કરી હતી અને તેઓ ઘણા વર્ષો સુધી કોબા ખાતે રહ્યા હતા. તેઓ ઘણા વર્ષોથી સાચા આધ્યાત્મિક ગુરુની શોધમાં હતા. એક દિવસ તેમણે ટાઉનહોલ (Town Hall) ખાતે પૂજ્ય આત્માનંદજીનું આધ્યાત્મિક પ્રવચન સાંભળ્યું અને તેમને સમજાઈ ગયું કે તેમની શોધનો અંત આવી ગયો છે. છેલ્લા ૧૦ વર્ષોમાં તેઓ પોતાના પરિવારને જૈન ધર્મની ઊંડાઈઓ સમજવા પ્રેરિત કરવામાં સફળ રહ્યા હતા. તેમણે માત્ર વિચારહીન ધાર્મિક વિધિઓ કરવાને બદલે માન્યતાઓની ઊંડી સમજણ મેળવી પોતાની જાતને બદલી નાખી હતી. તેઓ હંમેશાં દરેક નિર્ણય, દરેક વિચાર, દરેક સંબંધ, દરેક ઝઘડા કે દરેક પ્રતિકૂળ પરિસ્થિતિમાં સત્યની પ્રાસંગિકતા શોધવાનો આગ્રહ રાખતા.

પોતાના કુટુંબીજનોને આપેલો મજબૂત વારસો અને પ્રેરણાદાયી હાજરી તેમના રોજિંદા જીવનમાં હંમેશાં જીવંત રહેશે.

સ્વર્ગસ્થ આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા અને સદ્‌ગતિ અર્પે તેમજ આગામી બે-ચાર ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

[૨] લીંબડી : મૂળ લીંબડીના અને હાલ ન્યુજર્સી (અમેરિકા) રહેતા, વીણાબેન ખંધારના બનેવી **શ્રી રજતભાઈ હિંમતલાલ કામદાર**નો ૮૦ વર્ષની ઉંમરે શાંતિથી અરિહંત શરણપૂર્વક દેહવિલય થયો છે. સાત ભાઈબહેનોમાં છઠ્ઠા નંબરે રજતભાઈ હતા. વતન લીંબડીમાં સ્કુલ કરીને મુંબઈ B.Sc. કર્યું. ૧૯૭૬માં વીણાબેનના નાના બેન રીટાબેન સાથે લગ્નથી જોડાયા તે ૫૦ વર્ષ સંયોગ રહ્યો. ૧૯૭૭ માં બંને અમેરિકા આવ્યા. રજતભાઈ ૩૦ વર્ષ સુધી માર્કેટિંગ મેનેજર તરીકે રહીને નિવૃત્ત થયા. દસેક વર્ષથી પાર્કિન્સનની બીમારી આવતા પ્રવૃત્તિમાં મર્યાદા આવી.



રજતભાઈને ધર્મના સંસ્કાર હોવાથી ભક્તામર, ઉવસગ્ગહરં, મોટી શાંતિ, નવકાર મહામંત્ર વગેરેમાં રુચિ અને શ્રદ્ધા હતા. બીમારી દરમ્યાન રીટાબેન સાથે રોજ સામાયિક, ભાવપ્રતિક્રમણ, પ્રાર્થના, સ્તોત્ર વગેરે કરીને ધર્મમય વાતાવરણ અને આત્મભાવના કેળવતા. ભારત આવતા ત્યારે પાલીતાણા વગેરે તીર્થયાત્રા કરતા. કોબા આશ્રમમાં પણ આવતા. ત્યાં ગુરુકુળના એક વિદ્યાર્થીને આજીવન સ્પોન્સર કરેલ. ન્યુજર્સીના કાલ્ડવેલ દેરાસરના નવનિર્માણમાં ઘણું મોટું યોગદાન આપેલ.

રજતભાઈનો સ્વભાવ પરોપકારી, મળતાવડો અને આનંદી હતો. તેમના બંને સંતાનો, રોમીત અને રીના સંસ્કારી, પ્રેમાળ અને કર્તવ્યનિષ્ઠ છે. રીટાબેન ધર્મ સમજેલ હોવાથી સ્વસ્થ છે. ભગવાન કહે છે કે મૃત્યુને નિવારી ન શકવા છતાં તેને સુધારી તો શકાય છે. રીટાબેનના સહકારથી રજતભાઈએ તેમના મૃત્યુને શાંતિ, સ્વસ્થતા અને ધર્મમય વાતાવરણથી સુધાર્યું. સંતોષ અને ગૌરવ થાય તેવું ૮૦ વર્ષનું સુંદર જીવન જીવ્યા.

કોબા પરિવારની પ્રાર્થના છે કે રજતભાઈનો આત્મા શાતા, શાંતિ અને સદ્‌ગતિમાં હોય અને આત્મકલ્યાણના પંથે પ્રગતિ કરે.

[૩] રાજકોટ : આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં આદ. શ્રી પ્રફુલભાઈ લાખાણીના મોટાભાઈ **શ્રી પ્રવીણભાઈ લાખાણી**નું તા. ૨૮-૦૮-૨૦૨૬ ના રોજ ૮૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. નિઃસ્વાર્થ પ્રેમ એ તેઓના જીવનની આંખે ઊડીને વળગે તેવી વિશેષતા હતી. 'કરતે ચલો સબકા ભલા, જીવન જીનેકી યે હૈ કલા' આ પંક્તિને તેઓએ પોતાના જીવનમાં આત્મસાત્ કરી હતી. મૈત્રીભાવ અને પરોપકાર એ તેઓના વ્યક્તિત્વની વિશેષતા હતી. તેઓ નિઃસ્પૃહભાવે લોકોને ઉપયોગી થતા, દુઃખી અને સંતપ્ત જીવોને તેઓ સાંત્વના અને હૂંફ આપતા. તેઓ તેમના કુટુંબના આધારસ્થંભ હતા. વાત્સલ્યમૂર્તિ પિતા તરીકે તેઓએ પોતાના કુટુંબીજનોમાં નામના મેળવી હતી. પોતાની કૌટુંબિક જવાબદારી તેઓએ સારી રીતે નિભાવી હતી. તેઓ ગંભીર અને શાંત સ્વભાવના હતા. તેઓ જરૂર પૂરતું બોલતા. નિઃસ્વાર્થ આત્મીય પ્રેમ એ તેઓનો ધ્યાનાકર્ષક ગુણ હતો. તેઓ સદા પ્રસન્ન રહેતા. કોઈપણ બાબતે ફરિયાદ વગરનું તેઓનું જીવન ખરે જ સરાહનીય છે. તેઓએ પોતાની જીવનલતાને સુસંસ્કારોરૂપી જળ દ્વારા સદા નવપલ્લવિત રાખી હતી. તેઓ પ્રસંગોપાત સંસ્થામાં પધારતા અને સત્સંગનો લાભ લેતા. તેઓના સુપુત્ર શ્રી ઇલેશભાઈ, પુત્રવધૂ અમીબેન, પૌત્ર ચિંતનભાઈ વગેરેએ પ્રવીણભાઈની નિઃસ્વાર્થભાવે ખૂબ સેવા કરી હતી.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા અને સદ્ગતિ અર્પે તેમજ આગામી બે-ચાર ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

[૪] મુંબઈ :- આપણી સંસ્થામાં રહીને સાધના કરતાં બા.બ્ર.આદ. રીટાબેન મહેતાના મોટાભાઈ **શ્રી સુધીરભાઈ મનહરલાલ મહેતા**નું ૭૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ ઉદારદિલ, પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા. બીજાને ખવડાવવામાં અને ગરીબોને દાન આપવામાં તેઓને આનંદ આવતો હતો. તેઓનો સહિષ્ણુતાનો ગુણ ધ્યાનાકર્ષક હતો. તેઓ ધર્મપ્રેમી હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા અને સદ્ગતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

[૫] ઈસરવાડા (તા. ઈડર) :- આપણી સંસ્થાના કર્મયોગી કર્મચારીશ્રી ભૂપતસિંહ ડાભીના માતૃશ્રી તથા શ્રી ધવલભાઈના દાદીમા **શણગારબા ભુરસિંહ ડાભી**નું તા. ૦૮-૦૮-૨૦૨૬ ના રોજ ૧૦૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓએ જીવનભર સેવા અને પરોપકારના કાર્યો કર્યા હતા. નાનામાં નાના માણસની સેવા કરવામાં તેઓ પાછી પાની કરતા નહિ. તેઓ સ્વાશ્રયી હતા. તેઓ પ્રસંગોપાત સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓ મહિલામંડળમાં જોડાઈને ભજનકીર્તનાદિ કરતા. તેઓ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ, શાતા અને સદ્ગતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



જીવનપંથ : દિવાળી પુસ્તિકા

વિ. સં. ૨૦૮૩

(૧) **દિવાળી પ્રસંગે શુભેચ્છાકાર્ડ માટે અન્ય સુંદર વિકલ્પ**
સંસ્થા દ્વારા પ્રકાશિત થનારી નજીવી કિંમતની આકર્ષક, સંસ્કારપ્રેરક પુસ્તિકા - **'જીવનપંથ'**, જેની કિંમત છે માત્ર **૧૨** રૂા. (કવર સાથે)

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૧૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.

(૩) નામ-સરનામાના સ્ટીકર્સ મોકલવામાં આવશે, જે જાતે લગાવવાના રહેશે.

(૪) કવર તથા પુસ્તિકા પર લગાડવાના સ્ટીકર્સ (નંગ-૨) ની કિંમત દોઢ રૂપિયા રહેશે.

(૫) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ઓનલાઈન પેમેન્ટ દ્વારા મોકલવાની રહેશે. **બેંકનું નામ વગેરે વિગત આ અંકના પાના નં. ૩ પર આપવામાં આવી છે. જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૬) તા. ૨૦-૧૦-૨૦૨૬ સુધીમાં ઑર્ડરફોર્મ સ્વીકારવામાં આવશે.
પુસ્તિકાના ઓર્ડર માટેના મુખ્ય સંપર્કસૂત્ર :- (૧) શ્રી નીતાબેન (મેનેજરશ્રી) મો. ૯૭૨૩૩૫૦૩૬૯, (૨) શ્રી અલ્પેશભાઈ કોઠારી મો. ૯૯૧૩૬૮૪૫૧૫ (૩) ડૉ. શ્રી રાજેશભાઈ સોનેજી (ટ્રસ્ટીશ્રી) મો. ૯૮૨૪૦૪૭૬૨૧, (૪) શ્રી નીતિનભાઈ પારેખ, મુંબઈ (પ્રમુખશ્રી) મો. ૯૮૨૦૩૨૯૨૭૭, (૫) શ્રી શિલ્પીબેન મહેતા (વડોદરા) મો. ૯૪૨૭૩૭૧૮૪૪.

સંસ્થામાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી

સંસ્થામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડામાં પંખીઘરનું ઉદ્‌ઘાટન

શ્રી ગુણવંત બરવાળિયાને 'શ્રુતનિધિ એવોર્ડ' અર્પણ

તપોવનના વિદ્યાર્થીઓ - સંસ્થાની મુલાકાતે

Registered under RNI No. : GUJGUJ/2008/25883

Permitted to post at Ahmedabad Unaccountable L1 on 15th of every month under Postal Regd. No. : G-GNR-356
issued by DY.SPO Gandhinagar Valid upto 31-12-2026 - Publication Date 15th of every month

નિઃશુલ્ક છાશવિતરણમાં સહયોગી કાર્યકર્તાઓનું સંસ્થા દ્વારા અભિવાદન

આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૨૬ ના અંક માટે નીચેના પ્રત્યેક દાનવીર મહાનુભાવોનો
રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ સાંપડ્યો છે. સંસ્થા તેઓશ્રીઓના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૧ ડૉ. સોહિનીબેન મલ્હારભાઈ શાહ
(ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગ નિમિત્તે), અમદાવાદ

૨ શ્રી ભારતીબેન પ્રવીણભાઈ મહેતા પરિવાર, USA

૩ શ્રી હાર્દિકાબેન પ્રવીણભાઈ શાહ પરિવાર, USA

Printed & Published by Shri Rajesh Mukundbhai Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra - Koba - 382 426. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,